
પ્રકાશ પથરાયો પંથમાં
લેખક :
ગચ્છાધિપતિ પ.પૂ.આચાર્યદેવ
શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.

પ્રકાશક : ૨૦૬૨ • પ્રતિ : ૧૦૦૦

કિંમત : રૂા. ૩૦.૦૦

**❊ સુકૃત અનુરાગી યથા લાભના ભાગી ❊**

સ્વર્ગીય તારાબેન જગજીવનદાસ
ઝવેરી પરિવાર (સેલમ)

**❊ પ્રાપ્તિ સ્થળ ❊**

દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૬, કલિકુંડ સોસાયટી, મફલીપુર,
ચાર રસ્તા, ધોળકા.

અરવિંદભાઇ જે. શાહ
૮૯, શેખમેમણ સ્ટ્રીટ, ૨જે માળે,
મુંબઇ. (M.S.)



# પ્રકાશના વધામણા

માર્ગ સાફ સુથરો હોય, મંઝિલ નજીક હોય, અબજો રૂ. નો માલ ધરાવતો ખજાનો આપણને આમંત્રણ આપતો ત્યાં પડ્યો હોય, પગમાં બળ હોય, હૈયામાં હામ હોય, દૃષ્ટિ ચકોર હોય છતાં પણ માનવી પગલું પણ ન માંડે એવું બને ખરું ?

કારકીર્દિનું અતિ મહત્વનું વર્ષ હોય, વર્ષભર ખુબ મહેનત કરી હોય, તેજસ્વી તારલાઓમાં નંબર ગણાતો હોય, ખુબ ભણી ખુબ આગળ વધવાની મહત્વાકાંક્ષા હોય, પરિક્ષા એકદમ નજીક હોય છતાં વિદ્યાર્થી ભણવા ન બેસે તેવું બને ખરું ?

સફાઇદાર કપડા પહેરીને સફાઇની આગ્રહી વ્યક્તિ ઉકરડાની બાજુમાં જ બેસી જાય એવું બને ખરું ?

તમામ પ્રશ્નોમાં એક જવાબ મળે પ્રકાશના અભાવે ગાઢ અંધકારના સામ્રાજ્યમાં ઉપરોક્ત બધું ઘટી શકે. માનવીની સુઝ, શક્તિ અને સત્વને બુઝાવી દે તેનું નામ અંધકાર...તે જ રીતે મોક્ષમાર્ગમાં અગ્રેસર બની રહેલા ભાવપથિકોને પણ ઘણીવાર ક્યાંક અટકી જવું કે અટવાઇ જવું પડતું હોય છે. મોહનો અંધકાર આત્માની સુઝ, શક્તિ અને સત્વને ઢાંકી કઇ એવા દુર્વર્તન, દુર્વચન અને દુર્વલણ તરફ ખેંચી જાય છે કે ઘોર કષ્ટોને સહન કરીને કે ઉગ્ર સાધનાઓ કરીને એકઠી કરેલી પુણ્ય અને ગુણની મુડીને ખલાસ કરી નાખે છે અને જીવને દુર્ગતિનો અતિથિ બનાવી દે છે. ઉપમિતિ, ભવભાવના, વૈરાગ્ય કલ્પલતા આદિ ગ્રંથોમાં આનું રોમહર્ષક વર્ણન કરેલું છે.

કરોળિયો તો સેંકડો પ્રયત્નો પછી ય પોતાનું જાળુ નિર્માણ કરી સ્થિર થઇ શકે, સેંકડો પ્રયત્નો પછી બાળક પણ પગભર થઇ શકે જ્યારે આપણે સહુ અનંતાનંત પ્રયત્નો પછી પણ નથી તો સાધનામાં પગભર થઇ શક્યા કે નથી તો મુક્તિપુરીમાં જઇ સ્થિર બની શક્યા. ભૂતકાળમાં અનંતવાર કરેલી સાધના પણ કોઇને કોઇ કારણસર નિષ્ફળ ગઇ છે અથવા મલિન બનીને સંસાર પરિભ્રમણનું કારણ બની રહી છે. આ અનંતકાલીન નિષ્ફળતાના કારણોનું વિશ્લેષણ અને સાધના પથની સફળતાની ભૂમિકાનું નિરૂપણ

અદ્‌ભુત રીતે સિદ્ધાંત દિવાકર પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મ.સા. કરી રહ્યા છે.

'પ્રકાશ પથરાયો પંથમાં' સાર્થક નામ ધરાવતા પુસ્તકનાં કેટલાક તેજ કિરણો-

- શાસનની વ્યક્તિ તરીકે ચતુર્વિધ સંઘ ઉપરાંત શાસન પ્રત્યે આદર-બહુમાનભાવ ધરાવનારા જૈનેતરોનો પણ સમાવેશ થાય.
- ધર્મની વ્યક્તિ-સ્થાન કે ઉપકરણો જો યાદ આવે તો પણ પુણ્ય બંધાય. એનાથી વિપરીત દુનિયાની ચીજો-વ્યક્તિઓને યાદ કરવાથી તો માત્ર કર્મ જ બંધાય.
- બીજાના સુખ-સમૃદ્ધિ-આરોગ્ય-માનપાન-ઐશ્વર્ય વગેરેમાં ઇર્ષ્યા એ અવિવેકનું ફરજંદ છે અને એનાથી જીવ પોતાના માટે નવા અંતરાય કર્મ બાંધે છે.
- આચારરૂપ અને સંસ્કારરૂપ ધર્મ પરંપરાએ મોક્ષનું કારણ બને છે.
- જિનદેશિત ક્રિયાઓને ફળવતી બનાવવા અને આત્મકલ્યાણ સાધવા સાધનામાં આદર, આનંદ, શ્રદ્ધા અને પ્રવૃત્તિ જોઇએ.
- આપણી પાસે મહત્ત્વની બે વસ્તુ છે. ૧) આપણો શાશ્વત આત્મા અને ૨) આપણી સદ્‌બુદ્ધિ.

આવા કોડિબંધ વિચારરત્નો આ અનુપ્રેક્ષા ગ્રંથના પાને પાને પથરાયેલા છે. શાસ્ત્રોનું સતત દોહન, ગુરૂવર્યોની કૃપાદૃષ્ટિ, પુર્વની સાધનાનું પીઠબળ આદિના કારણે જેઓ વર્તમાન જૈન વિશ્વમાં સંઘમાન્ય અને સર્વમાન્ય બન્યા છે એવા પૂજ્યશ્રીનું સાન્નિધ્ય આપણને મળ્યું છે એ આપણું અનંત પુણ્ય છે. સમાધિમરણ પયન્નાકાર જણાવે છે-

किं इत्तो लह्रयरं अच्छेरयं व सुंदरतरं वा ?
चंदमिव सव्वलोगा बहुस्सुयमुहं पलोयंति ॥

ચંદ્રની જેમ બહુશ્રુતના મુખને સર્વ લોકો જુએ, તેનાથી ઉત્તમતર, સુંદરતર કે આશ્ચર્યકારક બીજું શું ? બહુશ્રુતનું સાન્નિધ્ય મળવું એજ મોટું આશ્ચર્ય છે. આ દૃષ્ટિએ આપણે સહુ પરમસદ્‌ભાગી છીએ.

પૂજ્યશ્રી પાસે અવારનવાર ઉઘરાણી કરતા રહી, પૂજ્યશ્રીની શુદ્ધતમ અને સૂક્ષ્મતમ પ્રજ્ઞામાંથી નીપજેલા શાસ્ત્રવચનતુલ્ય પદાર્થોને પૃથગ્જનોચિત ભાષામાં ઢાળી દઇ આપણા સુધી પહોંચાડવાનું કલ્યાણમિત્રતુલ્ય સંપાદનકાર્ય કરનાર પ.પૂ. મુનિરત્નશ્રી સત્યકાંતવિજયજી મ.સા. ના ઉપકારનું સ્મરણ કરી વારંવાર આવો શ્રુતનિધિ આપણને પ્રાપ્ત થયા કરે એવી આશામાં વિરમું છું.

મહા સુદ ૯. શંખેશ્વર — સૂરિ હેમશિષ્ય સંયમબોધિવિજય...

# જૈન શાસનને પામવાના તથા ટકાવવાના પાંચ ઉપાયો

પરમાત્માનું શાસન આત્મામાં પાંચના આધારે રહે-ટકે અને વૃદ્ધિ પામે છે. (૧) ભક્તિ (૨) બહુમાન (૩) ગુણગાન (૪) અવર્ણવાદ- ત્યાગ અને (૫) આશાતના ત્યાગ. આ પાંચમાંથી એકાદમાં પણ ખામી હોય તો હૃદયમાં શાસન આવે નહિ...કદાચ આવી પણ જાય તો દૂર થતાં વાર ન લાગે. આ પાંચેય શાસનના પ્રત્યેક અંગ પ્રત્યે હોવા જરૂરી છે...શાસનના અંગ તરીકે અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ-સાધ્વી-શ્રાવક- શ્રાવિકા તેમજ દેરાસર-ઉપાશ્રય અને ધર્મના ઉપકરણો વિગેરેનો સમાવેશ થાય છે. એજ રીતે શાસનની વ્યક્તિ તરીકે ચતુર્વિધ સંઘ ઉપરાંત શાસન પ્રત્યે આદર-બહુમાન-ભાવ ધરાવનારા જૈનેતરોનો પણ સમાવેશ થાય-પછી ભલે એ વૈષ્ણવાદિ કે સ્થાનકવાસી વગેરે હોય. આ બધા પ્રત્યે આદર, બહુમાનભાવ, ઔચિત્યાદિ સાચવવું.

ઔચિત્ય એ કે, પ્રવચનમાં આગળ નવા-નવા શ્રોતાઓ બેસે અને જાણીતા અનુભવીઓ પાછળ બેસે. તેઓ નવા આવેલાને આગળ કરે તેથી નવા આવનારને સમયસર આવવાની ભાવના થાય. એજ રીતે, બહારગામથી સંઘના પ્રમુખ-ટ્રસ્ટીઓ આવ્યા હોય તો તેઓને આગળ કરવા. સંઘના પ્રમુખ ન હોય એવી પણ વિશિષ્ટ વ્યક્તિઓને આગળ કરવા. આમાં ઔચિત્યની સાથે ભક્તિ-બહુમાન-અહોભાવ છે.

પરમાત્માના સમવસરણમાં પણ વિશેષ વ્યક્તિના સ્થાન આગળ

જ હોય. એ વ્યક્તિ કદાચ ગેરહાજર હોય તો નિશ્ચિંત એ જગ્યા ખાલી રહે અને જો મોડા પડે તો પણ નિશ્ચિંત સ્થાને આવી બેસે. આ વાત જેમ સમવસરણમાં છે તેમ આપણા વ્યાખ્યાનોમાં પણ કદાચ કોક મોટા મોડા આવે તો એમને આગળ કરવા...વ્યાખ્યાનમાં વિક્ષેપ ન પડે આદિ કારણોસર જો તેઓ જાતે પાછળ બેસી જાય તો તેમાં તેમની મોટાઇ છે. પણ બીજા લોકો જાણવા છતાં જો તેમને આગળ ન કરે તો આશાતના લાગે છે, એ અવિવેક છે, અવિવેકી આત્માઓ વ્યાખ્યાન શ્રવણ માટે પણ અયોગ્ય છે. અજાણતા ખ્યાલ ન રહે તો ક્ષમ્ય છે. એજ રીતે, વીસ વરસનો દીકરો પૂજા કરવામાં લાઇનની આગલી હરોળમાં હોય તો પોતાના દાદાને પહેલા પૂજા કરવાનો લાભ આપે. આ રીતે દરેક વ્યવહારમાં વડીલ-મોટાઓનો આદર-બહુમાન-ઔચિત્ય જાળવવું.

**પ્રશ્ન : શું ધર્મમાં પણ ભેદભાવ હોય ?**

ઉત્તર : ધર્મના ભેદ અસંખ્ય છે. એટલે ધર્મમાં ભેદ પડે એ વાત સો ટકાની છે. વ્યવહારિક બાબત શું ? કે ધાર્મિક બાબત શું ? ક્યાંય સમાનતા નથી, રાખી શકાતી નથી. સાધુ અને શ્રાવક સમાન કહેવાય ? ન જ કહેવાય. સાધુ ઊંચા છે ને શ્રાવક એમનાથી નીચા છે. શ્રી સંઘમાં ટીપ લખાતી હોય. પ્રથમ ૫-૧૦-૧૫ હજારના નામો આવ્યા પછી વચ્ચે ૫૧ હજારનું નામ આવે તો એમનું નામ સહુથી પ્રથમ આવે કે ક્રમસર જ આવે ?

કર્મોમાં પણ ક્યાંય સમાનતા નથી. પ્રભુ ઋષભદેવના ૮૪ ગણધરો હતા અને ૮૪ હજાર સાધુઓ હતા. જ્યારે પ્રભુ વીરના ૧૧ ગણધરો હતા અને ૧૪ હજાર સાધુઓ હતા. માટે, ધર્મમાં બધા

સમાન છે. નાના-મોટાનો ભેદ ન હોય, એવું ન બોલાય. દુનિયામાં પણ જેમ નાના-મોટાનો બહુમાન ભર્યો વ્યવહાર છે તેમ ધર્મમાં પણ છે.

ઉપર ૫ મુદ્દામાં જે પ્રથમ ભક્તિ મૂકી છે એ ભક્તિના ૩ પ્રકારો પડે છે (૧) વિનય (૨) સેવા (૩) ભક્તિ. એટલે કે (વિશિષ્ટસેવા) આપણામાં પાયા રૂપે આ ત્રણ હોવા જોઇએ.

(૧) **વિનય** એટલે નમ્રતા-સમર્પણભાવ ભર્યો વ્યવહાર. બાપ ઘરમાં આવે એટલે દીકરો ઊભો થઇ જાય એ વિનય છે. દસ મહેમાનોની વચ્ચે દીકરાનો આ વિનયભાવ મહેમાનોના હૃદયમાં અદ્ભુત છાપ પાડે. વિનયમાં આદર-અહોભાવ-બહુમાનભાવ સહેજે આવે.

(૨) **સેવા** એટલે સૂચવેલું કાર્ય-જરૂરી કાર્ય ઉત્સાહપૂર્વક કરવું. પિતાજીને ઉતાવળ હોવાથી પુત્રને પૂછે કે 'રસોઇ થઇ ?' અને પુત્ર તરત એ જોઇ આવે તો એ સેવા કહેવાય. પણ જો પુત્ર જવાબ વાળે કે 'શું ઉતાવળ છે ? હજુ તો સાડા દસ જ થયા છે. આટલામાં રસોઇ ક્યાંથી થઇ હોય ?' આ જવાબ પુત્રની અયોગ્યતા દર્શાવે છે. જે ઉચિત નથી.

(૩) **ભક્તિ=**વિશિષ્ટ સેવા. સૂચવ્યા વિનાનું પણ કાર્ય ઉલ્લાસ-ઉત્સાહથી કરે તે ભક્તિ છે. બીજા શબ્દોમાં કહીએ તો બાહ્ય સાનુકૂળ વ્યવહારને ભક્તિ કહેવાય છે. આ ભક્તિ શાસનના પ્રત્યેક અંગ પ્રત્યે થવી જોઇએ. પ્રત્યેક કાર્યમાં થવી જોઇએ. પિતાજી સ્નાન કરીને આવ્યા. એમના કોઇપણ પ્રકારનું સૂચન વિના એમના હાથમાં પૂજાના કપડા આપવા એ પણ ભક્તિ છે. પિતાજી જાતે

પૂજાની જોડ લેવા સમર્થ નથી એમ ? એ તો તેઓ જાતે લેવાના જ હતા પરન્તુ સામેથી આપીએ એમાં ભક્તિ છે. યોગ્ય અવસરે જરૂરીયાત ખ્યાલમાં આવતા સહાયક થવું એ ભક્તિ છે. સંઘ પૂજનમાં પગ ધોઇને તિલક કરવાના પ્રસંગો જોવા મળે, પણ પુત્રે પિતાના પગ ધોઇને બહુમાન કર્યાનું સાંભળ્યું ? એ કરવામાં પણ ભક્તિ છે. વસ્તુઓ બધી યોગ્ય સ્થાને વડીલ વગેરેની ગોઠવી દેવી. કહેવા પહેલા બધી જરૂરીયાત પૂર્ણ કરવી એ ભક્તિ છે.

**લાગણી પુર્વકની ભક્તિ આપણા હૃદયમાં ગૌરવ-બહુમાન-ભાવની વૃદ્ધિ કરે છે. ભક્તિ એ અહોભાવની વૃદ્ધિકારક છે.**

પહેલાના કાળમાં ઉપાશ્રયે ધોતીયા-કટાસણા ચરવલાદિ પૌષધના ઉપકરણો જોવા મળતા (રહેતા હતા). દેરાસરમાં પૂજાની જોડી રખાતી હતી. આજે શું સ્થિતિ છે ? એ કટાસણા-ધોતીયા વગેરે નિત્ય ધોવાતા નથી. વાસ મારે માટે એ રાખવાનું લગભગ બંધ થઇ ગયું. આ બધામાં ભક્તિનો અભાવ એ જ કારણ છે એવું નથી લાગતું ?

સંઘમાં અચાનક કોક ચાર વાગે રસોડે આવી જાય તો 'સમય પતી ગયો' વગેરે જવાબ આપનાર, તોછડાઇ ભર્યો વ્યવહાર કરનાર એવા માણસો ન રખાય. છતાંય આવા માણસો રખાય છે એ ભક્તિમાં કચાશ સૂચવે છે કે બીજું કાંઇ ? માણસો એવા ઉત્તમ-દિલાવર રાખવા કે જે ચાર વાગે આવનારને પ્રેમભર્યો આવકાર આપે. રસોઇ તૈયાર ન હોય તો જે કાંઇ પણ નાસ્તો વગેરે તૈયાર હોય એનાથી ભક્તિ કરે અને પછી કહે કે ''અનુકૂળતા હોય તો એકાદ કલાકમાં રસોઇ થાય છે, લાભ આપશો.'' આપણા ઘરે અચાનક મહેમાનાદિ

આવે તો આવો જ વર્તાવ થાય કે આગતા સ્વાગતા કરો ? તમે મહેમાનોને લાગણીપૂર્વક ભાવથી જમાડો તો ક્યારેક આવવામાં સંકોચ ન રાખે. પણ જો તોછડાઇ ભર્યો વ્યવહાર હોય તો પુન: ક્યારેય તમારે ત્યાં ન આવે. શ્રી સંઘમાં પધારનાર પ્રત્યેક વ્યક્તિ એ મહેમાન છે એની સાથે તોછડાઇ ભર્યો વ્યવહાર શી રીતે કરી શકાય ? તોછડાઇ ભરી સેવા ક્યાંક મજબૂરીથી લેવી પડતી હોય છે. જેમકે, પિતા લકવા ગ્રસ્ત છે તો દીકરાની બધી જાતની તોછડાઇ નભાવી લેવી પડતી હોય છે. પણ જો પિતા સશક્ત હોય, મજબૂત હોય તો એવા દીકરાને ઘરમાંથી કાઢી મૂકે.

આ વિનય-સેવા અને ભક્તિ ક્રમસર છે. પ્રથમ વિનય આવે એટલે સેવા આવીને ઊભી જ રહે. તે પછી ભક્તિ આવે. ગાયની પાછળ વાછરડાની જેમ. જૈનેતરોને પણ આદરપૂર્વક પ્રભાવના અપાય. એની સાથે ધર્માત્મા તરીકેનો વ્યવહાર કરવો એ વિનય છે. ધર્મસ્થાનો પ્રત્યે પણ વિનય કરવાનો છે. ઉપાશ્રયમાં માણસ હાજર ન હોય તો જાતે કાજો કાઢવો. જાજમ પાથરવી વગેરે કોણ કરે ? જે વિનયવાન હોય તે જ. શ્રી સંઘ પ્રત્યે આદરવાળો હોય તે જ.

પૂર્વે દેરાસર-ઉપાશ્રયોમાં ધજા પતાકા કાયમ બંધાયેલી રહેતી. સુંદર રેશમી ત્રિરંગી કપડાથી સુશોભિત હતી. આજે પ્લાસ્ટિકની લીલી-પીળી ત્રિકોણ પતાકાઓ આવી. જાણેકે સાક્ષાત્ મુસલમાનની પતાકા જોઇ લ્યો. આમાં વિનયની ખામી છે. લીલી-પીળી ત્રિકોણ પતાકાઓ ન શોભે.

દેરાસર-ઉપાશ્રયો આજે લાખો-કરોડોના ખર્ચે તૈયાર થાય છે પણ એના રસ્તા વ્યવસ્થિત ઢાળવાળા કરવામાં પચાસ હજાર ન ખર્ચી

શકાય ? શાસ્ત્રમાં વાત આવે છે કે દેરાસર ઉપાશ્રયોનો કાજો લેનારના બધાજ પ્રકારના અન્તરાયો દૂર થાય છે. જાતિસ્મરણ પણ થઇ શકે છે.

યાદ રહે **વિનય-સેવા-ભક્તિ વિના ઉત્તમ પુણ્ય-નિર્મળ ધર્મ કે એની યોગ્યતા પ્રાપ્ત થતી નથી.**

ભક્તિ હંમેશા બહુમાન ભાવથી જ થતી હોય છે. એટલે શાસન અને એના પ્રત્યેક અંગો પ્રત્યે અવિહડ બહુમાન ભાવ રાખવો જોઇએ. દુનિયામાં શાસન અને તેના ધર્મસ્થાનો કે શાસનની વ્યક્તિની હરોળમાં આવે એવું કોઇ ક્યાંય જોવા મળે ખરૂં ? તો એમના પ્રતિ આપણો બહુમાન ભાવ કેવો હોવો જોઇએ ? **ધર્મની વ્યક્તિ-સ્થાન કે ઉપકરણો જો યાદ આવે તો પણ પુણ્ય બંધાય. એનાથી વિપરીત દુનિયાની ચીજો-વ્યક્તિઓને યાદ કરવાથી તો માત્ર કર્મ જ બંધાય.**

આજે મોટે ભાગે સંસારરસિકતા જ જોવા મળે છે. એમાં તો નકરા પાપ જ બંધાય છે. એને તોડવા માટે શાસનના અંગો પ્રત્યે બહુમાનભાવ કેળવવાનો છે. **જેમ પરમાત્માને પગે લગાય, ગુરુને પગે લગાય તેમ ઉપકરણોને પણ પગે લગાય, હાથ જોડાય, નમસ્કાર કરાય,** જેમ દેરાસર-ઉપાશ્રયના પગથિયાને પગે લગાય છે તેમ શ્રાવકો પણ પરસ્પર એકબીજાને પ્રણામ કરે. આ બહુમાન ભાવ છે. સ્કૂલના માસ્તર, માતા-પિતા, વડિલજનો વિગેરે રસ્તામાં મળે તો પણ પ્રણામ કરવા જોઇએ. એ વ્યવહાર બહુમાન છે.

આઠ વર્ષના નૂતન સાધુને પણ એંશી વર્ષના શ્રાવક વંદન કરે, કારણ ? આજ કે ધર્મ અને ધર્મી એ બહુમાન-અહોભાવને

યોગ્ય છે. **એ બહુમાનભાવ તો આપણે જાતે આપણા આત્મામાં ઊભા કરવાના છે, કારણકે એ કાંઇ વેચાતા મળતા નથી કે વેચી શકાતા નથી.**

સંઘ-જમણમાં ચીજો વધે તો વેચાતી ન અપાય. યોગ્ય શ્રાવકોને ભેટ તરીકે અપાય. શ્રી સંઘમાં પૈસાની ક્યાં ખામી છે ? વધેલી ચીજો શેષ તરીકે સંઘના સભ્યોને અપાય. નબળા સાધર્મિકને અથવા અનુકંપામાં, અનાથ આશ્રમો વગેરેમાં આપી શકાય. રસોડા વગેરેનું કાર્ય સંભાળનાર કંજૂસ હોય તો બધે જ કરકસર કરે. લાભ લેનારા તો સવાયો ખર્ચ કરવા તૈયાર હોય પણ કાર્ય સંભાળનાર કંજૂસ હોય એટલે શું થાય ?

સંઘ જમણ વગેરેમાં ઘીના ડબ્બાઓની જરૂર પડે. બજારમાં ૧૨૦૦ રૂપયે અને ૧૦૦૦ રૂપયે મળતું હોય ત્યારે ૧૦૦૦ રૂપિયાવાળું ઘી શું કામ લેવું ? વિશ્વાસુ દુકાનદારને જ પૂછીને ખાત્રી કરીને સારી ક્વોલીટીનું ૧૨૦૦ રૂપિયાવાળું લેવાય. શા માટે બસ્સો બચાવવા ? શ્રી સંઘની ભક્તિ શ્રેષ્ઠ-ઉત્તમ દ્રવ્યોથી જ કરવી જોઇએ. લગ્નાદિ પ્રસંગોમાં આગ્રહ કરી-કરીને જમાડો છો તો પછી શ્રી સંઘના જમણમાં ત્રણ લાડવા ખાઇ શકનારને માત્ર ૧-૨ મૂકો એ ન ચાલે. એમાં અન્તરાયનું પાપ લાગે, સામાને આગ્રહ કરીને વપરાવવું. હા, એટલો વિવેક રાખવો કે ગજા બહારનું એમની થાળીમાં ન મૂકવું, દોષરૂપ છે.

શ્રી સંઘના ઉપરીઓ જે વ્યવસ્થા ગોઠવે એને અમાન્ય કરનારા-વખોડનારા કાર્યકર્તાઓ શ્રી સંઘના કાર્યો કરવા માટે અયોગ્ય છે.

**પ્રશ્ન :** શ્રી સંઘના દરેક સભ્ય સરખા હોય ? બધાયને સમાન હક્ક મળવો જોઇએ ને ?

ઉત્તર : પહેલા કહી ગયા તેમ નાના મોટાનો વ્યવહાર હોય તો જ જ્ઞાતિ-પંચ કે શાસન વગેરેનો વ્યવહાર ચાલી શકે. બધાને સમાન હક્ક મળવો જોઇએ એ માંગણી જ ખોટી છે.

ઇતરોમાં જેમ કહેવાય છે કે પૂજારી મરીને નરકે જાય. તેમ શાસનમાં પણ સંઘના કાર્યમાં આળસ-પ્રમાદ-ઉપેક્ષા કરે, નિષ્ઠાથી કામ ન બજાવે તો એ ચાલી શકે નહિ. એની એ વૃત્તિ-પ્રવૃત્તિ દુર્ગતિમાં લઇ જનાર બને છે.

જિનાલયમાં સારામાં સારો ધૂપ વપરાય કે જેનો ધૂમાડો પણ ગૂંગળામણ કરાવે તેવો ચાલુ ધૂપ વપરાય ? પૈસા આપનારા શ્રી સંઘમાં ઓછા નથી. આપનારા સારી રીતે ઉત્સાહથી આપે છે. તો પછી આવા હલકા ધૂપ શા માટે વાપરવા ? તમારા ઘરમાં કે વ્યક્તિગત રીતે કેવો ધૂપ વાપરો ?

પ્રશ્ન : બધા ધૂપોમાં હવે તો ભેળસેળ આવે છે.

ઉત્તર : સ્પેશ્યલ ઓર્ડર આપીને પણ બનાવાય અથવા એકદમ શુદ્ધ અત્યુત્તમ ક્વોલિટીનું ન મળતું હોય તો જે ઉત્તમ મળતું હોય એ વપરાય. પણ ઉત્તમને છોડીને આવા ધૂમાડા છાપ ધૂપ શી રીતે વપરાય ? ન જ વપરાય. સુખડ પણ ૨૧૦૦ રૂ. નું મળતું હોય તો લાકડા છાપ ૫૦૦ રૂ. વાળું સુખડ શું કામ વાપરવું ? ખરેખર તો, બદલાતા દેશ-કાળાદિના પ્રભાવે જો એકદમ શુદ્ધ, સુપર ક્વોલિટીનું કદાચ ન મળે તોય જે ક્વોલિટી ઉત્તમ તરીકે લેખાતી હોય એનાથી ચલાવવું. પણ છતી શક્તિએ ઉત્તમ છોડીને ધૂમાડા છાપ ધૂપ અને હલકું સુખડ વાપરવા કરતા તો ધૂપ ન વાપરવો. અને હલકા સુખડથી પૂજા ન કરવી એ શ્રેય છે.

ત્રણ ભુવનના નાયકની ભક્તિમાં સારામાં સારી, ઉત્તમોત્તમ ચીજવસ્તુ જ વાપરવી જોઇએ.

આદર-બહુમાન-ભક્તિ વિના જીવનમાં ભાવધર્મ કે આત્માનો વિકાસ શક્ય નથી. શ્રી સંઘ એ ગુણરત્નોની ખાણ છે. તે-તે ગુણોવાળી વ્યક્તિના બહુમાનમાં-ભક્તિમાં તે તે ગુણોના આપણા અંતરાયો તૂટે.

**જેને નવકારમંત્ર અસ્થિમજ્જા છે, તે જ્યારે જાપ કરે ત્યારે તો પુણ્ય નિયમા મળે જ, પણ જાપ ન કરતો હોય તો પણ પુણ્યબંધ ચાલુ હોય છે.** એમ આ પાંચેય જેના જીવનમાં આવે તેના હૃદયમાં શાસન રહે છે, ટકે છે અને વધે છે. તે સતત પુણ્યનો ભાગી બને છે. પાપ કર્મોને ખપાવે છે.

આ ભક્તિ અને બહુમાનની જેમજ બાકીના ત્રણ મુદ્દાઓ (૩) ગુણગાન, (૪) અવર્ણવાદ ત્યાગ અને (૫) આશાતના ત્યાગ. એ અંગે પણ ઉક્ત રીતે એ વિવરણ-સમજણ જાણી લેવા.



જિનેશ્વર ભગવંતોએ ભવ્યાત્માઓને આત્મ કલ્યાણનો માર્ગ દેખાડતાં જણાવ્યું કે જ્ઞાન અને આચાર દ્વારા જીવ સિદ્ધિગતિને પામે છે સમજણ અને સાધનાનો સંયોગ સિદ્ધિને પ્રાપ્ત કરાવે આવા જ્ઞાન અને આચારનો પાયો રુચિ-ઇચ્છા-ઉત્સાહ છે જેને શ્રદ્ધા કહેવાય છે. પરમાત્માના વચનો દ્વારા જેને મોક્ષની અને મોક્ષના કારણોની સ્વીકારવા-મેળવવા અને આત્મસાત્ કરવાની રુચિ હોય તેને ઉપાદેય (સ્વીકારવા લાયક)ની શ્રદ્ધા કહેવાય.

તે પુણ્ય-સંવર-નિર્જરા અને મોક્ષ તત્ત્વની શ્રદ્ધારૂપ છે. મોક્ષના વિરોધી સંસાર ને સંસારના કારણો રૂપ વિષયો-કષાયો અને એના સાધનો પ્રત્યે અરુચિ-ઉદ્વેગ છોડવાની ઇચ્છા તે હેય (છોડવા રૂપે) શ્રદ્ધા કહેવાય. તે પાપ-આશ્રવ-બંધ તત્ત્વની શ્રદ્ધા રૂપ છે.

**જીવનું સ્વભાવ સ્વરૂપ ઉપાદેય છે. વિભાવ સ્વરૂપ હેય છે. અજીવ આરાધનામાં સહાયક રૂપે ઉપાદેય છે. સંસાર મોહ મમતા રૂપે બાધક છે.**

જ્ઞાન દ્વારા અજ્ઞાનનો નાશ થાય છે અને ઉત્તમ તત્વોની વારંવારની વિચારણા-ચિંતન દ્વારા વસ્તુ-વ્યક્તિ-વ્યવહાર અંગેની અસદ્ વિચારણા-જ્ઞાન વિકૃતિનો નાશ થાય છે અને શુદ્ધ શ્રદ્ધા રુચિ જન્મે છે. પુર્વેથી આવી શુભ શ્રદ્ધા હોય તો નિર્મલ થાય છે, વધે છે અને પરાકાષ્ટા પામે છે.

સદ્ આચાર દ્વારા અસદ્ આચારો રોકાય છે. અસદ્ વિચારો પણ રોકાય છે. સદ્આચારની રુચિ-પ્રવૃત્તિ દ્વારા અને સદાચારમય

વાતાવરણથી. જ્ઞાનાભ્યાસ અને શુભ વિચારણાથી શુભ વિચારો-ચિંતન આદિ જન્મે છે.

**જેમ આત્માની રુચિથી જ્ઞાન ક્રિયામાં પ્રવૃત્ત થવાય છે એમ જ્ઞાન-ક્રિયાની પ્રવૃત્તિથી જીવની યોગ્યતા-પુરુષાર્થ-કાળજી અને જિજ્ઞાસા અનુસાર રુચિ ઉત્પન્ન થાય છે. જો જ્ઞાન-ક્રિયાને જન્માવનાર-ચલાવનાર વધારનાર રુચિ છે. તો જિનોક્ત તત્ત્વોની રુચિવાળાના જ્ઞાનક્રિયા સાર્થક છે. રુચિ લાવવાના લક્ષથી જ્ઞાન મેળવનાર-ક્રિયા કરનારાના પણ જ્ઞાન-ક્રિયા પરિણામે સાર્થક બને છે.** જ્ઞાનક્રિયા મોક્ષમાર્ગની રુચિ લાવવા માટે છે અને રુચિ જ્ઞાનક્રિયાને લાવે છે, ટકાવે છે, વધારે છે. તેથી જ્ઞાન મેળવવા સાથે ચુસ્ત આચાર સંપન્ન બનવું જોઇએ. જેટલા સાંસારિક પાપ-મોહ- અજ્ઞાન આવેશજન્ય પ્રવૃત્તિ-વચન-વિચારણા હોય તેને ઓળખવા, તેના ઉપર અરુચિ કરવી અને શક્યતા પ્રમાણે છોડતા જવા. જે ન છૂટે તેમાં પણ પ્રશંસા ન કરવી, પણ મનમાં ખેદ રાખી વહેલામાં વહેલી તકે તેનાથી છૂટાય તેની ભાવના કરવી 'પુરૂપાર્થ કરવો.'

**મોક્ષનું નિકટપણું આત્માની નિર્મળતાની તત્ત્વની રુચિની તીવ્રતા ઉપર છે રુચિની તીવ્રતા ભાવનાની તીવ્રતાનું કારણ બને છે જ્ઞાન-ક્રિયા એના પોષક બને.** ક્રિયા વગરનું જ્ઞાન જો રુચિ હોય તો પશ્ચાત્તાપ યુક્ત અને આચારવાળા ઉપર અત્યંત આદરવાળુ હોય છે. **જો આચારહીન પોતાની જાત માટે પશ્ચાત્તાપ વગરનું જ્ઞાન હોય અને આચાર ચુસ્ત અન્ય પ્રત્યે વિશિષ્ટ આદર વગરનું હોય તો એ જ્ઞાન મોક્ષનું કારણ નથી, સમ્યગ્ નથી, એ રીતે ક્રિયા પણ જ્ઞાનની-જ્ઞાનીની અપેક્ષા-નિશ્રા વગરની હોય, ફાવે તેમ-ફાવે ત્યારે કરાતી**

હોય, નય-વાદોથી મિશ્રિત અનેકાન્તવાદ ગર્ભિત ન હોય તો તે ક્રિયા સ્યાદ્વાદગર્ભિત-જ્ઞાન અને જ્ઞાનીની નિશ્રા-અપેક્ષા રહિત હોવાથી એ મોક્ષમાર્ગ બનતી નથી પરંતુ અજ્ઞાન કષ્ટ રૂપ બને છે.) માટે સ્યાદ્વાદ ગર્ભિત જ્ઞાનને ઊંડાણથી મેળવવું અને સ્યાદ્વાદ ગર્ભિત જ્ઞાન યુક્ત ક્રિયાવાળા બનવું. તેવું જ્ઞાન ન મળે તો તેવા સ્યાદ્વાદ ગર્ભિત જ્ઞાનીની નિશ્રા-આજ્ઞા યુક્ત બનવું એ જ આત્મકલ્યાણનો સાચો માર્ગ છે.



અંતરાયોના નાશનું અને શક્તિઓનું ઉત્પાદન ક્ષેત્ર ભાવનાઓ છે.

૧) ભૌતિક-આધ્યાત્મિક સમાન શક્તિઓ બીજામાં જોઇને આનંદ પામવો, એ આગળ વધે એવી લાગણી-ભાવના **મૈત્રી** રૂપે છે.

૨) ભૌતિક-આધ્યાત્મિક શક્તિઓ આપણાથી અતિવિશિષ્ટ જોઇને જે આનંદ આવે તેને **પ્રમોદ** કહેવાય.

૩) ભૌતિક અને આધ્યાત્મિક શક્તિઓ જેનામાં નથી, નહિવત્ છે, ઘણી ન્યૂન છે, તેને તે વિશેષ રૂપે પ્રાપ્ત થાય એવી લાગણી, એને **કરુણા** કહેવાય.

૪) જેને એ શક્તિઓ મળી છે છતાં એ એનો દુર્વ્યય કરે છે, ઘમંડ કરે છે, વિનયી-નમ્ર-સરળ-સહાનુભુતિવાળો નથી તેના પ્રત્યે, તેની શક્તિઓનો સદ્‌વ્યય થઇ શકવાનો નથી એ શક્તિઓથી અનેકોને પાપમાં પ્રવર્તાવશે-અધ્યાત્મમાં વિઘ્નકારક બનશે. પણ તે સમજી શકે તેવો નથી, સુધરે તેવો નથી, અટકે તેવો નથી, તો તેની શક્તિઓ પ્રત્યે અને તેના પ્રત્યે **માધ્યસ્થ ઉપેક્ષા**-ઉદાસીન ભાવ રાખવો.

૩-એ) જ્યાં અને જે અંશમાં સુધારવાની-અટકાવવાની-આગળ વધારવાની શક્યતા હોય ત્યાં કરુણા ભાવ આવે.

૪-એ) જ્યાં અને જે અંશમાં સુધારવાની-અટકાવવાની-આગળ વધારવાની શક્યતા જ ન હોય, ત્યાં કરુણા હોવા છતાં પ્રવૃત્તિ ન કરી બેસે અને હતાશ ન થવું પડે, સામે નુકશાન ન થાય માટે ત્યાં

ઉદાસીન ભાવ રાખવો-ઉદાસીન રહેવું. હૃદયમાં કરુણા છતાં વ્યવહાર ઉદાસીનતા-ઉપેક્ષા ભર્યો કરવો.

પ્રથમની ત્રણે ભાવનાઓથી વિચારણાથી લાગણીથી બન્ને પ્રકારની શક્તિઓના અંતરાયો તૂટે છે અને નવા બંધાતા નથી.

**અપુનર્બન્ધક અને ભાવધર્માત્મા ચારે ભાવથી આંશિક યુક્ત હોય છે. અને ભાવનાઓ દ્વારા એ ભાવો વિકસીત થાય છે, આત્મસાત્ થાય છે. માટે ભાવધર્મને ઇચ્છનારાએ આ ભાવનાઓ દ્વારા એનાથી ઉત્પન્ન થતા સંસ્કાર-ક્ષયોપશમ આત્મસાત્ કરવા જ પડે. માટે મૈત્રીઆદિ ભાવના ધર્મના મૂળમાં-પાયામાં બતાવેલ છે. આના દ્વારા જૂના અંતરાયો તૂટે છે અને નવા અંતરાયો બંધાતા નથી.**

જીવોને બે પ્રકારની પ્રવૃત્તિ અને વિચારસરણી છે. બીજા જીવોને આશ્રયીને અને અનુકૂળ-પ્રતિકૂળ પુદ્ગલોને આશ્રયીને.

આમાં જીવોને આશ્રયીને આ ચાર ભાવના દ્વારા પાપકર્મો અટકે છે-નાશ પામે છે. આંતરિક ધર્મ ક્ષયોપશમ અને બાહ્ય પુન્ય કર્મ ઉગ્ર-ઉગ્રતર ઉત્પન્ન થાય છે.

પુદ્ગલો પ્રત્યે-પુદ્ગલોના કારણે સંસાર સંબંધી વ્યવહાર વગેરે પ્રત્યે જીવ રાગ-દ્વેષના આવેશ આવેગથી સર્વ પ્રકારના અંતરાયો બાંધે છે. જ્યારે ત્યાગ-વૈરાગ્ય-ઔચિત્ય-અંકુશ-અનિત્ય આદિ ભાવનાઓ અને તજ્જન્ય પરિણતિથી બન્ને પ્રકારની શક્તિઓના અંતરાયો તૂટે છે, સાથે સાથે શક્તિઓ અને પુન્ય ઉત્પન્ન થાય છે. **અધ્યાત્મિક શક્તિઓ એ ક્ષયોપશમ ભાવ રૂપ-ધર્મરૂપ છે અને પુન્ય એ ઓદયિક ભાવરૂપ શુભ ઓપાધિક જીવનું સ્વરૂપ છે.**

અનિત્યાદિ ભાવનાઓથી પણ બન્ને પ્રકારની ઔદયિક અને ક્ષાયોપશમિક શક્તિઓના અંતરાયો તૂટે છે અને શક્તિઓ પ્રગટ થાય છે. અને જીવ મોક્ષ સુધી પહોંચે છે, માટે ભાવના ભવનાશીની છે. ભાવનાના બે પ્રકાર, મૈત્રી વગેરે અને અનિત્યાદિ વગેરે. ગૌણ-મુખ્ય ભાવે બન્ને સાથે રહે છે. એકબીજાના પૂરક-પ્રેરક છે. એનાથી વિપરિત અસદ્ભાવનાઓ આ બન્ને સદ્ભાવનાઓની નાશક છે.

જ્ઞાનાભ્યાસ અને પરાવર્તન-ચિંતન-ધર્મકથા વગેરે અને બીજા આચારના વિસ્તૃત ભેદો-કાળજી વગેરે અસદ્ભાવનાઓને રોકવામાં, સદ્ભાવનાઓને ઉત્પન્ન કરવામાં-વધારવામાં સાહજીક બનાવવામાં અને પરાકાષ્ટાએ પહોંચાડવામાં પ્રધાન કારણ છે. તેના દ્વારા જીવ બન્ને પ્રકારની સદ્ભાવના પુષ્ટ કરીને જ્ઞાન-ક્રિયા અધ્યાત્મિક પરાકાષ્ટાએ પહોંચે છે.



## સર્વ મધુરમ્

જિનપ્રણિત ધર્મારાધનાથી તથા હિત-મિત અને પથ્ય વચનના ઉપયોગથી પેદા થયેલ પુણ્યોદયથી સુસ્વર નામ કર્મના ઉદયવાળાને મધુરકંઠ હોય છે. મધુર કંઠવાળો સહુને પ્રિય બને. સાચી-સારી વાતો સહુને ગળે ઉતારવાની શક્તિવાળો બને છે. અનેકને ભક્તિ આદિ આરાધનામાં જોડી શકે છે. લોકપ્રિય હોવાથી જનહિત અને શાસનહિતના અનેક કાર્યોમાં જોડી શકે છે. લોકપ્રિય હોવાથી જનહિત અને શાસન હિતના અનેક કાર્યોમાં સહાયક બની શકે છે. એ જ રીતે મનમાં જાગેલ રાગના કારણે રાગના કારણ ભૂત વસ્તુ-વ્યક્તિ પ્રત્યે મધુર મન હોય છે. **મધુરકંઠવાળો ગુસ્સામાં-અરૂચિમાં મધુર શબ્દ નથી કાઢતો, કઠોર-કર્કશ શબ્દ કાઢે છે. મધુર કંઠવાળા જ્યારે કઠોર-કર્કશ શબ્દવાળા બને છે-ત્યારે પુણ્યોદય હોવા છતાં એનુ કાર્ય ગૌણ બને છે, નથી થતું. પાપના ઉદયવાળા સારૂ કામ નથી કરી શકતા જ્યારે પુણ્યના ઉદયવાળા ખરાબ કામ પણ કરી શકે છે માટે ખરાબ ભાવવાળાના પુણ્યના ઉદયની મહત્તા ન આંકવી.** મધુરમન એ પણ રાગનું રૂપક છે એ દ્વેષમાં પલટાય ત્યારે ખારૂ કડવું બને છે. માટે મધુર કે ખારૂ મન કર્મોદયની, શુભાશુભ સંસ્કારની, રાગદ્વેષની પરિણતિનું ફળ છે માટે એ પણ આદરણીય નથી.

મધુરભાવ એટલે મુખ્યતયા ક્ષયોપશમ ભાવ-પ્રશસ્ત ભાવ. એ કારણથી અને કાર્યથી મધુર છે. ક્ષયોપશમ રૂપે હોવાથી અપ્રશસ્ત રાગાદિથી રહિત હોવાથી શુભકર્મ અને ગુણનું કારણ હોવાથી,

મૈત્રી વગેરે રૂપ હોવાથી, અનિત્ય ભાવના વગેરેથી વૈરાગ્યમય હોવાથી, આત્માને શાંતિ આપનાર હોવાથી, બીજાને સાચી સલાહ અને શાંતિ આપનાર હોવાથી, શુભ-શુભાનુબંધી હોવાથી શુભ ભાવને મધુર ભાવ કહ્યા-એ સર્વ-વિરતિધરને પ્રકૃષ્ટ અને કાયમી હોય છે. અપુનર્બન્ધકથી મધુર ભાવ પ્રવર્તે છે, કટુભાવ નાશ પામે છે. કટુભાવ અપુનર્બન્ધક પહેલા અને અચરમાવર્તમાં હોય. અપુનર્બન્ધકથી ઉત્તરોત્તર મધુર ભાવની વૃદ્ધિ થાય છે, ક્ષયોપશમ ભાવની-વિવેકની-વૈરાગ્યની વૃદ્ધિ થાય છે, આંતર-દૃષ્ટિનો ઉઘાડ વધતો જાય છે. પરિણામે મધુરભાવ પરાકાષ્ટાએ વીતરાગતા રૂપે સ્થિર થાય છે. વીતરાગને કટુભાવ નથી કારણકે તેના કારણરૂપ રાગ-દ્વેષ-મોહ નથી. મધુર ભાવનું કારણ આત્મ સ્વભાવ છે જે દયા-કરૂણા પરોપકાર-સહાયકતા-ધર્મદાન વગેરે કાર્યરૂપે બહાર આવે છે. પ્રભુના, ગુરૂના, ધર્મી આત્માના અન્ય જીવો પ્રત્યે જે કાંઇ કાર્ય છે તે ભાવ મધુરતા પ્રયુક્ત હોય છે. માટે એ ઉપાદેય છે.

મધુર ભાવથી મધુર મન આવે છે. કટુમન નાશ પામે છે. અપ્રશસ્ત મધુરમન નાશ પામી પ્રશસ્ત મધુરતા મનમાં ઉત્પન્ન થાય છે. હૃદય પ્રશસ્ત મધુર બનવાથી વાણીની કઠોરતા-કર્કશતા પણ નાશ પામે છે. **હૃદયની-ભાવની મીઠાશથી વાણીમાં અધ્યાત્મિક મીઠાશ અને વિવેક-ઔચિત્ય યુક્ત બાહ્ય મીઠાશ આવે છે. અને પુન્ય બંધ દ્વારા કંઠ મીઠાશ પણ ભાવ મીઠાશની સાથે આવે છે.** મધુર ભાવ એ સર્વ દોષોનો નાશક છે તેમજ સર્વગુણો અને સર્વ પુન્યનું કારણ છે. એથી વિપરીત કટુભાવ એ સર્વ પુન્ય અને સર્વ ધર્મનો નાશક છે, સર્વ દોષનો પોષક છે. **મધુર ભાવ એ મોહનીયના ક્ષયોપશમ જન્ય છે, મધુર મન એ મોહનીયના ઉદય જન્ય પણ છે**

અને મધુરભાવ યુક્ત હોય તો મોહનીયના ક્ષયોપશમ જન્ય પણ છે. વાણીની મીઠાશ એ પુણ્ય ઉદય રૂપ છે સાથે ઉચિત સમયે ઉચિત રીતે બોલવાની આવડત જ્ઞાનાવરણના ક્ષયોપશમ જન્ય છે. મોહનીયના ઉદય જન્ય પણ હોય જો હૃદયમાં વિવેક ઔચિત્યનો ઉઘાડ ન થયો હોય અને વિવેક ઔચિત્ય વગેરે રૂપ મોહનીયના ક્ષયોપશમ થયો હોય તો વાણીની મીઠાશ પણ મોહનીયના ક્ષયોપશમ યુક્ત પણ હોય માટે-વાણીની મીઠાશ ગ્રાહ્ય-ઉપાદેય છે. ભાવની મધુરતા સાથે મનની મધુરતા સાથે. મનની મધુરતા પણ આદરણીય છે ભાવ મધુરતા પૂર્વકની આ ભાવ મધુરતા ભાવનાઓ દ્વારા આવે છે અને વિકાસ પામે છે. ભાવનાનું મૂળ છે સંવેગ અને વૈરાગ્ય. એનો વિસ્તાર છે તે તે શાસ્ત્રોના ભાવનાના પોષક સદંર્ભોનો અભ્યાસ. વાંચન-મુખપાઠ-પરાવર્તન અને ચિંતન. એના પુષ્પો છે ચિત્તની પ્રસન્નતા, સ્વસ્થતા, સહિષ્ણુતા, ઉદારતા, ગંભીરતા વગેરે. એના ફળ છે સહજ સમાધિ, દીર્ઘ દ્રષ્ટિ, સહજ વિશિષ્ટ સત્વ-કષાય વિષયોની સાહજીક તીવ્ર જુગુપ્સા અને ઉપેક્ષા, મરણાંત પરિસ્થિતિમાં પણ વિષય કષાયની પરિણતિ-આવેગનો અભાવ આ ફળ છે. આ જીવન મુક્ત અવસ્થા ન હોવા છતાં આંશીક એ અવસ્થા છે. ધર્મક્રિયાઓ પૂર્વમાં આ કાર્યમાં સહાયક છે અને પછી ઉચ્ચ અવસ્થામાં એ સાહજિક થાય છે. આવા મધુર ભાવોના સ્વામી બનવાથી સંસાર સીમિત થાય છે ટૂંક-સમયમાં મોક્ષે જવાય છે.

**इति सह गणयित्वा यद् यदायाति सम्यक् ।**
**सदसदिति विवेकोऽन्यत्र भूयः कुतस्ते ?॥**

વર્તમાન પરિસ્થિતિ સિવાય બીજી જગ્યાએ ફરીથી સારા ખોટાનો વિવેક તને ક્યાંથી મળશે ? માટે આ વિચારીને જે જે પ્રતિકૂળતા આવે તેને સમ્યક્-સમતા-પ્રસન્નતાથી સહન કર.

સંસારી જીવે કર્મ અને ભવિતવ્યતાના યોગે જે સુખ કે દુ:ખ આવે તેને સહન તો કરવું જ પડે છે. પછી એ માનસિક હોય, કાયિક હોય, પારિવારિક હોય કે પરિસ્થિતિ જન્ય હોય. જીવને ઇચ્છાએ કે અનિચ્છાએ સહન કર્યા વગર છૂટકો જ નથી. આ પરિસ્થિતિમાં **વિવેકની હાજરીમાં સહન કરવામાં આવે તો ઘણા પાપ કર્મ ખપે અને પુણ્ય કર્મ બંધાય તથા ઘણો આત્મિક લાભ થાય. વિવેકની ગેરહાજરીમાં સહન કરવા છતાં નવું પાપ બંધાય અને તેનાથી દુ:ખની પરંપરા ચાલે !** જીવને વિવેક સર્વત્ર અને સર્વદા મળતો નથી, રહેતો નથી માટે વિવેક યુક્ત અવસ્થામાં સુખ કે દુ:ખ ભોગવવું, સહન કરી લેવું તે ઉત્તમ છે એમ સમજી જે આવે તે સહન કરી લેવું.

ગાથામાં સુખ કે દુ:ખની સ્પષ્ટતા કરી નથી તેથી મુખ્યવૃત્તિએ દુ:ખ જ લેવું. **વિવેક આત્માને દુ:ખમાં ધૈર્ય, સમતા અને સત્વ આપે છે.** તેના કારણે જે કર્મો સહન કરીને ભોગવવાથી ખપે છે તેના કરતા કંઇ ગુણા કર્મ ધૈર્ય-સમતા-સત્ત્વથી તેમ જ જ્ઞાન અને વિવેક દ્વારા જીવ ખપાવે છે. **સકામ નિર્જરા વિવેક આવે ત્યારે થાય છે. સકામ નિર્જરા અપુનર્બન્ધકપણાથી થાય છે અને એ અવસ્થામાં જીવ વિવેકગુણયુક્ત હોવાથી સહન કરીને ઘણા કર્મ ખપાવે છે.**

કર્મની પીડામાં-આપત્તિમાં જીવે વિવેકને પ્રગટ કરવો અને વિકસાવવો જરૂરી છે કે જેથી સહન કરીને પણ આરાધનાનો લાભ અને પુણ્ય મળે, પાપ ઘણું ખપે. (લાભાંતરાય) નિર્ધન અવસ્થામાં જીવ સત્ત્વ રાખી દીન ન બને તો ધનના અંતરાયના કર્મને તોડી નાખે છે. અપમાન અવસ્થામાં દીન ન થાય, પ્રસન્નતા જાળવીને બીજા પ્રત્યે દ્વેષ કે ઇર્ષ્યા ન કરે તો પોતાના દૌર્ભાગ્ય અને અપયશકર્મનો ઘણો નાશ કરે છે. રોગમાં શાંતિ-સમતા રાખનારને અશાતાવેદનીય કર્મ ઘણું ખપે છે. જેથી ભવિષ્યમાં તેમ જ જન્માતરમાં રોગરહિત અશાતા વગરની અવસ્થા મળે છે. પુત્ર કે શિષ્ય વગરના દીનતા ન રાખતાં બીજાના પુત્ર, શિષ્ય વગેરે પર વાત્સલ્ય-પ્રેમ વરસાવે, ઇર્ષા ન કરે તો પુત્રનો-શિષ્યનો અંતરાય તુટે છે. ટુંકમાં વિવેક હોય ત્યારે જ ધૈર્ય, હિંમત અને સત્ત્વ આવે છે. વિવેક વિનાના ધીરજ-હિંમત અને સત્ત્વ મોહજન્ય હોય છે. માટે સર્વત્ર વિવેકને જ્વલંત રાખી આવેલ દુ:ખને સહન કરવું. **દુ:ખ આવે તેમાં પોતાની નાનમ કે લઘુતા નથી. કારણકે કર્મજન્ય કોઇપણ હીનતા પરોપાધિજન્ય (બહારના આગંતુક દ્રવ્યથી થયેલ) અને અલ્પકાલીન છે જ્યારે આત્મા તો એથી તદન પર=દોષોથી રહિત અને સર્વગુણસંપન્ન છે.**

બીજાના સુખ-સમૃદ્ધિ-આરોગ્ય-માન પાન-ઐશ્વર્ય વગેરેમાં ઇર્ષ્યા એ પણ અવિવેકનું ફરજંદ છે. અને એનાથી જીવ પોતાના માટે નવા અંતરાયકર્મ બાંધે છે. એના બદલે અન્યને મળેલી ભોગસામગ્રી એ તો પુણ્યની લીલા છે. એ દ્રષ્ટિ રાખી સમતા કેળવે તો પોતાના પાપકર્મ પણ ખપે-અનુકૂળ કે પ્રતિકૂળ જે પરિસ્થિતિ આવે તેને જીવે સમતાથી-વિવેકપુર્વક ભોગવી લેવી. **સુખની પરિસ્થિતિમાં જ્યાં ત્યાગ**

થઇ શકે ત્યાં ત્યાગ કરવો. જ્યાં નિકાચિત ભોગાવલી કર્મ કે અપંગતા આદિ પરાધીન અવસ્થામાં ત્યાગ ન થઇ શકે ત્યાં અનાસક્તિ, વૈરાગ્ય અને ઉદાસીનતા કેળવવી. બાહ્યથી કાળ પસાર કરવો. અંદરથી હૃદય વિરક્ત રાખવું. દુ:ખની પરિસ્થિતિમાં વિવેકપૂર્વક જ્યાં જે ઉપાયથી દુ:ખ ઘટે, મટે કે દુર થાય એવું હોય ત્યાં તેમ કરી શકાય. પરંતુ તે શક્ય ન હોય તો મનને સ્વસ્થ રાખી હીનતા લાવ્યા વિના ધૈર્યથી ભોગવવું. પાપકર્મો પાપની પ્રવૃત્તિથી અને એમાંય વિશેષ આનંદથી બંધાય છે. તેમ પાપ કર્મની નિર્જરા વિશેષ કોટિના ધૈર્ય અને સમતાભાવથી સહન કરવાથી થાય છે. પાપના ઉદયકાળ પહેલા જીવ પાપસ્થાન અને પાપક્રિયાથી નિવૃત્તિ અને એની તીવ્ર ભાવના, પૂર્વના પાપકર્મ પ્રત્યે તીવ્ર પશ્ચાત્તાપથી શક્ય પાપકર્મ નાશ કરી શકે છે પરંતુ ઉદયમાં આવેલ પાપકર્મ તો સત્ત્વથી, સહન કરવાથી, ફરી નવા પાપ ન બાંધવાની ભાવના-વિચારણાથી અને પાપની નિવૃત્તિ કરવાથી નાશ પામે છે. પાપકર્મ સત્ત્વ અને સહનશીલતાથી ભોગવાય છે, અને ભાવના વગેરેથી નાશ પામે છે. **પાપનો ઉદય આવ્યા પછી એ ભોગવવામાં ડરપોક રહે તેને પાપનો પશ્ચાત્તાપ અને પાપની નિવૃત્તિનો પરિણામ આવવો અશક્ય પ્રાય: છે.**

આમ વિવેક એ ઉદયમાં આવેલ પાપને ખપાવવાનું, નવા પાપ ન બાંધવાનું, ગુણો મેળવવાનું અને દોષોના નાશનું કારણ અધ્યાત્મની પ્રારંભિક અવસ્થામાં બને છે. માટે વિવેકી ધર્મને યોગ્ય છે. અપુનર્બન્ધક દશાથી આ વિવેક આત્મામાં પ્રગટ થાય છે. જેનો ઉત્તરોત્તર વિકાસ જીવને છેવટે મોક્ષ સુધી પહોંચાડે છે.

**पाहेएण विरहिओ पहम्मि पहिओ जह भवे दुहिओ ।**
**इय धम्मेण विरहिओ परलोयपहम्मि जीवो वि ।।**

વિશ્વના નાના-મોટા, સંજ્ઞી-અસંજ્ઞી આદિ તમામ જીવો સુખાભિલાષી છે. જીવને સુખ પુણ્યથી મળે છે અને પુણ્યને ઉત્પન્ન કરનાર-ટકાવનાર તેમ જ વધારનાર ધર્મ છે. **શુભ સંસ્કારને ભાવ ધર્મ કહેવાય. ભાવધર્મ આત્માની નિર્મલતા રૂપ, ક્ષયોપક્ષમ રૂપ છે. એની આડપેદાશરૂપે પ્રાયઃ સતત પુણ્યબંધ થતો હોય છે.** વળી એમાં જ્યારે દ્રવ્ય આચાર ભળે ત્યારે ભાવનાની વૃદ્ધિ થવાથી પુણ્યની શક્તિ (રસ અને સ્થિતિરૂપે) બંધમાં વધે છે-શુભસંસ્કારવાળા આત્મામાં અવશ્ય પુણ્ય વિશેષરુપે હોય છે અને એ જીવને સાનુકૂળ ભૌતિક અને આધ્યાત્મિક સુખ તેમ જ આરાધનાની સામગ્રી આપે છે. આ શુભ સંસ્કાર એ ધર્મ કહેવાય. આચારરૂપ અને સંસ્કારરૂપ ધર્મ પરંપરાએ મોક્ષનું કારણ બને છે. જ્યારે તાત્કાલિકપણે તે વિવેક, આત્મશાંતિ, ધૈર્ય વગેરે ગુણો પ્રગટ કરી જીવને આ ભવ કે ભવાંતરમાં દુ:ખી થવા દેતો નથી. એને પુણ્યોદયે બધી રીતે બધું જ મળતું રહે છે, ફક્ત જો પુર્વના જૂના ગાઢકર્મ ઉદયમાં આવ્યા હોય તો દુ:ખ, વિઘ્ન, આપત્તિ, કલંક વગેરે આવે તે વાત જુદી. પરંતુ ગુણોરૂપ શુભ સંસ્કારને કારણે વધારે કાળ દુ:ખ ટકતું નથી. માટે શુભ સંસ્કારરૂપી ધર્મથી જીવ પરલોકમાં અને મોક્ષ સુધી સુખી થાય છે. **ધાર્મિક આચારોના પાલનરૂપ પુણ્ય કરવામાં આવે અને તે સમયે જો આત્મામાં શુભ સંસ્કાર ન પડે તો પણ જીવ પુણ્યનું ભાતુ લેવાથી બીજા ભવમાં સામાન્યથી સુખી થાય છે.** અને તે વખતે જો સદ્‌ભાવનાઓ જન્મે અને શુભ સંસ્કાર ઉત્પન્ન થાય તો આગળ રસ્તો

રોક્ખો થાય છે તેથી આત્મિકપણે શાંતિ અને બાહ્ય રીતે સુખમય બને, જો શુભસંસ્કાર ન પડે તો એક ભવ પછી પાછી દુ:ખની પરંપરા ચાલુ રહે છે. માટે **શુભક્રિયા રૂપી ધર્મ એક ભવ પૂરતું સુખનું કારણ બને છે. જ્યારે શુભ ક્રિયા દ્વારા શુભભાવનાઓની ઉત્પત્તિ અને તે બન્ને દ્વારા શુભ સંસ્કાર રૂપે દ્રઢ બનતો ધર્મ મોક્ષ સુધીના સુખનું કારણ બને છે.** મુસાફર માર્ગમાં જેમ ભાતું લઇ જાય તેમ પૈસા પણ લઇ જાય. ભાતું ૨-૪ દિવસ ચાલે જ્યારે પૈસા હોય તો નવું નવું ભાતું મેળવતો જ રહે. માટે જીવે ધાર્મિક ઉચિત ક્રિયાઓ દ્વારા પુન્યનું ભાતું ઉપાર્જન કરવું અને સાથે સદ્‌ગુણોની ઇચ્છા ભાવના દ્વારા શુભ સંસ્કારની મૂડી પણ અવશ્ય મેળવવી.

જે આત્મા પાસે પૂર્વનું પુણ્ય છે પણ ધર્મના સંસ્કાર નથી તે આત્મા આ ભવમાં પુણ્યથી સુખી છે પણ શુભ સંસ્કારની રોકડ મૂડી નથી તેથી પુણ્યની મુડી-ભાતું પૂર્ણ થયે આ ભવમાં કે છેવટે ભવાંતરમાં પણ દુ:ખી થાય છે અને દુ:ખી રહે છે. એ ફરી જ્યારે પુણ્ય કાર્ય અને શુભ સંસ્કારો માટે પ્રયત્ન કરે છે, એ તરફ આદર-રૂચિવાળો થાય છે ત્યારે એ ઊંચો આવે છે.

દુ:ખી આત્માઓ ધર્મની ક્રિયાથી, આદર ભાવથી પુન્ય ઉપાર્જન કરીને સુખી થાય છે અને જો આત્મા ગુણોના આચાર દ્વારા શુભ સંસ્કાર પાડે તો કાયમી સુખી થાય છે. **જો ગુણોની ઉપેક્ષા, અવગણના હોય તો પુણ્યક્રિયા અતિ સામાન્ય પુણ્ય આપે છે, સાથે ગુણોની અયોગ્યતા હોવાથી આત્મ વિકાસ થતો નથી કે સુખપરંપરા ચાલતી નથી.**

જો સુખી આત્મા પણ ધર્મક્રિયા કરે તો નવું પુણ્ય બાંધે છે.

અને જો ગુણોનું લક્ષ કેળવે તો શુભ સંસ્કારો દ્વારા પરંપરાએ મોક્ષ સુધી સુખી થાય છે. માટે **પરભવની મુસાફરીમાં પુણ્ય કાર્ય એ ખોરાકરૂપ ભાતું છે અને શુભ સંસ્કાર એ રકમરૂપ ભાતું છે.**

બન્ને ભાતાં જેની પાસે છે તે સુખી છે. માત્ર પુણ્ય હોય તે સામાન્ય સુખી છે. શુભસંસ્કારવાળા પાસે પુણ્ય અવશ્ય હોય છે. બન્ને ભાતાં નથી તે આ ભવ અને ભવાંતરમાં બન્નેમાં દુ:ખી થાય છે. માટે સુખી કે દુ:ખી આત્માઓએ સંસારનાં સુખ-દુ:ખને ગોણ કરીને શુભક્રિયાઓ દ્વારા પુણ્ય અને ગુણોના આચાર પાલન દ્વારા શુભ સંસ્કારો રૂપી ધર્મ આત્મામાં ઉત્પન્ન કરવો જેથી મોક્ષ સુધી જીવ વ્યવહારથી અને નિશ્ચયથી સુખી બને.



# ભાવ સાધનામાં વિઘ્ન

૧) સંસારમાં કે ધર્મમાં કોઇપણ અનુકૂળતામાં ચિત્તમાં આનંદ અને પ્રતિકૂળતામાં ચિત્તનો ઉદ્વેગ-અકળામણ થાય.

૨) બીજાના ગુણો, સાધના, શુભ પ્રવૃત્તિમાં આનંદ ન થાય, ઉપેક્ષા થાય, ઇર્ષ્યા આવે, અરૂચિ થાય.

૩) બીજાના ગુણો કે શુભ પ્રવૃત્તિઓમાં પોતાની પ્રેરણા, સહાય વગેરે જરૂર હોવા છતાં, પોતાની સાધનાના કે આળસ પ્રમાદના કારણોથી તેમાં પ્રવૃત્ત ન થવું, બેદરકારી-ઉપેક્ષા બતાવવી.

૪) બીજાના દુર્ગુણો, પ્રમાદ, ગુણ ભ્રષ્ટતા ઉપર કરૂણા કે દયાને બદલે તિરસ્કાર કરવો.

૫) પોતાના દુર્ગુણો કે પ્રમાદ વગેરેમાં તિરસ્કાર, આત્મનિંદા, પસ્તાવો ન થવો. આ બધા ભાવ સાધનાના વિઘ્નરૂપ કારણો છે. જે આત્મા પોતે જ ઊભા કરે છે, અને પોતાની સાધનામાંથી ભ્રષ્ટ થાય છે.

એનાથી વિપરીત એટલે કે અનુકૂળ થવાથી ભાવ સાધનાના વિઘ્નોને તોડી, નિર્મૂળ કરી સ્વ-પરની દ્રવ્ય-ભાવ સાધનાને ઉત્પન્ન કરે છે. સાધનાને વેગવંત બનાવે છે. ભવિષ્યના વિઘ્નને પણ તોડી નાખે છે. એથી આગળ વધીને દેખાતા વિઘ્નોમાં પણ ગુણોને સમૃધ્ધ કરે છે, સાધનાને વધારે મજબૂત કરે છે.

બાહ્ય સાધનામાં વિઘ્નરૂપ ત્રણ વસ્તુઓ છે.

૧) પોતાના નિકાચીત કર્મો.

૨) પોતાની અવ્યવસ્થિત અને બેદરકારી પૂર્વકની પ્રવૃત્તિઓ.

૩) બાહ્ય કારણોથી અથવા બીજા વડે અથવા બીજાના નિમિત્તે આવતી પ્રતિકૂળતા.

પહેલા નંબરના વિઘ્નો આત્માએ સાવધાનીપુર્વક સહી લેવા પડે. બીજા કર્મ ન બંધાય તેનું ધ્યાન રાખવું પડે. કાળક્ષેપ કરવો પડે. તેના ઉદયકાળનો સમય શાંતિથી પસાર થવા દેવો પડે.

બીજા નંબરના વિઘ્નોને દૂર કરવા પરમાત્માએ બતાવેલ સર્વ વ્યવહાર-ધર્મનું અણિશુધ્ધ પાલન કરવા કટીબધ્ધ અને તત્પર બનવું. આમ કરવાથી વિઘ્નો આવતા નથી. કદાચ આવે તો નિર્બળ બની સહજમાં ખસી જાય છે.

ત્રીજા નંબરનાં વિઘ્નોને દૂર કરવા માટે બાહ્ય સંયોગોમાં જે પ્રતિકૂળતાઓ ઊભી કરે છે એના કરતા આપણું બળ વધારે કેળવવું પડે. જ્યાં સુધી વધારે બળ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી એવા વધારે બળવાળા અને વિઘ્નને તોડવા માટે જે સમર્થ હોય એના સાંનિધ્યમાં-નિશ્રામાં રહેવું જોઇએ. આપણું જીવન એમની ઇચ્છા મુજબ પ્રવર્તવુ જોઇએ. એનાથી જ પ્રતિકૂળ સંયોગો ઊભા કરનારનું બળ હણાઇ જાય છે. તેમાં સમર્થ વ્યક્તિનો પ્રભાવ, પુણ્ય કામ કરે છે. નિર્બળ આત્માએ બળવાન આત્માના આશ્રયે રહેવું જોઇએ.



# ભોગોપભોગ નિયંત્રણ

શ્રાવક જીવનનાં ૧૨ વ્રતોમાં ૫ મું છે પરિગ્રહ પરિમાણ વ્રત અને ૭મું છે ભોગોપભોગવિરમણ વ્રત આ બન્નેમાંથી કોનો ત્યાગ પ્રથમ જરૂરી ? અર્થાત્ ધનનો પરિગ્રહ અને ભોગોપભોગની પ્રચુરતા. આ બન્ને પાપરૂપ હોવા છતાં ત્યાગમાં કોને પ્રધાનતા આપવી જોઇએ તે વિષયમાં થોડું વિચારીએ.

**કંજૂસ માણસને ધનાદિના પરિગ્રહની મહત્તા હોય છે. પણ ભોગોપભોગ અંતરાયના કારણે ભોગોપભોગની મહત્તા નથી હોતી. વિલાસી માણસને પરિગ્રહ કરતા ભોગોપભોગની મહત્તા હોય છે. ઉદાર માણસને બન્નેમાંથી એકેયની મહત્તા નથી હોતી. પરોપકારની મહત્તા હોય છે.** ભોગોપભોગની લાલસા અને શક્ય પ્રવૃત્તિ દરિદ્ર અને શ્રીમંત બન્નેને હોય છે. એને પોષવા માટે અનેક સાધન-સામગ્રીઓના ઉપાર્જનમાં જીવ સતત પ્રવર્તે છે. ધનના પરિગ્રહનું ફળ-કારણ પણ ભોગ-ઉપભોગની સામગ્રીની પ્રાપ્તિ છે. દરિદ્ર માણસને જીવનનિર્વાહ માટે પણ અમુક ધન વગેરેના સંગ્રહની જરુરિયાત રહે છે. વૈરાગી ગૃહસ્થને પણ જીવન નિર્વાહ માટે અમુક પરિગ્રહની જરુરિયાત રહે છે. વૈરાગ્યથી સ્વાભાવિકપણે જ ઘડાયેલી નિયંત્રિત જીવનપદ્ધતિના કારણે એને પરિગ્રહમાં ખાસ અંકુશ કેળવવાનો રહેતો નથી. તૃષ્ણાનિગ્રહ-ત્યાગ તો જરુરી છે જ.

પરિગ્રહમાં ધન મેળવવાના પ્રયત્નનો શક્ય ત્યાગ કરવો, જે પરિગ્રહ હોય તેમાં પણ મમત્વ-મૂર્છાનો ત્યાગ કરવો, અવસરે ઉચિત રીતે પરોપકારમાં ખર્ચવું, અવસર ન હોય ત્યારે વિવેકપૂર્વક રાખી

મુકવું. પરંતુ સ્વાર્થે વાપરવા-વપરાવવામાં શક્ય એટલા સંકુચિત બનવું એટલે કે ભોગોપભોગ તરીકેની વસ્તુઓનું, પસંદગીનું પ્રમાણ ઘટાડવું.

**જેમ રાજા ધર્મ પામવા છતાં દીક્ષા ન લે તો રાજ્ય છોડી શકતા નથી તેમ શ્રીમંતો-મહાશ્રીમંતો પણ દીક્ષા ન લે ત્યાં સુધી પોતાના આશ્રયે હજારો આત્માઓ જીવતા હોવાથી વેપાર બંધ કરી શકતા નથી, કરાય પણ નહીં બીજાને સોંપી દે. પરિગ્રહ જીવનના અંત સુધી પોતાને તથા બીજાને કામ લાગે છે. જ્યારે ભોગોપભોગ રોજનું છે તથા પોતાનું નિયંત્રણ છે. મહાશ્રાવકોએ પણ વેપાર બંધ નથી કર્યા પરંતુ જીવનમાં ભોગોપભોગનું અતિવિશિષ્ટ નિયંત્રણ કર્યું છે. તેથી જ ઉપાસક દશાંગ સૂત્રમાં આનંદાદિ મહાશ્રાવકોના ચરિત્રમાં પરિગ્રહના નિયંત્રણ કરતાં ભોગોપભોગનું નિયંત્રણ સ્પષ્ટ જણાઇ આવે છે. બીજા પણ કેટલાક દ્રષ્ટાંતોમાં પરિગ્રહ પરિમાણ વ્રત લેવા આવનાર વ્યક્તિને આચાર્યાદિ ભગવંતો રકમ વધારવાનું જણાવતા દેખાય છે પણ ભોગોપભોગ વધારવાનું ક્યાંય સાંભળવા નથી મળતું.**

સ્વજન-પરિવાર પણ માણસ પૈસા ખર્ચે તો બોલે-અટકાવે. પણ ત્યાગ કરે તો ન બોલે તે જ બતાવે છે કે સ્વજીવનનો અંકુશ ભોગોપભોગના નિયંત્રણથી આવે છે. માટે પ્રમાણથી અને પસંદગીથી ભોગ-ઉપભોગનું નિયંત્રણ કરવું. આ નિયંત્રણ વિશેષરૂપે વિરતિને સ્પર્શે છે. માટે ગરીબ કે શ્રીમંત બન્નેએ આનું નિયંત્રણ કરવું જરૂરી છે.

**આ નિયંત્રણ કે ત્યાગ, વિષય વિરાગ-વિમુખતાને ઉત્તેજિત (દ્રઢ) કરે છે. અને જીવને દ્રવ્ય-ભાવવિરતિને યોગ્ય બનાવે છે.** આ માટે શાસ્ત્રમાં ભોગોપભોગવ્રતમાં ૧૪ નિયમ ધારવાના બતાવ્યા છે.

આ નિયમો એટલે જીવને વાપરવાની સામગ્રીઓમાં નિયંત્રણ. આ નિયમોના કારણે જીવને આ બધી સામગ્રીમાં અને સામગ્રીના વધારે પડતા ઉપયોગમાં પાપબુદ્ધિ-આશ્રવબુદ્ધિ ઊભી રહે છે, પાપભય જાગે છે; એની નિવૃત્તિની ઇચ્છા અને શક્ય પ્રયત્ન ચાલુ રહે છે માટે ધર્માત્માઓએ અને ધર્મીબનવાની ઇચ્છાવાળાએ સાંસારિક સાધન સામગ્રીઓનો ઉપયોગ ઘટાડવો જોઇએ. તેમાં વિશેષતા (Quality) ઘટાડી સાદાઇ લાવવી, પ્રમાણ ઘટાડવું જોઇએ. આ અંકુશ જીવનને અનેક પાપમાંથી બચાવે છે, સંક્લેશથી બચાવે છે. **જીવન જરુરીયાતની ચીજોમાં સાદાઇ અને કરકસર એ ધર્મિપણાનું લક્ષણ છે.** ધર્મિઆત્માના જીવનમાં મોજશોખ અને આડંબર વધે નહિ. મોજશોખ અને આડંબર ભોગીપણાનું ચિહ્ન છે. **કંજુસાઇ વગરના અને મોજશોખ-આડંબર વગરનાનો ધનસંચય એ પ્રાય: મૂર્છારૂપ થતો નથી તે ભાવપરિગ્રહ નથી.** મોજશોખ-આડંબર પ્રિયતા એ ભાવપરિગ્રહ ભોગોપભોગ રૂપ છે માટે ધર્મની ઇચ્છાવાળા બધાએ ભોગ-ઉપભોગ ઉપર અંકુશ કેળવવો જરૂરી છે.

કાલોચિત જીવન વ્યવહારની સામગ્રી હોય, કુટુંબ પરિવાર સીદાય નહિ, તેવી વ્યવસ્થા થઇ જાય ત્યારે નવા ધન ઉપાર્જનનો ત્યાગ કરવો, ધર્મ આરાધનામાં તન્મય બનવું, સંઘના કાર્યો કરવા. મુખ્યવૃત્તિએ સંસારનો સંપૂર્ણ ત્યાગ કરીને સંયમ લેવું, સંયમ ન લેવાય તથા જ્યાં અનેક ભાગીદાર હોય અને વ્યાપારનો ત્યાગ ન કરી શકાય ત્યાં આવકને સંપૂર્ણ રીતે ધર્મક્ષેત્રમાં વાપરવાના સંકલ્પ પૂર્વક ટ્રસ્ટ કરવું. આ રીતે નવા ઉપાર્જિતથી આવતા પરિગ્રહનો ત્યાગ કરવો. જે આજ સુધી ઉપાર્જીત ધનનો પરિગ્રહ છે તેનો સંયમની પ્રાપ્તિ કરવા દ્વારા ત્યાગ કરવો, સંયમ ન લેવાય તો જરુરી સારા

મહત્વના કાર્યમાં વાપરવી, બાકીની ભવિષ્યના નિર્વાહ માટે રાખવી. પ્રાપ્ત થયેલી પડેલી રકમ ન વપરાય અર્થાત્ પોતાની પાસે પડેલી હોય ત્યારે પણ તેની હુંફ, તેનાથી ગૌરવ, તેનાથી પોતાની મોટાઇ, આનંદ ન રાખતા લક્ષ્મી પ્રત્યે ઉદાસીનતા રાખવી. આંશિક અરૂચિ રાખવી. **જેમ સ્થૂલ માણસ સ્થૂલતા પ્રત્યે અરુચિ રાખે છે. જેમ વૈરાગી દેવો દેવલોકની સામગ્રી પ્રત્યે ઉદાસીનતા અરુચિ રાખે છે. તેમ ધન પ્રત્યે ઉદાસીનતા રાખી સંભાળવું.**

આ રીતે ત્રણ ભુમિકામાં વર્તનારને જેમ પારકાનું ધન પરિગ્રહ નથી બનતું તેમ પોતાનું ધન પણ મમત્વના અભાવે-મૂર્છાના અભાવે વિશેષ પરિગ્રહરૂપ નથી બનતું.

આ જ રીતે પ્રથમનંબરે ભોગ-ઉપભોગ સામગ્રીનો પ્રાથમિકપણે સંગ્રહનો ત્યાગ કરવો અને પછી વપરાશનો પણ ત્યાગ કરવો.

બીજા નંબરે પ્રમાણ અને પસંદગીના સ્તરે બન્નેના સંક્ષેપ-સંકોચ-અલ્પતા કરવા.

ત્રીજા નંબરે એ ચીજોમાં જેનો સંગ્રહ-વપરાશ આવશ્યક છે તેમાં પણ જીવને વૈરાગ્ય ભાવનાથી વાસિત બનાવીને ઉદાસીનતા કેળવવી. આ રીતે ત્યાગ-સંક્ષેપ-ઉદાસીનતા દ્વારા પરિગ્રહમાં અને ભોગોપભોગમાં=વપરાશમાં મૂર્છા પરિગ્રહ ઘટાડવા.

**આનાથી વિપરિત ધન અને વસ્તુ હોય કે ન હોય પણ તે-તે ચીજની પસંદગી-આકર્ષણ મમતા હોય તો પણ પરિગ્રહનું પાપ લાગે છે. પ્રાપ્ત ચીજનો ત્યાગ કરવાના પરિણામ નથી, છોડી શકતો નથી. સંગ્રહ-રક્ષણ-માલિકીની મમતા-મૂર્છા છે તો તે પણ પરિગ્રહ છે. અપ્રાપ્તને મેળવવાની અને સંગ્રહવાની રુચિ-**

**પ્રયત્ન છે તે પણ પરિગ્રહ છે.** આ ત્રણે પ્રકારના પરિગ્રહોના મૂર્ચ્છાની માત્રા-પ્રમાણના હિસાબે અનેકાનેક ભેદ પડે છે.

એવી જ રીતે વસ્તુ-સામગ્રી વપરાશમાં હોય કે ન હોય, ઉત્તમ જાતની હોય કે હલકી હોય પણ વાપરવા માટેની, સંઘરવા માટેની મમતા-આકર્ષણ હોય તો ભોગોપભોગનું પાપ લાગે છે. મૂર્ચ્છા પરિગ્રહનું પાપ લાગે છે. આ ભાવ પરિગ્રહ છે.

**દ્રવ્યથી થોડું હોય કે ઘણું હોય પણ વાપરવાની-સંગ્રહની જે લાગણી અને મોકળાશ તે મૂર્ચ્છા કહેવાય.**

આ પરિગ્રહ જીવને અનંતાનંત કાળ સંસારમાં ભટકાવી રૌદ્ર દૂર્ગતિઓમાં રખડાવી શકે છે માટે તમામથી મુક્ત બની અનાસક્ત-અપરિગ્રહી-અભોગી બની છેવટે આત્મ-કલ્યાણને વરવા પુરુષાર્થ કરવો જોઇએ.



જિનદેશિત ધર્મક્રિયાઓને ફળવતી બનાવવા અને આત્મકલ્યાણ સાધવા **સાધનામાં આદર, આનંદ, શ્રદ્ધા અને પ્રવૃત્તિ જોઇએ છે.** પ્રવૃત્તિમાં કંટાળો-ગૌણતા-ઉપેક્ષા શ્રધ્ધાની અલ્પતાથી થાય છે. **જેની શ્રદ્ધા તીવ્ર એની પ્રવૃત્તિ ચોક્કસ, ઉત્સાહવાળી અને જ્ઞાનપૂર્વકની થાય છે. જ્ઞાન ન હોય તો પણ જ્ઞાન મેળવીને, જ્ઞાનીને પૂછીને, એને પરાધીન રહીને કરે. આરાધના કરીને ફરી જ્ઞાનીને જણાવે.**

શ્રદ્ધા રહિતને ચોક્કસાઇની જરૂર લાગતી નથી કેમ કે ચોક્કસાઇ સાથે કે તેના વિના થતું આત્મિક લાભ-નુકસાન થતું એને દેખાતું નથી. ઉત્સાહ પણ ભૌતિક આશંસા હોય તો હોય, નહિતર ઉત્સાહ પણ ન હોય. કારણ કે આધ્યાત્મિક ફળ દેખાતું નથી, આધ્યાત્મિક ફળની એની શ્રદ્ધા-રુચિની તીવ્રતા પણ નથી.

એને ધર્મક્રિયાની જરુરીયાત, વ્યવસ્થિતતા, એના લાભ-નુકસાન, વિધિ પદ્ધતિ વગેરે જાણવાની પણ જરુર નથી લાગતી. **ઇમીટેશન ઝવેરાતની જેમ કિંમત ન હોય તેમ શ્રદ્ધા વગરનાને મન ધર્મક્રિયા ઇમીટેશન જેવી છે, તેથી એની મહત્તા ન હોવાથી એના અંગેની જ્ઞાનની કે જ્ઞાની ગુરુની મહત્તા એના હૃદયમાં ન જ હોય.** માટે પ્રવૃત્તિને સાંગોપાંગ-વ્યવસ્થિત રસવાળી કરવા માટે શ્રદ્ધા અને રુચિ મોક્ષના કારણરૂપ અને ભવોભવના પાપકર્મનો નાશ કરવા સમર્થ છે તેવો અનુભવ થાય, લાગણી થાય તો તે શ્રદ્ધા પ્રવૃત્તિમાં સાંગોપાંગ પરિણમે.

આવી શ્રદ્ધા ઉત્પન્ન કરવા માટે બીજા કાર્યો પ્રવૃત્તિઓના આનંદને

ગૌણ કરીને સવારથી સાંજ સુધીની આપણી દરેક ક્રિયા યોગની, ભક્તિયોગની, જ્ઞાનયોગની, ત્યાગ-તપ વગેરેની પ્રવૃત્તિમાં સંસારી બધા વ્યવહાર અને કાર્યો કરતા પણ વધારે આનંદ આવે તો શ્રદ્ધા વધે, શ્રદ્ધા વધે તો આનંદ આવે. આ આનંદ એ મોક્ષ પ્રાપ્તિનું મૂળ છે. શ્રદ્ધાનું મૂળ આનંદ છે.

આનંદ ન આવે તો શ્રદ્ધા નથી તેમ માનવું પડે અને આનંદ આદરથી આવે. આદર એટલે અહોભાવ, ઉપકારીભાવ, પૂજ્યતાનો ભાવ, લાભકારી ભાવ, વિશિષ્ટપણાનો ભાવ, આ આદર જ્યાં સુધી સંસારની ચીજોમાં છે ત્યાં સુધી તેમાં આનંદ છે જ્યારે ચહાના ત્યાગીને ગરમ-ઠંડીની ચિંતા નથી હોતી, મિષ્ઠાન્ન ત્યાગીને માવો-મેસુરમાં કોઇ રુચિભેદ નથી હોતો.

**આપણી બુદ્ધિમાં જ્યાં સારા-નરસાપણું હોય છે ત્યાં આદર-અનાદર હોય છે. જ્યાં આદર-અનાદર હોય છે ત્યાં આનંદ કે ઉપેક્ષા હોય છે. આની તીવ્રમાત્રા થાય ત્યારે શ્રદ્ધા-અશ્રદ્ધામાં એ વ્યક્ત થાય છે અને શ્રદ્ધા એ સ્થાયી-કાયમી પ્રવૃત્તિનું કારણ છે અને જો પ્રવૃત્તિ ન હોય તો પ્રવૃત્તિ મેળવી આપે છે.**

અશ્રદ્ધા, અલ્પશ્રદ્ધા કે ઉદાસીનતા એ પ્રવૃત્તિને ધીમે ધીમે બંધ પાડે છે કે છોડાવે છે, માટે આરાધનાના ક્ષેત્રમાં સર્વત્ર પ્રવૃત્તિ પકડી રાખવી, પરંતુ સાથે આદર વધારવો, આનંદ વધારવો, શ્રદ્ધા વધારવી તો પ્રવૃત્તિ સ્થાયી-અપ્રતિપાતી થાય છે.

આ ત્રણને (આદર-આનંદ-શ્રદ્ધા) વધારવા માટે ગુરુ અને સાધુઓ ઉપર અત્યંત આદર જોઇએ. એમને જોતા આનંદ થાય. એમની સાથેના વ્યવહારમાં આનંદ થાય, એમના કામ-કાજમાં આનંદ

થાય, એ બાજુમાં બેસે-ઊભા રહે તો પણ ઠંડક લાગે, બાજુમાં બેસવાનું-રહેવાનું ગમે, દૂર રહેવાનું મન ન થાય. આનંદ અને આદરથી સાન્નિધ્ય ગમે છે-મળે છે.

એમના દ્વારા આપણને લાભ થાય તેવી આપણી યોગ્યતા ઘડાય છે. જેમ કંદોઇ ખાધા-પીધા વગર જાડો થાય છે કારણ કે એ પુદ્ગલો એના શરીરમાં પરિણમે છે. તેમ આદર અને આનંદથી સાધુ ભગવંતો કે ગુરુના વચન-પ્રેરણા વગર પણ આત્મગુણો અને ધર્મ પુષ્ટ થાય છે, ધર્મ ભાવનાથી જીવ વાસીત અને તન્મય બને છે માટે ગુરુઓ પ્રત્યે, સાધુઓ પ્રત્યે, ધર્મક્રિયા પ્રત્યે, ધર્મના ઉપકરણો પ્રત્યે, આચારો પ્રત્યે આદર અને આનંદ નિરંતર રાખનાર આત્માને શ્રદ્ધા સંપન્ન બનાવે છે.

શ્રદ્ધાથી કર્મનો ક્ષયોપશમ થાય અને પ્રવૃત્તિનું બળ આવે છે.

માટે આદર અને આનંદ વધારવા સ્વપ્નમાં પણ અનાદર, અરુચિ, તિરસ્કાર, ઉપેક્ષા, ઉદાસીનતા ન કરવી. તેનાથી ધર્મક્રિયા ચક્રવર્તી કરતાં પણ મહાસુખનું કારણ લાગશે, ઇન્દ્રો કરતા પણ મહાસુખનું કારણ લાગશે.

સંસારની વ્યક્તિ અને સામગ્રીઓ દુ :ખનું-મોહનું અને દુર્ગતિનું કારણ અનુભવાશે.

આ અનુભવ આવે ત્યારે આત્મા વૈરાગ્યમય બને અને વૈરાગી છેવટે વીતરાગી બની સિદ્ધિગતિ પ્રાપ્ત કરે છે.

# કડવા ફળ છે ક્રોધના

આપણને ક્રોધથી થતાં નુકશાનો સાંભળવાથી કે દેખવાથી કે અનુભવવાથી ઘણી વાર ક્રોધ ખરાબ છે, કરવા જેવો નથી, હવે હું નહીં કરુ આવા વિચારો આવે છે. નહીં કરવાનો નિર્ણય પણ કરીએ છીએ છતાં આપણને ન ગમતો પ્રસંગ બનતા કે આપણું ધાર્યું ન થતાં ગુસ્સો આવી જાય છે. તે વખતે શું વિચારવું તેના કેટલાક મુદ્દાઓ અહીં રજુ કર્યા છે.

**ક્રોધ ન થાય, ને થાય તો શાંત કરવાના ઉપાયો :**

૧. ક્રોધ સિવાય જેટલું બગડે છે તેના કરતાં ક્રોધ કરવાથી અત્યંત વધારે બગડે છે.

૨. ક્રોધ ન કરવાથી બહારનું બગડે છે, ક્રોધ કરવાથી બહારનું અને અંદરનું બન્ને બગડે છે.

૩. ક્રોધ ન કરવાથી સદ્‌ગતિ મળે છે, શાંતિ મળે છે, આરોગ્ય મળે છે. ક્રોધ કરવાથી દુર્ગતિની પરંપરા મળે છે, અશાંતિ મળે છે, રોગ-શોક-દુ:ખ મળે છે.

૪. ક્ષમાથી પુણ્ય અને ધર્મ થાય છે, ક્રોધથી પાપ થાય છે, ધર્મનાશ પામે છે.

૫. ક્રોધ ન કરવાથી માનનો પરાજય થાય છે, નમ્રતા આવે છે. ક્રોધ કરવાથી માન પણ આવે છે અને બે ભેગા થવાથી વધારે નુકસાન થાય છે.

૬. નાની-નાની બાબતમાં ક્રોધ કે બીજા દોષોનો નિગ્રહ કરવો સહેલો હોય છે. તે જેમ જેમ કરતા જઇએ તેમ સત્વ અને ક્ષયોપશમ વધે છે પછી ધીમે ધીમે મોટા દોષોનો પણ નિગ્રહ

કરવા જીવ સમર્થ બને છે.

૭. અચુંકારીભટ્ટાના દ્રષ્ટાંતથી અને બીજા કષાયના પરિણામોના ભયંકર નુકશાનો વાંચવાથી, વિચારવાથી, વારંવાર તે વિષયક શ્લોકોનો પાઠ કરવાથી, ચિંતન કરવાથી ક્રોધને રોકવાની શક્તિ આવે છે.

૮. કષાય-જયના, ક્ષમાના ફળો અને તેને યોગ્ય દ્રષ્ટાંત વારંવાર યાદ કરવાથી ક્ષમા રાખવાની ઇચ્છા દ્રઢ થાય છે, સત્વ-હિંમત આવે છે અને જીવ ક્ષમા કેળવી શકે છે.

૯. ક્ષમા રાખવાથી જીવ સૌભાગ્ય, આદેય-યશનામકર્મ ઉપાર્જન કરે છે અને દૌર્ભાગ્ય-અનાદેય-અપયશનામકર્મ ઘણા ખપાવે છે નીચગોત્ર પણ ખપાવે છે. એથી વિપરીત કષાય કરનાર દૌર્ભાગ્ય વગેરેને યોગ્ય બને છે સૌભાગ્ય આદિ નાશ કરે છે.

૧૦. કષાયને વશ થનાર ધીરે ધીરે તામસ સ્વભાવવાળો બને છે અને સત્વ-પુણ્ય હીન થતો જાય છે અને ક્ષમા રાખનાર ધીરે ધીરે સાત્વિક બને છે અને પુણ્યવાળો બને છે.

૧૧. કષાય કરનાર ભવોભવ ભટકે છે અને કષાયને રોકનાર-જીતનાર નિગ્રહ કરનાર પરિમિત ભવોમાં મોક્ષે જાય છે.

૧૨. આપણા ગુન્હા વગર પણ બીજાની ગેરસમજ કે રોફ વગેરેથી કરાતા વર્તનમાં પણ કષાયને રોકનાર નિગ્રહ કરનારને નુકસાન કરતા અધ્યાત્મિક અને ભૌતિક ઘણા લાભ થાય છે.

૧૩. સ્વસ્થતા, પ્રસન્નતા, 'Let Go'ની વૃત્તિ, ગંભીરતા, ઉદારતાના કારણે ક્ષમા રાખનારની આરાધના ડહોળાતી નથી, વિક્ષેપ થતો નથી, ગુણોનો હ્રાસ કે નાશ થતો નથી, ઊલટી આરાધના વધે

છે, ગુણોની માત્રા વધે છે.

આ વાતો વારંવાર યાદ કરવાથી જીવમાં શાંતિ-સમાધિ અને સદ્‌બુદ્ધિમાં તીવ્રતા-સ્થિરતા આવે છે.

કર્મના ઉદયથી તીવ્ર અશાતા આવે તો સહન કરવી પડે પણ પ્રસન્નતાથી સમતાથી સહન કરનાર પાપ ખપાવી પુણ્ય જ બાંધે છે.

તેમ ગુસ્સાના-અશાંતિના પ્રસંગો-સંયોગોમાં જીવ શાંતિ-સમતા રાખે તો આગળ વધે.

સંસારમાં કર્મના ઉદયથી વિષમ સંયોગોમાં ઘણું અપમાન-કટુશબ્દો-ટોણા જીવે પરાણે ઘણા સહન કરવા પડે છે અને બોલે તો બે ખાય, કોઇ રસ્તો હોતો નથી દેવલોકમાં પણ આ સ્થિતિ છે.

**જો જીવ ધર્મ પામ્યા પછી મનથી સહન કરવાને મક્કમ બને તો કર્મ એકાદ ભવ કદાચ હેરાન કરે, પણ પછી આગળ ફૂલની જેમ પૂજાય. માટે આ ભવમાં રડનારને ભવોભવ રડવાનું નવું ઊભું થાય છે. અને આ ભવમાં સત્વ કેળવી પ્રસન્નતાથી સહન કરનારને આગળના ભવમાં સહન કરવાનું આવતું નથી. કુરગડુની જેમ, ચંડરુદ્રાચાર્યના શિષ્યની જેમ.**

આ ભવમાં દીનતા વગર સહન કરવું જેમ શારીરિક કરતા માનસિક દુઃખ વધારે લાગે છે તેમ માનસિક દુઃખ સહન કરનારને પુણ્ય અને ધર્મ પણ ઘણો થાય છે. માટે સહન કરવામાં સત્વ ફોરવવું અને માનસિક સ્વસ્થ બની આરાધના કરવી.

ચારે ગતિમાં માનસિક શાંતિ ક્ષમા ધારણ કરનાર વૈરાગીને-ધર્માત્માને લેટ ગો 'Let Go' કરનારને જ હોય છે. અને પરલોકમાં અવશ્ય એને સદ્‌ગતિ પણ મળે છે.

# વૈરાગ્યનું વૈશિષ્ટ્ય

સંસારી જીવોને જીવન જીવતા અનેક સંયોગો-સામગ્રીઓની આવશ્યકતા રહે છે અને પુણ્યાનુસારે જીવ તે-તે સામગ્રીઓની પ્રાપ્તિ કરે છે. પુણ્યાનુસાર ભોગની જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ સામગ્રીઓ પણ અવારનવાર મળતી રહે છે. જેમ પુણ્યના પ્રકારો આશ્ચર્યકારી હોય છે તેમ ભોગના પણ પ્રકારો આશ્ચર્યકારી હોય છે. શાલિભદ્રજી, મહાકવિ માઘ આદિના ભોગવિલાસની સામગ્રી પણ સામાન્ય જનને આશ્ચર્યચકિત કરી નાખે તેવી હતી.

**વૈરાગ્યહીન** આત્માઓ સામાન્ય કે વિશિષ્ટ, તમામ સામગ્રીઓ તરફ આકર્ષાય છે અને તે મેળવવા ગમે તે પાપો કરવા તૈયાર થઇ જાય છે. **અલ્પવૈરાગી** આત્માઓ સામાન્ય દ્રવ્યોમાં આકર્ષાતા નથી. પરંતુ વિશિષ્ટ દ્રવ્યો, આકર્ષક દ્રવ્યો કે અતિ મૂલ્યવાન દ્રવ્યોનું આકર્ષણ તેમને પણ જાગી શકે છે અને તે-તે દ્રવ્યો મેળવવા જિનપ્રણીત આચારમાર્ગને નેવે મૂકવા તેઓ તૈયાર થઇ જતા હોય છે. પરંતુ **તીવ્ર** વૈરાગી આત્માઓને સંસારની ઉત્કૃષ્ટ કે વિશિષ્ટ અનુકૂળતાઓ પણ આકર્ષી શકતી નથી. **જેમ વાવાઝોડાનો પવન સામાન્ય દીપકની જ્યોતને બુઝાવી નાખે છે પરંતુ દાવાનલને સહાયક બને છે, તેમ તીવ્ર વૈરાગીને મળતી વિશિષ્ટ સામગ્રી પણ તેના વૈરાગ્યને પુષ્ટ કરનારી બને છે. મળેલી સમૃદ્ધિ કે અનુકૂળતાઓ આદિ અધવચ્ચે કે ક્યારેક પણ છોડવાના આવે કે છૂટી જાય તો પણ તે ખેદ કે ઉદ્વેગકર્તા નથી બનતી...તે જ રીતે તે તે સંયોગો અચાનક આવી મળે તો આનંદ કે આસક્તિથી ઉછળી ન પડે.** અન્ય સામાન્ય

રોજિંદી પ્રવૃત્તિની જેમ વિશિષ્ટ ઋદ્ધિ કે અનુકૂળતામાં પણ બહુધા અનાસક્તિયુક્ત પ્રવૃત્તિ હોય છે.

જેમ મિષ્ટાન્નાદિ ઉત્તમ ભોજનથી ધરાયેલા-પેટ ભરેલા માણસને કોઇના આગ્રહથી સંયોગવશાત ચણા-મમરા ફાકવા પડે તો એ ફાકવામાં એને આનંદ કેટલો હોય ? જેના ઘરે દશ ગાડીઓ હોય એને કોઇક કારણસર સ્કૂટર ઉપર બેસવું પડે તો એના મનમાં સ્કૂટરની મહત્તા કેટલી ? બેસવાનો આનંદ કેટલો ? જેને તે તે કાળે પ્રાપ્ય બધી જ વસ્તુઓ પ્રાપ્ત થયેલી હોય તેવા કોટ્યાદિપતિને કોઇ ૫-૨૫ રૂ.ની વસ્તુ આપે તો આપનાર પ્રત્યે અને વસ્તુ પ્રત્યે ગૌરવ-આદર કેટલા હોય ? જે મહાપંડિત હોય તેને સામાન્ય ગણિતના દાખલા કે ઉખાણા કેટલા ચમત્કૃતિકારક બને ? આમ જે વ્યક્તિઓ જે-જે વિષયમાં પરાકાષ્ટા પામેલ હોય તેને તે-તે બાબતની પ્રાથમિક કે ભ્રામક સ્થિતિ આનંદનો વિષય ન બને તે જ રીતે **તીવ્ર વૈરાગ્ય યુક્ત, ભવનિર્વેદસંપન્ન તથા સંવેગધારક આત્માને સંસારી તમામ ચીજોની કે તેની ઉપયોગિતાની કોઇ જ મહત્તા રહેતી નથી.**

આત્માના ગુણો અને આત્માના સ્વરૂપનો આનંદ અનુભવતો અને તેની પરાકાષ્ટાને પ્રાપ્ત કરવા મથતો આત્મા કાદવ સમાન સંસારી ચીજોની પ્રાપ્તિ અને તેના ઉપભોગમાં પોતાની મહત્તા અને સુખ સમજતો નથી પરંતુ નાનમ અને દુઃખ અનુભવે છે. આવા જીવોની તે-તે સાંસારિક પ્રવૃત્તિ કર્મનો અલ્પ બંધ અને અબંધ કરાવે છે.

પરમાત્માના આત્માઓ સંસારમાં ક્યાંય પણ અને ક્યારેય પણ લેપાતા નથી. કમળ જેમ પાણીથી ઉપર રહે તેમ પરમાત્મા આસક્તિ-મમત્વરૂપી પાણીથી કાયમ અલિપ્ત રહે છે. તેથી હૃદયથી

વિષયનો ભોગવટો ન હોવાના કારણે અનુકૂળ વિષયો પર રાગ કે પ્રતિકૂળ વિષયો પર અરુચિ દ્વેષનો ભાવ આવતો નથી. બન્ને પર સદાકાળ ઉદાસીન અને ઉપેક્ષાયુક્ત વર્તન રહે છે. તેથી પરમાત્માનો આત્મા પૂર્વના દેવલોકના ભવમાં તથા છેલ્લા ભવમાં ચક્રવર્તી-રાજાપણું આદિના ભવમાં ભોગ ભોગવવા છતાં કર્મની નિર્જરા તથા નવા કર્મનો અબંધ કરે છે, નિકાચિત કર્મો ખપાવે છે. તેમનો આત્મા સંયમ યોગ્ય ઉચિત કાળની રાહ જોતા સંસારમાં રહ્યો છે. અન્ય પણ અનેક આત્માઓ આવા હોય છે, જેમ પૃથ્વીચંદ્રાદિ....આવા આત્માઓને ભોગની મૂંઝવણ-મૂઢતા-આકર્ષણ હોતા નથી. આ યોગની છઠ્ઠી દ્રષ્ટિની વિશિષ્ટ ભૂમિકા છે. નિકાચિત કર્મ ન હોય તો સહજ પણે સંયમના માર્ગે પ્રવર્તે, જો ભોગાવલી આદિ નિકાચિત કર્મ હોય અને તેનાથી બાહ્ય રસ-ૠદ્ધિ અને શાતાની સામગ્રી હોય છતાં તેમાં ગૌરવ કે મમતા હોતા નથી. આ ભૂમિકા ન આવે કે કાચી હોય ત્યાં સુધી જીવ વિશિષ્ટ વૈરાગ્યની પરિણતિથી ભાવિત ન થયો હોવાથી નિમિત્તોની અસરથી રાગાદિના પરિણામોની વૃદ્ધિ થાય છે અને વૈરાગ્યની મંદતા થાય છે. આવા સમ્યગ્દ્રષ્ટિને યોગની ૫મી દ્રષ્ટિ હોય છે. જો પ્રલોભનોનો સામનો કરવાનું સત્વ છોડી દે, અનુકૂળતામાં ખેંચાય-મૂંઝાય તો દ્રષ્ટિ મલિન થાય અને ક્યારેક નાશ પણ પામે. સમ્યક્ત્વ પણ ચાલ્યું જાય. તેથી સંસારમાંથી છૂટીને મોક્ષ પામવા ઇચ્છનારે સતત શાસ્ત્રવચનોના અભ્યાસ, ચિંતન તથા ભાવનાથી વૈરાગ્યની વૃદ્ધિ કરવી. તેને પુષ્ટ કરવા સત્ત્વ ફોરવી હિંમત અને ધૈર્યથી અનુકૂળતાઓનો ત્યાગ કરવો અને પ્રતિકૂળતા આવે તો સમતાપૂર્વક વેઠી લેવી. વિષયો પ્રત્યે સહેજ પણ કુણી લાગણી ન રાખવી અને વિષયના વિપાકો વિચારી તેના પ્રત્યે તીવ્ર વૈરાગ્યપૂર્વકનો કઠોર ભાવ

પેદા કરવો જેથી આત્મા તેમાં ખેંચાય નહિ, ઢીલો ન પડે. **ઉચ્ચ સાધનાને અનુકૂળ થવા શરીરથી સહનશીલ અને કઠોર બનવું. જ્યાં જે વિષયો સંયોગવશ કે કર્મવશ ન છૂટે ત્યાં પણ વૈરાગ્યવાસિત અંત:કરણ બનાવી અલિપ્ત રહેવું.**

વૈરાગ્ય એ સંસાર પ્રત્યે નિર્વેદ સ્વરૂપ (કંટાળાસ્વરૂપ-અરુચિસ્વરૂપ) તથા મોક્ષ પ્રત્યે સંવેગસ્વરૂપ (તીવ્ર અભિલાષા સ્વરૂપ) હોય છે. **વૈરાગ્ય વિના સંવેગ આવી ન શકે અને કદાચ હોય તો પણ ભ્રામક હોય. વિશિષ્ટ વૈરાગી આત્મા સંસારમાં ક્યાંય ઠરે નહિ, અને ઠરે તો એ સાચો વૈરાગી નહીં.** વૈરાગી પોતાને સંસારથી પરપણે અનુભવે. હું સંસારનો નથી અને સંસારમાં પોતાનું કોઇ નથી, કાંઇ નથી. આ ભૂમિકાને સતત અનુભવતો આત્મા સતત આનંદની અનુભૂતિ કરે છે માટે શક્ય બધી જ આરાધનાઓ કરવા પૂર્વક સાંસારિક પ્રવૃત્તિઓ અને તેનો રસ ઘટાડવો અને તે માટે વાંચન-ભાવના-સદાચાર-જાપ અને પ્રાર્થના દ્વારા આત્માને ભાવિત કરવો અને તે દ્વારા આત્મિક આનંદની પ્રાપ્તિ કરવી. વૈરાગ્ય છેવટે વીતરાગતામાં અને સહજ આનંદ પરમ આનંદમાં પહોંચાડે છે.



# પક્કડ તોડે પ્રસન્નતાને

આ જગતમાં હીરા-સોનુ-ચાંદી વગેરેમાં બહારથી શું ઉમેરાય ? ધોવા વગેરેથી બહારથી માત્ર મેલ ધોવાય, પણ અંદરથી શું ઉમેરાય ? અંદરથી કાંઇ ઉમેરાતું નથી એનું તેજ-નૂર તો અંદર છે. આપણે એ જોવાનું છે કે આપણા આત્માની અંદર જે પ્રસન્નતા છે તે આત્માનું તેજ-નૂર-સુખ છે. તો આપણા આત્મામાં આ પ્રસન્નતા છે કે નહીં ? સિદ્ધો પ્રસન્નતાને પામેલા છે. સંસારી આત્માઓ અપ્રસન્ન બને છે આ અપ્રસન્નતા એ મેલ છે. એને કાઢવાનો પ્રયત્ન કરવાનો છે. મનની અપ્રસન્નતા-મેલ ક્યો ? મનમાં અનેક પ્રકારની અપ્રસન્નતા છે. એ કાઢવાના ઉપાયો કરવાના છે. એ નીકળી જાય તો આત્મા સદાને માટે પ્રસન્ન બની રહે છે.

કોઇ પહેલા ખાધે પીધે સુખી હોય પછી કમાય એટલે એની પ્રસન્નતા વધે છે પણ પછી ગુમાવે છતાં ખાધે-પીધે સુખી હોવા છતાં એ અપ્રસન્ન બને છે તો એની પ્રસન્નતા ક્યાં ગઇ ? **જે માણસ હતાશ ન થાય એ ક્યારેય અપ્રસન્ન ન થાય.** મરતી વખતે બધા પ્રસન્ન કે અપ્રસન્ન ? પ્રસન્ન કોણ ? જે એમ સમજે કે આ તો જેમ ઘર તૂટી-ફુટી ગયું હોય, કપડું જીર્ણ થઇ ગયું છે ને બદલવાનું છે. આરાધના કરી છે તો કપડું બદલવામાં અશાતા શાની ? અહીંથી દેવલોક કે સદ્‌ગતિમાં ગયા પછી માનો કે જાતિસ્મરણ થાય તો આપણે હતાશ બનીએ કે નહિ ! મનને ક્યારેય નિર્માલ્ય-કરમાયેલું નહીં બનાવવાનું. મનને માલ્ય-ખીલેલું રાખવાનું. **આપણાં કરતાં બીજી વસ્તુની કિંમત જ્યારે મનમાં વધારે થાય ત્યારે આપણે હતાશ**

**થઇએ છીએ.** સામાન્ય માણસ ખીસામાંથી ૧૦ રૂપિયા ગુમાવે તો તે હતાશ થાય છે જ્યારે શ્રીમંત માણસનાં ખીસામાંથી ૧૦૦ રૂ. પણ ઓછા થાય તો એને હતાશા નથી થતી. કેમ એમ ? એની પાસે શ્રીમંતાઇની હુંફ છે. તેથી એ હતાશ થતાં નથી. જે ગયું તેના કરતાં મારી પાસે વધારે મહત્ત્વનું છે, રહ્યું છે એમ જેને લાગે તે હતાશ ન થાય, પણ જે ગયું તે મહત્ત્વનું લાગે તો હતાશ થયા વગર રહે નહિ.

હવે આપણી પાસે મહત્ત્વનું શું છે ? તે વિચારીએ.

આપણી પાસે મહત્ત્વની બે વસ્તુ છે ૧) આપણો શાશ્વત આત્મા અને ૨) આપણી સદ્બુદ્ધિ. વિવેક ભરેલી બુદ્ધિ હોય એ મહત્વની છે. જ્યાં વિવેક ભરેલી બુદ્ધિ જાય ત્યાં આત્મા બાહ્ય ભાવોમાં હતાશ થાય. વિવેક ભરેલી બુદ્ધિ હોય તો આત્મા હતાશ ન થાય.

ટ્રેન પકડવા જનાર કોઇ મહત્ત્વની વાત કરવા રોકાઇ ગયો અને એમાં ટ્રેન ચુકી ગયો તો માણસ હતાશ થતો નથી. કેમ ? મહત્ત્વની વાત પકડાયેલી છે. પણ મહત્ત્વની વાત છૂટી જાય તો માણસ હતાશ બની જાય છે.

કોઇને પૂજા કરવાનો રોજનો નિયમ છે હવે એણે પૌષધ કરવો છે. એટલે પૌષધ કરવા માટે પૂજા છુટી ગઇ તો એને હતાશા થાય કે નહીં ? ન આવે. કેમકે પૂજા કરતાં મહત્ત્વની ચીજ પૌષધ છે, પૌષધમાં પૂજા આવી ગઇ. પૌષધ એ ભાવ પૂજા છે. જ્યારે પૂજામાં પૌષધ આવતો નથી. હવે કોઇને જીંદગીભર પૂજા કરવાનો નિયમ છે, હવે એ જો સાધુ બને અને પછી મનમાં હતાશા લાવે કે મારી પૂજા રહી ગઇ તો શું ?

આમ ક્યારે લાગે ? સાધુપણાની મહત્તા ન લાગી હોય તો

હતાશ થાય, પણ સાધુપણાની મહત્તા લાગે તો હતાશા ન આવે.

ટૂંકમાં મહત્ત્વની વસ્તુ ન પકડાય, મહત્ત્વની વસ્તુની મહત્તા ન સમજાય એ હતાશ બને, મહત્વની વસ્તુની મહત્તા પકડાય તો, સમજાય તો એને હતાશા ન આવે.

ઊંચુ-ચડીયાતું પુણ્ય આવે તો નીચેનો હોદ્દો છોડી ઊંચા હોદ્દાને મેળવે એટલે નીચો હોદ્દો છોડતા હતાશા ન આવે, પણ પુણ્ય ઓછું હોય ને નીચેનો હોદ્દો છોડવો પડે તો હતાશા આવ્યા વગર ન રહે. **આપણા મનની પ્રસન્નતા કાયમ માટે ટકે એ માટે ધૈર્ય જોઇએ, વિવેક જોઇએ, તો એને લીલાલહેર લાગે. મારા ધૈર્ય-વિવેક કરતાં દુનિયાની કોઇ ચીજ મહત્ત્વની નથી.**

ઉતાવળથી દોડતા પડી જવાય એનાથી એક કામને બદલે અનેક કામમાં નુકશાન થાય. મોડા પહોંચવામાં કદાચ એક જ કામ બગડે. ઉતાવળમાં ક્યારેક એક્સીડન્ટ પણ થાય. જેના દ્વારા અનેક કામો બગડે. માટે મહત્ત્વની વાત ન સમજાય ત્યારે આવી પરિસ્થિતિ થાય છે. માટે મહત્વને સમજવાનું છે. અને રોજ મનથી નિયમ કરવાનો છે. આપણા મનમાં રોષ ક્યારે આવે ? ખોટું વાંચવાથી વિચારવાથી...

શાસ્ત્રમાં આવે છે 'લખતા-વાંચતા-બોલતા-કાનો માત્રો આગલો ઓછો ભણ્યો ગુણ્યો' આનાથી જ્ઞાનાવરણ કર્મ બંધાય છે. આની પાછળ કાંઇ કારણ ? તમારી ચોકસાઇ જાય માટે જ્ઞાનાવરણ કર્મ બંધાય. દરેક જગ્યાએ ચોકસાઇ જોઇએ. ચેક ૧૦ હજારનો લખવાનો હોય એના બદલે ૧ મીંડું વધી જાય અથવા તો એક મીંડું ઘટી જાય તો શું થાય ? માટે માણસે દરેક વાતમાં ચોકસાઇનું મહત્ત્વ રાખવું

જોઇએ. ચોકસાઇ હોય તો હતાશ ન થાય. શ્રેણિક મહારાજને નરકના આયુષ્યનો બંધ થઇ ગયો. ભગવાન દ્વારા જાણ્યું, હતાશ થઇ ગયા, ભગવાન પાસે ઉપાય પૂછ્યો. ભગવાન તો કેવલજ્ઞાની છે. સઘળું જાણે છે છતાં એમની હતાશા હટાવવા માટે વિકલ્પો બતાવ્યા, આ અશક્ય હતું-નરકાયુ બાંધેલુ તુટવાનુ નહોતું. હતાશ થવાથી કોઇ કાર્ય હટતું નથી. ધૈર્યથી જ હટે છે. જેમ ડોકટરે હાથ ખંખેરી નાખ્યા હોય, હવે માણસ મરવાને વાંકે જીવતો હોય એવા સમયે આંસુ સારીને હતાશ થાય તો ચાલે ? તો આ હતાશા બદલાય શી રીતે ? તે વખતે બુદ્ધિથી કામ લે, અને ત્યાં બુદ્ધિ વડે ધર્મની મહત્તા સમજાય તો ધર્મને શરણે જાય તો હતાશાથી બચી શકે છે.

બુદ્ધિ-લક્ષ્મી-પરિવાર-વિવેક વગેરે ન હોય તો આવે ક્યારે ? ઉત્સાહ પણ હૃદયમાં ઉત્પન્ન ક્યારે થાય ? સંસારી પણ બધા અનુકૂળતામાં છાતી કાઢીને ફરતાં હોય પણ જ્યાં પરિસ્થિતિ બદલાય અને દીન-હીન બને. આ હતાશા કેમ ? મન કોનું પ્રસન્ન ! સમુદ્રમાં પાણી હોય પણ ઊંડાણમાં ફરક પડે છે. બધે સરખું પાણી ન હોય બધે સરખી ઊંડાઇ ન હોય. વધ ઘટ થાય, પણ પાણી ઉપર ચાલનાર વહાણને કોઇ આડ આવતી નથી. એમ **આ સંસારની બધી પરિસ્થિતિમાં જે આત્મા પાણી ઉપર ચાલતા વહાણની જેમ ઉપર ઉપરથી રહે છે. અર્થાત્ દરેક પરિસ્થિતિથી અલગો રહે છે તેને હતાશા થતી નથી, હતાશા આવતી નથી, પણ અંદર ઉતરે તો એને હતાશા આવે છે. સંસારની પરિસ્થિતિમાં કાયાથી, પ્રવૃત્તિથી હળવું ભળવું પડે પણ જો મન એમાં ન ભેળવે તો હતાશા નથી આવતી.** ચક્રવર્તી સંસાર છોડીને દીક્ષા લઇને નીકળે છે અને એની પાછળ લાવલશ્કર છ/છ મહીના સુધી ફરતા હોવા છતાં ચક્રવર્તી

પાછળ પણ જોતા નથી અને મન ઉપર કાંઇ લેતા નથી તો એની મનની પ્રસન્નતામાં કોઇ જ વાંધો આવતો નથી. એટલે **મનની અપ્રસન્નતાનું કારણ પરિસ્થિતિને આપણે મનની ઉપર લઇએ છીએ. મમતાથી વળગીએ છીએ તે છે.** જરાંક નરમ-ગરમ રોટલી આવી, રહા ઠંડી આવી અથવા રસોઇ ઠંડી આવી, મન અપ્રસન્ન બને છે. ઢોર ને કોઇ દિવસ ગરમ ઠંડી રસોઇ ખાવા મળે છે ? ગરમ-ઠંડામાં માણસ ફસાય છે મનને કારણે. એટલે આ સંસારની કોઇ પણ ચીજ પ્રત્યે જે મહત્તા નથી રાખતો તેનો આત્મા ક્યારેય નિર્માલ્ય નથી બનતો, તે ક્યારેય હતાશા નથી અનુભવતો.

માણસ ઉદાસ ક્યારે હોય ? મનમાં કોઇનો કબજો આવે ત્યારે. જ્યારે આત્માનો આત્મા ઉપર કબજો હોય તો એને ક્યારેય હતાશા ન આવે, તે ક્યારેય ઉદાસ ન બને. જેને ચિત્ત પ્રસન્ન રાખવું હોય તેણે ક્યારેય પોતાના મનને હતાશામાં ન રાખવું.

દેવતા ચક્રવર્તી સનત્કુમારની પ્રશંસા કરવા આવે છે. દેવલોકમાં ઇન્દ્રે સનત્કુમારના રૂપની પ્રશંસા કરી છે. એટલે રૂપ જોવાને માટે સીધા સ્નાનઘરમાં ગયા. ઉતાવળીયા માણસને ક્યાં જવું એ ખબર ન પડે. દેવો તો રૂપ જોવા આવ્યા હતા. રાજસભામાં રૂપ વ્યવસ્થિત દેખાય કે સ્નાન ઘરમાં ? દેવ સ્નાનઘરમાં રૂપ જોઇને રાજી થયા. ઇન્દ્રે સનત્ કુમાર ચક્રવર્તીના રૂપની પ્રશંસા કરી પૂર્વે થઇ ગયેલ કોઇ ચક્રવર્તીના રૂપની પ્રશંસા ઇન્દ્રે નહોતી કરી કેમ ? બીજા કોઇ ચક્રવર્તીનું રૂપ સનત્કુમાર જેવું નહીં, માટે એમના રૂપની પ્રશંસા કરી દેવો આનંદિત થયા એટલે સનત્કુમાર ચક્રી કહે છે કે આ શું જુઓ છો ? રૂપ જોવું હોય તો રાજસભામાં આવજો...બંનેની દ્રષ્ટિમાં

ફરક છે. તફાવત કેટલો બધો...રૂપના ઉપર હુંફ નથી પણ આભૂ રૂપ સવાયું કહેવાય. એમ ચક્રવર્તીના મનમાં હતું. જ્યારે દેવોને તો શરીરનું રૂપ જોવું હતું. ચક્રવર્તી રાજસભામાં ગયા. દેવો પણ રાજસભામાં આવ્યા. રૂપ જોયું અને મોં બગાડયું. કેમ શું થયું ? રાજન્ ! તમારી કાયામાં ૧૬ રોગ ઉપન્યા છે અને ચક્રવર્તીએ પલકવારમાં બધું જ છોડી દીધું. કેમ ? **''ધર્મથી મળેલું પુણ્ય જ્યારે વાંકુ ચૂંકુ થાય ત્યારે ધર્માત્મા પુણ્યને પકડી ન રાખે પણ એ ધર્મને પકડવા જાય.''** લક્ષ્મી જતી હોય ત્યારે એની પાછળ પડવું કે એ લક્ષ્મીને ઉછાળી દેવી ? આરોગ્ય કથળે ત્યારે શરીરને પકડવાનું કે ધર્મને ? જ્યારે પરિસ્થિતિ બગડે ત્યારે ધર્માત્માઓ પરિસ્થિતિને પકડવા બેસતા નથી. એ પરિસ્થિતિથી પોતાની મહત્તા આંકતા નથી, એ તો ધર્મના શરણે ચાલ્યા જાય છે. ધર્મી-જ્ઞાની આત્માઓ ગર્વ કરતાં નથી, નમ્ર બને છે તેમ ચક્રવર્તી વગેરે પણ ગર્વ ન કરતાં નમ્ર બને છે. શાલીભદ્રને ન્યૂનતા લાગી. જ્યારે સાંભળ્યું કે મારા માથે પણ માલિક છે એટલે તરત જ ઊભા થઇ ગયા, છોડવાનું મન થયું. છોડી દીધું પણ હતાશ ન થયા. હતાશ હોય તે મૂકવાનું મન ન કરે, હતાશ ન હોય તે છોડતા વાર નથી કરતા. સંસારી આત્માઓ વીંટીથી હાથની શોભા માને છે, ધર્માત્માઓ વીંટીથી હાથની શોભા નથી માનતા. અને વીંટીથી હાથની શોભા ન માની તો જ ભરત ચક્રવર્તી જેવા એક એક આભૂષણો ઉતારતા ગયા અને છોડી દીધો સંસાર. ધર્માત્માને મન વીંટીની કિંમત નથી. પરમાત્માની કિંમત છે. એટલે જ આભૂષણ પહેરીને પરમાત્માની પૂજા-ભક્તિ કરે છે. કેમ ? તો કહે બાળજીવો એ જોઇને આકર્ષિત થાય. ભગવાને શ્રેણિકને શા માટે કહ્યું ? તો કે એમની હતાશા ટાળવા માટે.

ભવાંતર સુધારવા માટે માણસે હતાશ ન થવું. પણ પરિસ્થિતિ બગડતા ધર્મના શરણે જવું.

**મરતાં માણસને ડોકટર સદ્ગતિ આપી શકે નહીં પણ મરતો માણસ અંતિમ અવસ્થામાં પણ ધર્મ સ્વીકારે તો ધર્મ એને સો ટકા સદ્ગતિ અપાવ્યા વગર રહે નહીં.**

નવકાર ક્યારે ગણવાનો ? સુખમાં કે દુ:ખમાં ? બંને અવસ્થામાં. પુણ્ય પ્રકાશનું સ્તવન ક્યારે વાંચવાનું ? પુણ્ય પ્રકાશનું સ્તવન છે મરણ પ્રકાશનું નથી તો આ સ્તવન મરણ અવસરે જ વાંચવાનું કે રોજ ? રોજ વાંચવું જોઇએ, એના દ્વારા આત્માની પરિણતિ સુધરે છે. શુભભાવની પરિણતિ વધે છે. માટે રોજ એનું વાંચન જોઇએ જેથી હતાશા દૂર થયા વગર રહેશે નહિ.

ચિત્તની અપ્રસન્નતાના કારણો અને સ્વરૂપ બંને વિચારવા જોઇએ. હતાશા એ ચિત્તનું સ્વરૂપ કે કારણ કહેવાય ? હતાશા=વિકૃતચિત્તનું સ્વરૂપ. એનું કારણ ચિત્તમાં રહેવી વસ્તુની મહત્તા. તેથી વસ્તુ જતી રહે એટલે એનાથી હતાશા આવે.

ચિત્ત નિર્માલ્ય બને-પાવર ઉતરી જાય એટલે જેમ સશક્ત માણસ સુસ્ત બને તેમ ચિત્ત હતાશ બને છે. જેને સ્વાભાવિક સ્ફુર્તિ છે તેને બીજી કોઇ કેફી ચીજની જરૂર નથી...કોઇપણ વસ્તુની તમે મહત્તા કરો એટલે ચિત્ત નિર્માલ્ય બને. સશક્ત માણસ-લક્ષ્મીવાળો માણસ નમ્ર હોય કે અક્કડ ? ભૌતિક કે આધ્યાત્મિક કોઇપણ શક્તિ તમારી પાસે હોય પણ એની પાછળ તમારામાં નમ્રતા કે અક્કડતા ? શક્તિથી આપણું ગૌરવ કે આપણાથી શક્તિનું ગૌરવ ? શક્તિથી પોતાનું ગૌરવ માને તે શક્તિ જાય એટલે માણસ દીન બની

જાય. શક્તિ આપણને મળે છે એટલે જે કાંઇ વસ્તુ મળે છે તેની મહત્તા કે માણસની ? કોઇને હજાર રૂપિયા બક્ષિસ આપી, તો એમાં મહત્તા કોની ? વસ્તુની કે માણસની ? અનંતભવોમાં અનેક વસ્તુઓની પ્રાપ્તિ થઇ અને મૂકી આવ્યા તો મહત્ત્વ કોનું ? ઘરડો માણસ લાકડીના ટેકે ચાલે તેમાં મહત્તા કોની ? લાકડીનો ટેકો ૧) આની-પણ પગની ૧૫ આની મહત્તા બને છે.

શાસ્ત્રમાં બે પ્રકારના વૈરાગી બતાવ્યા. ૧) પાંચ ઇન્દ્રિયના વિષયોના ત્યાગી અને ૨) આત્માના ગુણો જે ક્ષયોપશમ ભાવના છે એનો સદ્ઉપયોગ ભલે કરે પણ એનાથી ચિત્ત બીજા ઉપર તિરસ્કારવાળુ ન બને. આ બીજા પ્રકારનો વૈરાગ્ય છે. આ નીચેનો (બીજો) વૈરાગ્ય પ્રથમ આવવો જરૂરી છે, તેના દ્વારા ચિત્તની સ્વસ્થતા થાય છે. ગાંડો માણસ ડાહ્યાનું ન માને તો ડાહ્યો ગુસ્સો કરે તો એ ડાહ્યો ન કહેવાય. પણ જો એને ગુસ્સો આવતો હોય કે મારું કહ્યું માનતો નથી તો ય ડાહ્યો ન કહેવાય. કોઇપણ જાતની પક્કડથી આત્મા હતાશ બને છે.

**કોઇપણ વાતની વિવેક પૂર્વક પક્કડ કરીએ એને પક્કડ ન કહેવાય પણ છોડવાના અવસરે પણ ન છોડે તો એને પક્કડ કહેવાય.** દાનાદિ આપવાના અવસરે સુકૃત કરવાનું ન કરે તો એ પક્કડ કહેવાય. જ્યારે આપત્તિ આવે ત્યારે કાકા-મામાને યાદ કર્યા કરો તો એ સ્વસ્થ ન બનાવે, ધર્મ કરતાં અટકાવે. ત્રણ દહાડા પછી મૃત્યુ છે એવું કોઇ જ્ઞાની કહે અને કહે "અઠ્ઠમ કરો સદ્ગતિ થશે" તો તરત જ અઠ્ઠમ થાય છે. જ્યાં સુધી જેની પક્કડ હોય ત્યાં સુધી એનાથી વિરુદ્ધનું કે વસ્તુનું કાર્ય થતું નથી. વ્યક્તિ-વસ્તુ-ધારાધોરણ આ સંસારના છે એનાથી કોઇ પણ વસ્તુ પકડાય તો ચિત્ત શાંત ન રહે.

શ્રીમંત માણસ કપડું ક્યાંક ફાટી ગયું તો એને શરમ લાગે જેને કપડાની પક્કડ હોય તેને શરમ લાગે. કોઇ ટીકા કરે તો શરમ લાગે છે. કારણ મારા કપડા વ્યવસ્થિત જોઇએ આ પક્કડ છે. ''વસ્તુથી આપણી કિંમત નથી પણ આપણાથી વસ્તુની કિંમત છે.'' શિષ્ટાચારથી આપણે રહીએ એ વાત જુદી છે. કોઇએ માન ન આપ્યું તો ધુંવા પુંવા થાઓ ? એને માન આપવું ન આપવું એનો સ્વભાવ છે આપણે આપણામાં સ્વસ્થ રહીએ તો કાંઇ ન થાય. પણ જે માનનો ભૂખ્યો હોય તેને ગુસ્સો આવે. માન ખાતર-પ્રતિકૂળતાથી ગુસ્સે ન થવાય. આપણે કોઇના આધારે સંસારમાં રહીએ છીએ કે બીજા પોતાના આધારે છે ? સૌ સૌના પુણ્યના આધારે સંસારમાં રહેલા છે. એટલે જ્યાં વિવેક જાય ત્યાં આત્મા અસ્વસ્થ બને છે. પોતાનું ધારેલું ન થાય એટલે અસ્વસ્થ થઇએ છીએ. પણ ઉચિત નભાવી લેવાનું કરીએ તો કોઇ અસ્વસ્થતા થવાનું ન થાય. આપણી લાગણી કોઇની જોડે પણ ચોંટીને બંધાઇ જાય તો ત્યાં અસ્વસ્થતાની ભૂમિકા બંધાય છે એટલે માણસે પક્કડ ક્યાંય ન રાખવી જોઇએ. ઔચિત્ય રાખવું એટલે ક્યારે ગૌણ-મુખ્ય કરવું એ ખ્યાલ રાખવાનો. દા.ત. બાપાએ દુકાને આજે જવાની ના પાડી તો હવે તે વખતે શું કરે ? દુકાન જોરદાર ચાલતી હોય, કોઇ બીજી જાતનો વાંધો ન હોય અને તેવા અવસરે પિતાએ કહ્યું હોય તો શું થાય ? પક્કડ ન હોય તો ઔચિત્યથી તેનો વિચાર કરીને બાપાની વાતનો સ્વીકાર કરે. વીંટી ૫૦ હજારની હોય કોઇ લાખ આપવા તૈયાર થાય તો તે વખતે આપી શકાય ? પક્કડ હોય તો ન આપે અને સ્થિતિ ડાઉન થઇ હોય તો ૫૦ હજારની ૪૦ હજારમાં ગીરવે પણ મૂકવી પડે. સંસારમાં ક્યાંય

પક્કડ ન ચાલે. કરોડપતિના ઘરે શોકનો પ્રસંગ હોય તો માલપાણી કોઇને ખવડાવે તો ચાલે ? ઓચિત્ય બધે જોઇએ. પક્કડ ક્યાંય પણ ન ચાલે. ભગવાને શું કહ્યું ? સાધુ સમુદાયમાં રહે છે પણ જ્યારે જિનકલ્પ સ્વીકારે ત્યારે સમુદાય બીજાને આપીને એકલા જાય તે વખતે હું સમુદાય છોડીને ન જઉં ? આ ન ચાલે. શાસ્ત્રમાં ૩ પ્રકારના રાગ બતાવ્યા કામ રાગ, સ્નેહરાગ ને દ્રષ્ટિ રાગ. ભગવાનની ઉપર ગૌતમને મમતા હતી એ સારી હતી પણ પક્કડવાળી મમતા હતી તેથી કેવલજ્ઞાન થતું નહોતું. પાત્ર સારું હતું પણ ભગવાન મોક્ષે ગયા એટલે અંદરની જે દ્રષ્ટિ હતી તે ખુલી અને ખુલેલી પક્કડે સ્નેહરાગ મૂકાવ્યો અને કેવળજ્ઞાન થયું. જેને સ્નેહ રાગ વ્યક્તિ પર હોય પણ એ વ્યક્તિ પ્રત્યેની પક્કડ જાય ત્યારે તૂટે. મિત્ર મિત્ર વચ્ચે ગાઢ સ્નેહ હોય છે પણ બે વચ્ચે ઝગડો થાય અને પરિસ્થિતિ તીવ્ર બને ત્યારે સ્નેહ તૂટે અને દ્વેષની પક્કડ આવે. એટલે સ્નેહ કે દ્વેષની બંને પક્કડ નકામી છે. વિષય ગમે તેટલો સારો હોય પણ પક્કડ હોય તો તે નકામોજછે. જીવને જ્યારે વસ્તુ વિષે પક્કડ આવે છે ત્યારે એ સમતોલપણું ગુમાવી દે છે. પાડોશીને ત્યાં કોઇ મરે અને આપણા ઘરે કોઇ મરે લાગણીમાં ફરક પડે છે. કારણ અહીં લાગણીના સંબંધો ને પક્કડ છે. પાણી ચુલા પર હોય તો ગરમ થાય પણ નીચે ઉતારો તો ઠંડુ પડે છે પણ ચુલા પર હોય તો ઠંડું ન થાય. એમ લાગણીઓ જોડેલી હોય સાથે પક્કડ હોય તો સ્વસ્થ થઇ શકતો માટે નથી...સાધુ સુખી કેમ ? તેઓ ઔચિત્યાદિમાં અપેક્ષા રહિત છે.

અષાઢાભૂતિ પક્કડવાળા થયા કે દેવતા અહીં આવતા નથી ૧-૨-૩ સાધુને નિર્યામણા કરાવી પણ દેવ થઇ આવ્યા નહીં એટલે પક્કડ આવી કે દેવતા નથી એમ માની લીધું. પોતાને જે અનુભવ ન

થાય એટલે આ વાત ખોટી છે. એમ માને તો શું થાય ? નાના સાધુ દેવ થયા-આવતા વાર થઇ. ગુરુ સંસારમાં જવા તૈયાર થઇ ગયા છે. હવે દેવ આવ્યા પહેલાં છ મહીના નાટક કર્યું. કાળ પસાર કર્યો...કેમ ? દેવલોકમાં છ મહીના એક સેકંડમાં પૂરા થાય છે. એ બતાવવા માટે. ગુરુએ પૂછ્યું કેમ મોડું કર્યું અરે ! છ મહીનાથી આ નાટક ચાલે છે શિષ્ય પ્રત્યક્ષ થયો. આરાધનાના કારણે હું દેવ થયો છું. એમ કહી શાસ્ત્રની વાત ગુરુ છોડવા તૈયાર થઇ ગયા હતા ત્યાં એમને સ્થિર કરવા માટે અને પક્કડ છોડવા તૈયાર કર્યા. ભગવાનના વચન સોએ ટકા માનીને આપણી શ્રદ્ધાને મજબૂત કરવા તર્ક કરીએ તો વાંધો નહી પણ આ સાચું હશે કે ખોટું એમ તર્ક કરવા જાય તો ન ચાલે. ઝવેરી હીરાને હીરા માનીને ચાલે, જ્ઞાનને વિશદ કરવા માટે તપાસ કરે.

જે આત્મામાં કોઇપણ જાતની પક્કડ આવીને ઊભી રહે તે આત્મા નીચે ઉતરવા લાગે છે.

પચ્ચક્ખાણમાં મહત્તરાગારેણં નો આગાર આવે છે. આપણે ત્યાં અનશન નથી કરાવાતું. કેમ કે અનશન કરે અને બધે જાહેરાત થાય અને બધા જોવા આવે એમાં જો દુર્ધ્યાન થાય તો દુર્ગતિ થાય. આવું થાય માટે આપણે ત્યાં અનશન કરાવતા નથી પણ એક-એક ઉપવાસના પચ્ચક્ખાણ અપાય છે. પણ જ્યાં દુર્ધ્યાન થાય એવું લાગે તો તરત પારણું કરાવાય છે.

સ્નેહરાગ જેમ આરાધનામાં રૂકાવટ કરે છે.

કામરાગ એ પાંચ ઇન્દ્રિયના વિષયો જે ગમે એ પણ એક જાતની પક્કડ છે.

નાની નાની વાતોમાં પક્કડવાળા માણસો અપસેટ થઇ જાય છે. પક્કડ હોય ત્યારે માણસ નભાવવા તૈયાર થતો નથી. કામરાગની પક્કડ જીવને વિષમ પરિસ્થિતિ આવતા અકળામણ કરાવે છે.

એટલે અપ્રસન્નતા કરાવનાર મુખ્ય બે કારણ ૧) હતાશા અને ૨) પક્કડ. આ હતાશા અને પક્કડ હોય તો ? સંસારના વ્યવહારમાં હતાશા હોય તો હિંમત અપાય, ધર્મના કાર્યમાં હતાશ થાય તો ? જેમકે પહેલા તપ કરતો હતો હવે નથી કરી શકતો. પૂજાદિ કરતો હતો પરિસ્થિતિના કારણે હવે નથી કરી શકતો તો શું કરવાનું ?

શ્રાવકને નીચ ગોત્ર-દુર્ભગ-અનાદેય-અપયશનો યોગ ન હોય. શ્રાવક આચાર સંપન્ન હોય. જે આચારસંપન્ન બને તેને દુર્ભાગ્ય-અનાદેય અપયશ દૂર થાય છે. એમ શાસ્ત્ર કહે છે. શાસ્ત્રમાં મર્યાદા બતાવી છે કે ચારે બાજુથી અપમાન થતું હોય તો શું કરવું ? તો કહે જ્યાં કોઇ ઓળખતું ન હોય ત્યાં જઇ ધંધાદિ કરવા આ એક દૃન્યવી ન્યાય છે. કોઇ કર્મ કે અકાર્યથી નીચે ઉતરી ગયા હોય, ચિત્તમાં હતાશા છે, બધાના ટોણા ખમી શકતા નથી તો શ્રીમંત કે ગરીબ ત્યાં જ બેસી ન રહે, બીજે જાય આ એક ઉપાય છે. હવે ગરીબ કાયમ ગરીબ જ રહે એવો નિયમ નથી એટલે હતાશા આવે તો શક્તિ મુજબ કાર્ય કરવું. જેમ પચે નહીં. તો જે પચે તે વાપરે, થોડું વાપરે. તેમ વેપાર કે નોકરી અવસરે કરવી પડે. નોકરીયાત પ્રાય : દેવાળુ ન કાઢે. પ્રમાણિક હોય તો બીજે નોકરી મળી રહે, પણ અપ્રમાણિક હોય તો પુણ્ય હોય ત્યાં સુધી ચાલે બાકી બધે ખત્તા ખાય. સારું શું નોકરી કે વેપાર સામાન્યથી સાદાઇના જીવનથી જે આત્મા જીવી શકે તેને સામાન્યથી નોકરી કરવાની મનાઇ છે. કેમકે નોકરીવાળાનું

ભાગ્ય બંધાઇ જાય. જ્યારે વેપારમાં એક સીઝન એવી આવી જાય ત્યારે એનું ભાગ્ય ખીલી ઉઠે એટલે કાયમ માટે નોકરી કરવાની નથી કહી આ એક હતાશા દૂર કરવા માટેનો વ્યવહારિક ઉપાય છે. વેપાર કરતા નોકરીનું સ્થાન નીચું છતાં સ્થાન શાંતિનું, પણ પરિસ્થિતિ બદલાય ત્યાં સુધી. ભાગ્ય આગળ વધતું દેખાય તો વેપાર વધારે નોકરી ઘટાડે. બાપની શક્તિ અને પરિસ્થિતિ ન હોય અને દીકરાને કાઢી શકાય એમ ન હોય તો બાપ હતાશ થાય ને ઘરમાંથી નીકળી જાય કે રહે ? હવે બાપ દીકરાને ઝગડો થતો હોય ત્યાં બાપે શું કરવું ? બાપ ને દીકરો પગભર નથી અને સાથે મેળ નથી તો તે વખતે દીકરાએ શું કરવું ? તમારા ભાગીદાર હોય બેઆની વેપાર માટે ઝગડો થાય તો ? હવે વેપાર બંધ થાય એવો ન હોય શું કરે ? તો ઇલેક્ટ્રીક ધંધો કરનાર વાયરમેન વાયર ઉપર કામ કરવાનું હોય ત્યારે સ્વીચ ઓફ કરીને જેમ કામ કરે તેમ બાપે દીકરાની સાથે વ્યવહાર સુધારવો. એ સુધરે એવો ન હોય તો સાવધાનીથી રહે. **વ્યવહારમાં ક્યાંય પણ હતાશા આવતી હોય તો થોડું સમજાવટથી સહન કરીને શક્ય રસ્તા કાઢવા પડે. શક્ય રસ્તો ન કાઢીએ તો કાયમ માટે ચિત્ત અપ્રસન્ન રહે.** દીક્ષા ન લઇ શકતા હોય તો ધર્મ નહી કરવો ? સંસારની હતાશા આવે નહીં ત્યાં સુધી ધર્મનો આશરો મળે નહી...ઘરમાં રહેલા ડોસાઓ પણ જ્યાં સુધી છોકરાઓ ઘરમાં સંભાળનારા હોય ત્યાં સુધી ઉપાશ્રયમાં આવવાનું મન ન થાય...ઉપાશ્રયમાં આવે તો સામાયિક આદિ થઇ શકે છતાં ઉંમર થયા પછી પણ ઉપાશ્રયાદિમાં આવવાનું મન ન થાય અને બજારમાં ફરવા જાય. હતાશ થયેલો માણસ દેશાંતર કરે છે પણ ધર્મ સ્થાનમાં નથી આવતો કારણ ? ત્યાંની હતાશા કરતાં પણ અહીંનો ધર્માદિ

સ્થાનનો અણગમો વધારે લાગે છે.

હતાશ માણસે પણ નિરર્થક બેસવું નહીં. નાના નાના ઉદ્યમ કરવા. મીઠો વ્યવહાર અને શાંત વ્યવહાર બીજા સાથે રાખવો. જેનો શાંત અને મીઠો વ્યવહાર હોય તેને પ્રાય : બીજાની સાથે હતાશા ન મળે. ધર્મ કરનારે ઘરનું કામ છોડી દેવું કે કરવું ?

ધર્મ નહીં કરનાર વૃદ્ધે ઘરનું કામ કરવું કે છોડવું ? જો એ કોઇ કાર્ય ન કરે તો ઘરમાં પણ પ્રિય થાય નહીં અને પછી હતાશા વળગે. ૧) આડું અવળું બોલીને હતાશા થાય.

૨) કામકાજમાં સહાય ન થાય તો હતાશા થાય.

૩) ગામની પંચાત કર્યા કરે તો હતાશા થાય.

દુકાનમાં પણ દીકરો કામ કરતો હોય સંભાળતો હોય પણ બાપ આવીને શાંતિથી બેસે તો વાંધો નહી. પણ દરેક કામમાં માથું મારે તો, બે-ચાર જણાને ભેગા કરીને ગામની પંચાત દુકાનમાં કરે તો અપ્રિય થાય. દીકરાને સૂચના આપવી હોય તો ? જે બાપે દુકાન દીકરાને સોંપી દીધી છે અને નિવૃત્ત થયા છે તે શેઠને (બાપને) દુકાને બેસવાનો અધિકાર છે પણ સૂચના આપવી હોય તો ખાનગીમાં આપે. સામા માણસો જો આપણને નિવૃત્તિ માટે વાત કરતા હોય તો ઘરનું કામ ન કરે તો હજી ચાલે પણ મદદની અપેક્ષા સામા માણસો રાખતા હોય તો એકાદ સામાયિક ઓછું કરીને પણ એની સહાયતામાં રહેવું જોઇએ તો અપ્રીતિ ન થાય.

થોડું ઘણું કાર્ય કરતાં રહેવાથી મન પ્રસન્ન રહે...એટલે સશક્ત એવા ઘરડાઓ જો થોડું ઘણું પણ ઘરનું કામકાજ ન કરે તો એ હતાશા અનુભવે છે.

ધર્મ-અધર્મ-પાપ-ઔચિત્ય વગેરેને ઓળખવા પડે. ઔચિત્ય ચૂકે તો એ બધે જકારો પામે છે. એટલે બધાની સાથે જો હળી મળી-ને રહીએ તો હતાશા દૂર થાય છે. સુનમુન એમ ને એમ રહે તો હતાશા ઘેરી વળે છે. એ જ રીતે **ધર્મના કાર્યમાં માણસ હતાશ થાય તો ય ન ચાલે. ૫૦ હજારની ઉછામણી બધા ન બોલી શકે. શક્તિ ન હોય તો ન બોલે પણ ૧૦.૨૦ રૂપિયા સાધારણ ખાતે કે ભગવાનની ભક્તિમાં ૧૦.૨૦ રૂ. ના ફુલ ચડાવી શકે. જેમ ઘેબરની શક્તિ હોય તો ઘેબર વહોરાવે પણ શક્તિ ન પહોંચે તો સુકા રોટલા પણ વહોરાવી શકેને ?** હતાશ માણસ કોઇનું સાંભળે નહી અને કોઇ કાર્ય સારી રીતે કરી શકે નહીં.

આંખો બે મળી છે. તો બંને આંખથી જોવાનું છે. ક્યાં શું કરવું ? અને શું ન કરવું તેનો ખ્યાલ રાખવાનો છે.

તપ કરી શકે તો કરવો, ખાનારે પણ પ્રયત્ન તો કરવો.

દાન કરી શકે તો કરવું ન હોય તો આપી શકે કે નહીં ?

**જે વૃદ્ધ પુરુષો ધર્મના કાર્ય કરતાં ન હોય, વ્રત-પચ્ચક્‌ખાણ કરતાં ન હોય તેને સંસારના કાર્યથી નિવૃત્ત ન કરાય એને પ્રવૃત્ત રાખવા. એ હતાશાને દૂર કરવાનો રસ્તો છે. શ્રમવાળું જીવન=પ્રવૃત્તિ વાળુ જીવન એ મોટા પાપ આવતા અટકાવે છે. પણ જે ધર્મમાં પ્રવૃત્ત હોય તેવા જીવો સંસારના કાર્યો છોડે એ જ ઉત્તમ છે. આશ્રિતો એ તેમને સંસારના કાર્યો છોડાવવા એ જ ઉત્તમ છે.**

સાધુ મ. ને સામાન્યથી ૧૫ કલાક સ્વાધ્યાય કહ્યો કોઇ પછી ૧૦.૧૨ કલાક કરે. એમ શ્રાવકે સવારે 1 ।1½ કલાક સાંજે 1 ।1½ કલાક અને પ્રવચનાદિ વગેરે બધુ ગણીને 4 ।4½ કલાક સ્વાધ્યાય

થાય. કોઇને આંખ વગેરેની તકલીફ હોય તો એ ૨૫ નવકારવાળી ગણે તો લાભ થાય. એમ શ્રાવક પણ આખા દિવસમાં આ રીતે ૨૫/ ૫૦ નવકાર વાળી ગણે તો હતાશાથી બચી શકે છે.

**સાધના કરવા માટે આપણે ધારેલુ કાર્ય નહીં કરવાનું પણ ભગવાને બતાવેલુ કરવાનું.**

હતાશાને દૂર કરવા ધૈર્ય રાખવું.

ધૈર્ય એટલે ધીરજ. અધીરજ આવે એટલે માણસ ઉતાવળીઓ થાય. ભાણે બેઠા પછી ૧૦ મિનિટ પછી જમવાનું કહે તો રહી શકાતું નથી કેમ ? મળ્યા પછી ત્યાગ કરવો, રાહ જોવી દુષ્કર છે. ન મળે તો ચાલે પણ મળ્યા પછી શાંતિ રાખવી મુશ્કેલ છે. કોઇ માન આપે ત્યારે આનંદ થાય છે. જરા કટુ શબ્દ સાંભળતા દુઃખ થાય છે અધૈર્યના કારણે. સુખમાં ધીરજ શું ? **ધીરજ=જેમ ઉતાવળ ન થવી તેમ ધીરજ=પોતાની મહત્તા નથી એમ સમજવું. આ બધુ સાધન છે. સાધ્ય નથી એમ સમજવું.** દુઃખમાં માણસ ધીરજ રાખી શકે કે નહીં ? બે વિદ્યાર્થી હોય. અને શિક્ષક પરિક્ષા લે ત્યારે એકને આવડે ને બીજાને ન આવડે. હવે શિક્ષક પરિક્ષા લે ત્યારે બીજાને પૂછે છે, પહેલાને આવડે છે એટલે તે ઉતાવળીઓ થાય છે કેમ ? એને આવડે છે. આ આવડે=શક્તિ. શક્તિ હોય તો દુઃખ કાઢવા ઉતાવળ કરે છે. શક્તિ બતાવવાનું મન થાય એ ખોટું કહેવાય. જેમ લક્ષ્મીને સારા ક્ષેત્રમાં વાપરવાની ઇચ્છા એ ગુણ છે પણ લક્ષ્મી બીજાને બતાવવાની ઇચ્છા એ દોષ છે. સશક્ત-અશક્ત ડાહ્યો-મૂર્ખ બધાને સહાય કરતો રહે તિરસ્કાર નહીં. લક્ષ્મીવાન નિર્ધનને તિરસ્કાર ન કરે સહાય કરે એમ જ્ઞાનવાન અજ્ઞાનીનો તિરસ્કાર ન કરે સહાય

કરે. બુદ્ધિશાળી બુદ્ધિવગરનાનો તિરસ્કાર ન કરે સહાય કરે.

**"પોતાની જે કોઇ શક્તિ હોય એ બીજાને બતાવવાની ઇચ્છા થાય એ અધિરાઇ છે."** બે જણ વાત કરતા હોય અને એકાદ વાતમાં બંને જીદમાં આગળ પાછળ બોલતા હોય તો એમાં આપણે કાંઇ વચ્ચે બોલવાની જરૂર નથી હોતી. બેની વાતમાં ત્રીજો માણસ બોલે છે એને અધિરાઇ આવે છે માટે. શક્તિવાન્ હોય કે અશક્તિમાન પણ ધીરતા ન રાખે એટલે અધિરાઇ આવે છે.

**પ્રશ્ન :** ધીરજ લાવવાની કઇ રીતે ?

**ઉત્તર :** દોષ આપણામાં આવે છે કે ઊભાં થાય છે ? કોઇપણ વ્યસન આવી જાય છે કે ઊભું કરે છે ?

એમ ગુસ્સો આવી જાય છે કે ઊભા કરાય છે ? નાની નાની વાતમાં અભિમાન કરનારો જીવ દિવસે જતે વડીલની સામો પણ અભિમાન કરતો થાય છે.

**આત્મા દોષોને જાણી જોઇને, લાભ સમજીને વધારે છે એમ આત્મા દોષોને જાણી જોઇને, નુકશાન સમજીને ઉખેડે છે.**

**આત્મામાં બધા દોષો આપણી અસદ્ પ્રવૃત્યાદિ દ્વારા જ આવેલા છે.** તેથી આત્માનાં બધા દોષો ઉખેડવા આપણે જાતે જ પ્રયત્ન કરવાનો છે. નાનું બાળક જે કાંઇ માગે તે મા આપે ? જે માગે તે બધુંજ આપે ? રોજ આપે ? કોઇ વાર આપે એ ચાલે પણ રોજ આપે એ ન ચાલે, એમ દોષો આપણી જાતે આપણા આત્મામાં ઊભા કરીએ છીએ.

દોષો-રોગો હાથે કરીને જીવ ઉત્પન્ન કરે છે. જે ઊંધે રસ્તે

ચાલવાથી નુકશાન થાય અને તે રસ્તેથી પાછા ફરે તો દોષો દૂર થાય. કુદરત વિરુદ્ધ કાંઇપણ કરતાં હોય તે બધાથી દોષ ઉત્પન્ન થાય છે. અને એનાથી વિપરિત કંઇપણ કરીએ તો દોષ નાશ પામે છે. એટલે આત્મામાં દોષો આપણે આપણી ઇચ્છાથી ઊભા કર્યા છે. ભલે અજ્ઞાનથી એ દોષને ગુણ સમજીને ઊભા કરેલા, પણ હવે એ આપણા દોષો આપણા ઓળખવા પડે. એને કાઢવા માટે આત્માને દોષોની કાનભંભેરણી કરવી પડે. **કાન ભંભેરણી=વારંવાર એકની એક ખોટી વાતને કહેવી. જ્યારે સારી વાતને વારંવાર શિખવાડવી કે કહેવી એનું નામ શિક્ષણ.** દુનિયામાં સારા કાર્યો માટે અનેક વાર શિક્ષણ કરવું પડે. વ્યવહારમાં જ્યાં પ્રસંગ નથી ત્યાં શિક્ષણ મેળવાય, પ્રસંગ નથી ત્યાં ઉપયોગ કરાય. આત્માના ગુણોને મેળવવા માટે શિક્ષણ રૂપે નિશાળ કઇ ? દા.ત. એક ચોમાસામાં એક વ્યક્તિ સપરિવાર એક ભાઇને લઇ મારી પાસે આવી, ''આ બહુ ગુસ્સે થાય છે. ધમપછાડા કરે છે.'' મેં કહ્યું તારે ગુસ્સો બંધ કરવો છે ? હા, તો એક કામ કરવું તારે દર કલાકે મનથી આત્માને કહેવું કે મારે ગુસ્સો કરવો નથી...કલાકે કલાકે મનથી પ્રણિધાન કરે તો એનું ફળ જ્યારે ગુસ્સો આવે ત્યારે યાદ આવે કે મારે ગુસ્સો કરવાનો નથી. એટલે પાવર ડાઉન થઇ જાય. એટલે એકદિ' એવો આવે કે પોતાનું સત્ત્વ વધી જાય અને ગુસ્સો ખતમ થાય. **એટલે જે માણસોને અધિરાઇ આવતી હોય તેણે મોટી બાબતો છોડી દરેક પ્રસંગમાં ધીરજ રાખે તો પછી મોટા પ્રસંગમાં પણ અધિરાઇ ન આવે**-એટલે બધીજ બાબતમાં આપણા મનમાં જે ઉતાવળ આવતી હોય તો ધીરે ધીરે નષ્ટ થઇ જાય. નાનીનાની બધી જ બાબતોમાં ગુણ કેળવવા આત્માએ નિર્ણય કરવાનો પછી પ્રયત્ન કરવાનો. ખાવાનું મળતું હોય-પચતું

હોય અને પછી જેટલી વાર ખાય એ ગુણ કે દોષ ? વારંવાર ખાવું એ નબળી કડી છે એ નબળી કડીને ગુણ મનાય ત્યાં સુધી એનું દોષ રૂપે ભાન ન થાય એટલે **દોષોને જ્યાં સુધી ગુણ કરીને સમજીએ ત્યાં સુધી એ દોષો જાય નહી...**

જ્યાં માંસ-મટણ વેચાતું હોય, ઢોરો કપાતા હોય એવા કસાઇ બજારમાં જવું નહી એમ શાસ્ત્રમાં કહ્યું છે. કેમ કે જે દયાના પરિણામ હોય તે પણ નષ્ટ થઇ જાય. સંસાર આખામાં ૧૮ પ્રકારના પાપસ્થાનો ભરેલા છે એનાથી સંસારનો રસ વધે કે ઘટે ? કોઇપણ દોષ હોય એને કાઢવાનો ઉપાય **૧) દોષને દોષ તરીકે સમજવાનો જાણવાનો-** માનવાનો. જે સમજે નહીં, જાણે નહીં માને નહીં તે દોષોને કઇ રીતે ઓળખે ?

**૨) વારંવાર તેને છોડવાનું પ્રણિધાન કરવું...**

પૂર્વના કાળમાં ઘર મોટા હતા, એને સાફસુફ કરવામાં સમય લાગતો. અત્યારે ઘરો નાના થયા એને સાફ કરતાં કેટલો સમય લાગે ? થોડો. હવે મોટું ઘર સારું કે નાનું ? આ સંસારમાં જેટલી ઉપાધિ વધારો એ બધી ઉપાધિ આપણને હેરાન કરે. પછી એ પૈસાની હોય, ઘરની-ખાન-પાનની-વેપાર ધંધા આદિની. એટલે પહેલા તો જાણવું પડે કે આ સંસારમાં આ બધી શક્તિઓ હેયરૂપ છે. શક્તિઓ બધી દોષરૂપ કે ગુણરૂપ ? **શક્તિઓ તો એક માધ્યમ છે પણ એનો ઉપયોગ વિવેકથી વાપરે તો ગુણ રૂપ અને વિવેક વગર વાપરે તો દોષ રૂપ.** પ્રથમ તો એ જાણવું પડે કે મારે દોષો કાઢવા છે. એમ મારે ખાવા-પીવામાં પણ ટંક કરવા છે. એક ટંકથી ન ચાલે તો બે ટંક ન ખાવું. એમ ૨ ટંકથી જો ચાલે તો ૩.

પણ પછી વધારે તો નહીં. એ પણ દિવસે, રાત્રે નહીં રાત્રે પણ કદાચ ને ધંધાના કારણે ખાવું પડે તો પછી એકવાર ખાધા પછી ન ખાવું. એના દ્વારા પણ રાત્રિએ ન ખાવું જોઇએ એ શ્રદ્ધા ઊભી રહે છે. એના દ્વારા પુણ્ય બંધાય.

ધૈર્ય જેને જોઇતું હોય તેણે ગુસ્સાની સામે ક્ષમા-શાંતિ આદિના સ્વરૂપને જાણવું જોઇએ. લોભની સામે દાન. ખાવાની સામે ત્યાગ આ બધું જાણવા યત્ન કરવો જોઇએ. ઉદાર બનનારે ઉડાઉ બનવાનું કે ઉદાર કઇ રીતે બનાય એ જાણવા પ્રયત્ન કરવાનો હોય ? ઘરમાં કોઇપણ જાતના બાવલા-પૂતળા રાખવાથી આપણી ગતિ ને મતિ બંને બગડે છે. ગમે તેવા લાવીને રાખો પછી શું થાય ? એમાં ને એમાં રાગ થાય અને એમાં આયુષ્ય બંધાય તો પછી એવા દુર્ગતિના ભવ ઊભા થાય. એટલે દોષોને વારંવાર જોતો રહે. ત્યારે એ દોષને ઓળખી શકે તો એ દોષને છોડી શકે. એટલે આવતી હતાશા દૂર કરવા માટે આ ઉપાય છે કે નાની નાની બાબતોમાં પણ નભાવતા રહેવાથી મન સ્વસ્થ થાય હતાશા દૂર થાય અને ધીરજ આવે.



# ભાવાર્થ શબ્દ અંગતનો...

૧) અંગત એટલે પર્સનલ એટલે કે લખનાર જેને લખે તેને માટે હોય એ વાત આલોચના સ્વદોષકથન રૂપ કે સ્વસંવેદનરૂપ હોય તો બીજાને ન કહેવાય.

૨) બીજી અંગત વાત એટલે જે ૧) વ્યવહાર રૂપ કાળજી રાખવા માટે હોય, ૨) કાર્યના અંગે સલાહ સુચનરૂપ હોય ૩) બીજી રીતે કાર્ય કરવા રૂપ હોય. આ વાતો અંગત હોવા છતાં મંત્રણા રૂપ કહેવાય. તે અભ્યંતર પર્ષદાના કેબિનેટ-પ્રધાન મંડળીના વિષયભૂત કહેવાય. તેથી કાર્ય કરવા માટે જે સહાયક હોય, કાર્યકર્તા હોય એવાઓને તે વાતો જણાવવી તે જરૂરી-ઉપયોગી અને કાર્ય સાધક બને. અંગત વાત પર્ષદામાં વિચાર્યા વગર કાર્ય સાધક કે બાધક ખબર ન પડે. માટે આલોચના-સ્વદોષકથન સિવાયની વાતો અંગત લખો કે ન લખો એ બીજાને વિચારીને કરવાની રહે. યોગ્ય વ્યક્તિને વાત કરવી ગુણકારક હોય તો કરવી, ગુણકારક ન લાગે તો ન કરવી આ વાતો ગુપ્ત કહેવાય. મંત્રણાઓ, જાસુસની આવેલ વાતો, પત્રદ્વારા મળેલ ગુપ્ત સમાચાર આ ગુપ્ત રૂપે અંગત કહેવાય આ વાતો મંત્રણામાં વિચારાય. ગમે ત્યાં-ગમે ત્યારે-ગમે તેને-ગમે તે રીતે ન કહેવાય પણ બીજાને નજ કહેવાય તેવું નહિ.

૩) અંગ ગત-તમને જે પોતાના લાગે તેટલા પુરતી જે વાત કરવાની હોય બહાર પ્રચારવા માટે નહિ. અભ્યંતર પર્ષદા-મંત્રણાલયમાં વ્યવહારિક બધી વિચારણાઓ થાય-થવી જોઇએ.

અભ્યંતર પર્ષદામાં જે વિચારક હોય, અનુભવ મેળવેલ હોય

કે અનુભવ મેળવવા યોગ્ય હોય, જે વાતોને લીક ન કરે, ગંભીરતાથી પચાવી શકે, મધ્યસ્થ હોય, ઉશ્કેરાટ વિનાના હોય, પ્રજાના-લોકના કે શાસનના લાભ નુકશાનને જાણી શકે, બહુજનહિતકારી કાર્યો પોતાની હિમ્મતપર કરી શકે અને વિપરીત સંયોગોમાં વાત પાછી પણ ખેંચી શકે. આવા સત્વ ધૈર્યવાળા વિચારકો આંતર પર્ષદારૂપ બની શકે છે. તે ગુપ્તવાતોને યોગ્ય છે. જે અત્યંત મહત્વના કારણ વગર ગમે ત્યાં આનંદ કે રોષથી ગુપ્તવાતો બોલી નાખે તે અભ્યંતર પર્ષદા યોગ્ય ન કહેવાય માટે વિચારણાની વાતો અમલ વિના લીક ન થવી જોઇએ



## "હુંશ-હોંશ-હુંશિયારી"

હુંશ=ઉત્સાહ / કાર=કરવાવાળો. જે વ્યક્તિ જે કાર્યમાં ઉત્સાહ ધારણ કરે છે તે વ્યક્તિ તે કાર્યમાં આવડતવાળો બને છે, થાય છે. એટલે હું-શ ઉત્સાહ એ આવડત મેળવાનો મુખ્ય ઉપાય છે. ઉત્સાહવાળો જ્યાંથી જ્યારે જેટલું અને જેવું મળે તે મેળવવા પ્રયત્નશીલ હોય. આ આવડત જેનામાં આવી હોય અપેક્ષીત તે તે બાબતમાં તેને હુંશીયાર કહેવાય. આ એક ક્ષયોપશમ ભાવનો ગુણ છે. તેનું અભિમાન તેવી હોંશિયારી ન હોય તેની ટીખળ મશ્કરી, પોતાની આવડત આગળ આવી બતાવવી તે હુંશિયારીનું પ્રદર્શન છે. જેમ હુંશિયારી ગુણ રૂપ છે તેમ તેનું દર્શન એ અભિમાન રૂપ અને તે તે હુંશીયારીના અંતરાયનું કારણ બને છે. એ રીતે બીજાની અવજ્ઞા કરનાર કે પોતાની મહત્તા બતાવનાર તે તે વિષયમાં ભવાંતરમાં ઘણો હીન થાય છે. માટે કોઇપણ ઔદયિક ભાવની શક્તિ કાયોપશમ ભાવની શક્તિની જાત માટે વડાઇ-અભિમાન ન કરવું અને બીજા એ શક્તિથી હીન હોય, એ શક્તિ રહિત હોય તેની અવજ્ઞા-અપમાન-તિરસ્કાર ન કરવા. તે તે શક્તિઓથી યુક્ત આત્માએ પોતાની ઔદાયિક કે ક્ષયોપશમ ભાવની એમ બન્ને શક્તિ નાશવંત છે તેમ સમજીને નમ્ર બનવું, તે શક્તિથી પોતાની મહત્તા ન માનવી, બીજાને તે શક્તિ દ્વારા પરોપકાર થાય તે કરવો, બીજાને હુંફ આપવી. આ નમ્રતા-સહાનુભૂતિ અને હુંફ આપવાની વૃત્તિ લાગણી એ ઔદાયિક ભાવને પણ પરાકાષ્ટા સુધી પહોંચાડે છે. ક્ષયોપશમભાવને પણ પરાકાષ્ટા સુધી ક્ષાયિક ભાવરૂપે પમાડે છે. માટે શક્તિશાળીનું કામ આગળ વધવાનું અને

સહાયક બનવાનું છે. હુંશિયાર એ ગુણ છે. **હુંશિયારી એ ગુણરૂપ પણ છે અને દોષરૂપ પણ છે. જે આપણી આવડતો- શક્તિઓ આપણને અભિમાન ન કરાવે, નમ્ર બનાવે, બીજાનો તિરસ્કાર ન કરાવે, તે તે શક્તિ કરતા આત્માની શુદ્ધ અવસ્થાની કિમ્મત વધારે લાગે તે શક્તિ ગુણ છે, તે શક્તિવાળો ગુણીયલ છે.** તે શક્તિનો સામાન્યથી નિગ્રહ કરનાર, ગુપ્ત રાખનાર, આત્મ-ઉન્નતિમાં-જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગ કરનાર, દોષને રોકવામાં ઉપયોગ કરનાર, બીજાને અવસરે સહાયક કરનારની શક્તિ એ ગુણરૂપ છે. આવી રીતે ઉપયોગ કરનાર એ હુંશિયાર છે. આવા અવસરે શક્તિના ઉપયોગરૂપ હુંશિયારી ગુણરૂપ છે. પરંતુ પોતાનું જાણકારપણું બતાવવા, પોતાના ભૌતિક લાભ માટે, બીજાને આંજવા માટે, યશ માટે પોતાની શક્તિ બીજાને બતાવવી તે દોષરૂપ છે. કોઇ ગાથા યાદ કરતો હોય ત્યાં એને ઉતાવળથી યાદ કરાવવી તે દોષ છે. આવી હુંશિયારી બતાવાય નહિ. ગૌતમ સ્વામિએ ૨ વાર લબ્ધિનો ઉપયોગ કર્યો. ઉપર ચડવા અને પારણું કરાવવા. પ્રથમ પોતાના હૃદયને સંતોષ પમાડવા માટે, બીજી, વાર તાપસોને પારણું કરાવવા તથા તેમના હૃદયમાં દેવ-ગુરૂપર બહુમાન પેદા કરવા. આ બન્ને ગુણ રૂપ હુંશિયારી છે વજસ્વામીએ રૂપપરાવર્તનથી કદરૂપપણું બતાવ્યું તે ભ્રમ ઉત્પન્ન કરી વૈરાગ્ય પમાડવા માટે આ પણ ગુણરૂપ છે.

જે મામુલી કારણોમાં, મામુલી પરિસ્થિતિમાં, બિન જરુરી પોતાની શક્તિઓ બતાવે તે દોષરૂપ હુંશિયારી કહેવાય.

**હુંશિયારી એ જ્ઞાનાવરણના ક્ષયોપશમથી, અંતરાયના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. એને પચાવવાની ગંભીરતા, દોષરૂપ**

ન બને તેવો વિવેક મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. અને તેનો દુર્વ્યય, ગમે તેને ગમે ત્યારે પ્રદર્શન કરવું પોતાની બડાઇ ગાઇ બતાવવી તે મોહનીયના ઉદય રૂપ છે. મળેલી શક્તિઓ મોહનીય કર્મના ક્ષયોપશમ પૂર્વક સંગૂહીતા રહે કે ઉપયોગી બને તો તે સંવર રૂપ છે અને મળેલ શક્તિઓ જો મોહનીયના ઉદયપૂર્વક સંગ્રહીત બને કે સ્વ-પર ઉપયોગી બને તો તે આશ્રવરૂપ છે. આશ્રવ સંવરનો પ્રધાન ભેદ પાડનાર મોહનીયનો ઉદય અને ક્ષયોપશમ છે. માટે ધર્મી જીવ શક્તિઓ મેળવે, અનેક ઉચિત બાબતમાં હુંશિયાર બને પણ હુંશિયારી આશ્રવ ન બને, પાપકર્મ બંધાય નહી, અંતરાય કરનારી ન બને માટે જ્યાં-ત્યાં જેમ-તેમ વાપરે નહિ. વાપરે તે વિરાધક થાય. મંત્ર-તંત્ર વિદ્યા વગેરે માટે પણ આ સમજવું. માટે એનો નિષ્કારણ ઉપયોગ કરવાનો શાસ્ત્રમાં નિષેધ છે. બહુધા જીવો એનો દુરૂપયોગ જ વિશેષ કરતા હોય છે, મામુલી વાતમાં ઉપયોગ કરતા હોય છે. માટે શક્તિનો દુરૂપયોગ ન કરવો, ગુપ્ત રાખવી, મશ્કરીનો કેટલાકનો સ્વભાવ હોય છે. આ સ્વભાવ ઘણો વિકૃત કહેવાય. કોઇપણ આત્માનો પોતાના શુદ્ધ સ્વભાવને છોડીને બીજો સ્વભાવ હોતો નથી તેથી આ વિકૃતિરૂપ સ્વભાવ ઉત્પન્ન થએલો છે. આ વિકૃતિનું કારણ પોતાની શક્તિ આવડતનો અહં અને બીજાને હલકા-મૂર્ખ તરિકે જણાવવાની બુદ્ધિ. આમાં જીવને આનંદ આવે બીજાને દુ:ખી કરવા, હલકા બતાવવા આવી મજાક અનેક વાર જોવાથી સાંભળવાથી કે બીજા મજાકવાળા સાથે રહેવાથી એવી મજાક કરવાનો જીવને રસ ઉત્પન્ન થાય છે. કોઇ પણ પાપ આચરનાર- કરનાર જોડે રહેવાથી, વારંવાર જોવાથી જીવને એ પાપની સુગ નાશ પામે છે, પાપની રુચિ ઊભી થાય છે. પછી

શક્તિ-સંયોગ મળતા જીવ એ પાપ કરતો થાય છે અને એમાં રસ પૂર્વક પ્રવર્તતો જાય છે, ધીમે ધીમે રસ અને પ્રવૃત્તિ વધે છે. આ રસ જીવની સુખી અવસ્થા કે દુ:ખી અવસ્થામાં ઘટતો નથી. આ એક પ્રકારના અશુભ સંસ્કાર કહેવાય. **અશુભ પ્રવૃત્તિને ઉપયોગપૂર્વક-રસ પૂર્વક વારંવાર-જોવાથી, વિચારવાથી કે આચરવાથી જીવ પોતાના મૂળ સ્વભાવથી વિકૃત સ્વભાવને ઉત્પન્ન કરે છે, તેને પોષે છે આને અશુભ સંસ્કાર પાડ્યા કહેવાય. આથી આત્મામાં અશુભ સંસ્કાર ઉત્પન્ન થયા કહેવાય.** આવા અનેક પ્રકારના જે-જે અશુભ સંસ્કારો છે તેને અંગે જીવ ગાઢ પાપકર્મ બાંધે છે, તીવ્ર અંતરાયો બાંધે છે, જ્ઞાનાવરણ આદિ પણ બાંધે, છે. જેની નુકશાની સમન્જાય નહિ, દુ:ખ વધ્યા કરે, શક્તિ હીનતા અને અશુભ વિચાર-વર્તનના ચક્રો ચાલ્યા કરે, જીવને આવા જે અશુભ સંસ્કારો આત્મામાં અનેકાનેક ભેદથી પડેલા છે તેને નિર્મૂળ કરવા માટે જ ધર્મ છે. ધર્મને આચરવાથી, ધર્મને આચરનારની સાથે રહેવાથી, ધર્મીના આચારને વારંવાર જોવાથી, વિચારવાથી, એના લાભને જણાવનારા ગ્રંથો ભણવાથી અને ખરાબ સંસ્કારોને પુષ્ટ કરનાર આચારોને છોડવાથી એ આચરનાર બોલનારની સાથે વ્યવહાર ઘટાડવાથી, એવી ટેવોના નુકશાનને વારંવાર વિચારવાથી, એના નુકશાન બતાવનાર ગ્રંથોને વારંવાર વાંચવા યાદ કરવાથી, પોતે પણ આવા સંસ્કાર છોડવાનો વારંવાર સંકલ્પ કરવાથી જીવ એવા સંસ્કારોથી મુક્ત થઇ શકે છે. **જીવ પોતે જાતે રસ ઊભો કરી આત્મામાં દોષને દ્રઢ કરે છે. તેમ વારંવાર એને છોડવાના સંકલ્પથી, છુટવાના ચિંતન- ભાવનાથી, એની નુકશાનીને વિચારવાથી એ સંસ્કારો અને તેનો રસ ઘટાડી શકે છે, નષ્ટ કરી શકે છે. મારે** રોજ દર કલાકે આ વાત યાદ કરવી જોઇએ. જેમ દોષની રુચિથી

કર્મો અંતરાયો બંધાય છે તેમ દોષને કાઢવા-ઘટાડવાની ઇચ્છા-વિચારણાથી આત્મામાં તે તે કર્મો નાશ પામતા જાય છે અને સાથે પુન્ય કર્મો ઉત્પન્ન થાય છે. આત્માની ગુણને અનુકુળ શક્તિઓ ઉત્પન્ન થાય છે. ગુણમાં આનંદ ઉત્સાહ પણ જન્મે છે વધે છે.



આ જગતમાં છદ્મસ્થ જીવો જે સારા કે નરસા સંયોગો વ્યક્તિઓ-વસ્તુ-અવસ્થાઓ અનુભવે છે તે બધી પરિવર્તનશીલ-નાશવંત છે. સંસારમાં જીવ અને પુદ્‌ગલની કોઇ અવસ્થા સ્થાયી નથી. શાશ્વત ચીજો સ્થાયી જેવી છે છતાં તેમાં પણ પુદ્‌ગલોની ફેરફાર-બદલી થાય છે. **આ બદલાતી અવસ્થાઓને આંખ સામે રાખવાથી જીવ મોહ-મમતાથી મુંઝાય નહિ, ઇષ્ટ વ્યક્તિ-વસ્તુ કે વિયોગના નાશ-પ્રતિકૂળતા જોઇને દીન કે દુઃખી ન થાય અકળાય નહીં. કારણ કે સામાન્યથી દુનિયામાં સર્જન એનું વિસર્જન, ઉત્પત્તિ એનો નાશ નિશ્ચિત છે.** દુનિયામાં જેમ સારી વાતોનું-વસ્તુનું સર્જન થાય છે તેમ ખરાબ વાતો-વસ્તુઓનું પણ સર્જન થાય છે. કાળક્રમે બન્નેનો નાશ પણ થઇ જાય છે. જેમ છઠ્ઠો આરો આવે છે તેમ જતો પણ રહે છે. જેમ યુગલિક કાળ આવે છે, અને જતો પણ રહે છે, કેટલીક જગ્યાએ યુગલિક કાળ, દેવલોક, નારક વગેરે કાયમી છે ત્યાં જેમ પુદ્‌ગલો બદલાય છે તેમ ત્યાં ઉત્પન્ન થએલા મનુષ્યો-દેવો-નારકો પણ જતા રહે છે, નવા આવે છે. તેથી સંસારી જીવની સારી-નરસી પરિસ્થિતિ નાશવંત, બદલાતી છે. એ રીતે પુદ્‌ગલોની પણ સારી-નરસી અવસ્થાઓ પણ પરિવર્તનશીલ છે આ વાત જીવે સતત ભાવીત કરવી જોઇએ. જેથી સંસારી જીવો સારી અવસ્થાની પ્રાપ્તિમાં હર્ષાવેગથી ગાંડા ન થાય પરંતુ એ પણ નાશવંત છે તેમ સમજી એની પાછળ જીવન સર્વથા ન વેડફતા સત્કાર્યોમાં શક્તિ-સંપત્તિ ખર્ચે. દુઃખદ-ખરાબ પરિસ્થિતિ પ્રાપ્ત થાય તો જીવ તુટી ન પડે ''એ પણ પરિમિત કાળનું

છે, એ સંયોગ પણ બદલાશે.'' એવી ભાવના દ્વારા જીવ સમાધિ ટકાવી શકે છે. અનિત્ય ભાવનાની વિચારણા દ્વારા જીવને જીવ હિતશિક્ષા આપે છે કે ''હર્ષોદ્રેક કે શોકની આગમાં પડવાની જરૂર નથી, સંયોગો તો ગમે ત્યારે પલટાઇ જવાના છે, આમ ધૈર્ય-સત્વ આ ભાવનાથી મળે છે.

સારા ધર્મના અવસર-સંયોગ-શક્તિ વગેરેમાં પણ અનિત્યતાની વિચારણાથી જીવ એનાં સદ્દુપયોગમાં, સારા ક્ષેત્રમાં વાપરવામાં મમતાથી અંતરાય ન કરે, આળસ ન કરે, મોડું ન કરે, થોડામાં ન પતાવે. અને વિક્ષેપ ન કરે, સશક્ત અવસ્થામાં તપ-ત્યાગમાં, સેવા-ભક્તિમાં, પ્રમાદ ન કરે, પરિવાર-પુત્રોને સારા આરાધનાના માર્ગે જોડાવા પ્રેરણા કરે, હાથમાં ધન આવે ત્યારે સત્પાત્ર વગેરેમાં બને તો ગુપ્ત રીતે વાપરે, જરૂર હોય-અવસર હોય ત્યારે વિચારમાં ન પડે. રોગથી-આપત્તિથી શરીર ગમે ત્યારે નરમ પડે કે નાશ પામે તે આપણા હાથમાં નથી. પરિવાર ક્યારે પરલોક જાય, ક્યારે આડે રસ્તે જાય, ક્યારે વિરોધી થાય તે પણ કાંઇ નિશ્ચિત નથી. ધન-માન-આબરૂ વિગેરે ક્યાંક આપણે પરલોકમાં જવાથી છોડવા પડે, ક્યાંક પાપકર્મના, ઉદયથી જતા રહે. માટે જ્યાં સુધી શક્તિ-અનુકુળ પરિવાર-ધન વગેરે અનિત્ય નાશવંત હોવા છતાં એને સન્માર્ગે આરાધનામાં ખર્ચી શકવાની ભૂમિકામાં છીએ ત્યારે આ અનિત્યતાની ભાવના દ્વારા જીવ એના પ્રત્યેના રાગ-મમતાને દુર કરે. ''મારા છે, મને કામ લાગશે, ભવિષ્યમાં સેવા કરશે, વગેરે વિચારોને અનિત્યભાવની વિચારણાથી દુર કરવા જોઇએ અને ધર્મમાર્ગે ખર્ચેલી શક્તિઓ, ત્યાગ ભાવના સાથે ધર્મસ્થાનના ગોરવ પુર્વક ખર્ચેલી શારીરિક-પારિવારિક-આર્થિક કે બીજી શક્તિઓ સ્વયં નાશવંત હોવા છતાં આપણાને સ્થાયી-

મુક્તિપદપ્રાપક સદ્ભાવનામાં અને સત્કાર્યમાં સહાયક બને છે. એમ જાણી સતત સત્કાર્ય મગ્ન રહેવું. પુણ્ય દ્વારા, સદ્વ્યય દ્વારા, સદ્ભાવના દ્વારા બીજી નવી ઔદયિક ભાવની અને ક્ષયો પશમભાવની શક્તિઓ જે આજના કાળની શક્તિઓ કરતા અત્યંત વિશિષ્ટ-અત્યંત દીર્ઘકાલીન ટકનારી અને સન્માર્ગે વાપરવાની પ્રબળ ભાવના સહિત મળે છે. મમતા-મોહ-અજ્ઞાન ઘટી જાય છે. વિવેક તીવ્ર બને છે. શક્તિઓ પણ તીવ્ર અને ઉચ્ચકક્ષાની મળે છે, અને સારા માર્ગે ખર્ચાય છે. અને જે ન ખર્ચાય તેમાં પણ અનિત્ય ભાવનાના સંસ્કારો દ્વારા ઉદાસીનતા અને તુચ્છતાની બુદ્ધિ દ્રઢ-સ્થિર-થવાથી, મમત્વ ઘટવાથી વિશેષ કર્મ બંધકર્તા થતી નથી. સહેલાઇથી ગમે ત્યારે-ગમે તે પણ છોડી શકાય છે. ગમે ત્યારે મરણ આવે ત્યારે ઊભે પગલે બધું તરત વોસિરાવી શકાય છે. પરિવાર વાંકો પડે કે પરલોકમાં વિદાય થાય ત્યારે હૃદયમાં એટલો આઘાત નથી લાગતો ધન જતું રહે તો બચેલું પણ સન્માર્ગે ખર્ચીને ખાલી કરે છે એટલે **ભૌતિક શક્તિઓમાં અનિત્યતાની ભાવનાથી ભાવિત થવાથી એ શક્તિઓની આગળની અને પાછળની લાત=ગર્વ અને દીનતા લાગતી નથી,** એ શક્તિઓથી પોતાની મહત્તા નથી દેખાતી એ શક્તિઓની ન્યુનતામાં પોતાની લઘુતા નથી લાગતી તેથી શક્તિઓ છોડી શકે છે, શક્તિઓ સન્માર્ગે વાપરી શકે છે, શક્તિઓની હાજરીમાં પણ નમ્ર-સરળ-સહાનુભૂતિવાળો બન્યો રહે છે. પરોપકાર દ્રષ્ટિ બને છે. સંપૂર્ણ-શાશ્વત આત્મ ગુણો સિવાયના અધુરા આત્મગુણો અને ભૌતિક શક્તિઓ તરફ ગૌણ બુદ્ધિ, ઉદાસીન બુદ્ધિ, અપ્રધાન બુદ્ધિ અને અપેક્ષાએ ઉપેક્ષા બુદ્ધિ. આ અનિત્ય ભાવનાથી આવે છે. નિત્ય આત્માની નિત્ય અવસ્થા રૂપ આત્મસ્વરૂપમાં મમત્વવાળો હોય છે અને એના સાધનોનો એ સ્વસ્વરૂપ

પ્રાપ્તિની ઇચ્છાથી સદા ઉપયોગ કરતો રહે છે.

**ઓદયિક ભાવના અને ક્ષયોપશમ ભાવના શક્તિઓ અને ગુણો બન્ને વિનાશી-અનિત્ય રુપે જુવે એ ધર્માત્માની અનિત્ય ભાવના** છે. બધી સંસારી શક્તિઓને મોહમાયા-મમતા રાગદ્વેષ વર્ધક અને નાશવંત તરિકે જો સંસારી જીવો જુવે તો દ્રષ્ટિ અને વલણ સંસાર તરફથી ધર્મ તરફ વળે છે. તેથી ધર્મમાં, ત્યાગ-વૈરાગ્યમાં, ભાવના-પુરૂષાર્થમાં વેગ આવે છે. **જેમ એક મરણીયો હજારને ભારે પડે તેમ અનિત્યતાના વિવેકપૂર્વકના સંવેદનવાળાને બધો સંસાર છોડવો રમત માત્ર છે.** ચક્રવર્તિપણું, રાજ-પાટ, માન-પાન આદિ બધુ છોડી શકાય છે. અનિત્ય ભાવનાથી ભાવિત થનારના આત્મ-ગુણના બાધક દોષો પણ નાશ પામે છે. દોષો પણ છોડવા સહેલા થાય છે. મરણ પછી જીવની લગભગ બધી ઓદયિક અને ક્ષાયોપશમિક શક્તિઓનો નાશ થાય છે. કર્મના યોગે ભવાંતરને અનુસાર નવી શક્તિઓ ઉત્પન્ન થાય તે વાત જુદી. કોઇક આત્માને કોઇક લબ્ધિ ભવાંતરગામી હોવી તે અપવાદ રૂપ છે. સામાન્યથી પ્રાય : બધાને કોઇ શક્તિ-કોઇ લબ્ધિ પ્રધાનતયા ભવાંતરગામી હોતી નથી તેથી બધું સારૂં-નરસું અહીં મુકીને જવાનું છે, નાશવંત છે આવું જાણતો જીવ એ શક્તિઓ પર હક-મમત્વ રાખનાર ન બને અને એનો બીજા માટે કે પોતાના જ્ઞાનાદિ માટે ઉપયોગ કરવામાં ખચકાટ ન રહેવાથી એનો દૂરુપયોગ અટકે છે, વૈરાગ્ય જ્વલંત રહે છે. અનિત્યપણાની નાશવંતની ભાવનાથી એમાં મહત્વ ન જોવાથી, એનાથી પોતાનું મહત્વ ન જોવાથી શક્તિઓ-ધન-પરિવાર બધું ધર્મ માર્ગે-આત્મ સાધનાના માર્ગે ખર્ચાતું ક્યારે પણ અટકાવે નહીં, શક્તિને અશક્તિ બનતા કોઇ અટકાવી શકતું નથી. માટે શક્ય હોય તેટલું ખર્ચવું તે શક્તિનો આંશિક સદ્ઉપયોગ

છે. જીવની કે જગતની મોટા ભાગની તમામ શક્તિઓ પડી રહે છે કે પાપ માર્ગે-ભોગ માર્ગે ખર્ચાય છે એ કોઇનાથી રોકી શકાતી નથી, એટલે એવી મળેલી શક્તિઓ પર જીવ ઉદાસીન ભાવ ધારણ કરે, મહત્વ અને મમત્વના પરિણામને છોડે, તેવી શક્તિઓમાં ત્યાગની જેમ તેના પ્રત્યે અપ્રધાનભાવ કે નુકશાનકારકતાનો ભાવ ધારણ કરીને રહે તો પાપકર્મ બંધ તીવ્ર ન બને, જીવને દુર્ગતિનું કારણ ન બનેએ ભાવથી શક્તિ સહજ રીતે છોડી શકાય છે **આ અનિત્યતાના ભાવનથી દર્શન મોહનીય ચારિત્ર મોહનીય કર્મ પણ નાશ પામે છે.** આ ભાવનાથી જીવ બીજાની ભૌતિક-આધ્યાત્મિક શક્તિઓથી આકર્ષાતો નથી, એને ૠદ્ધિ-સિદ્ધિ- આડંબરનું મહત્વ હોતું નથી. આંગળીમાંથી વીંટી નીકળી ગયા બાદ ભરત મહારાજા પારકી શક્તિને જોઇને, શરીરને સૌંદર્ય રહિત જોઇને, ઔપાધિક સૌંદર્ય અને એની અનિત્યતા જોઇને આત્મામાં વૈરાગ્યદૃષ્ટિ હતી તેનો પ્રકાશ ફેલાઇને ભાવનાથી કેવળજ્ઞાન સુધી પહોંચ્યા. માટે પૌદ્ગલિક સૌંદર્ય-અસૌંદર્ય પણ અનિત્ય છે આવું સર્વતોમુખી પૌદ્ગલિક અવ્વસ્થાઓનું અનિત્યપણું વિચારીને પુદ્ગલનિમિત્તક આત્માની ઔદયિક ભાવની અને ક્ષયોપશમ ભાવની અવસ્થાનું અનિત્યપણું નિત્ય વિચારણામય બનાવી આત્માને નિત્યત્વ તરફ દોરી જવી એમાં જ બુદ્ધિની સાર્થકતા છે.



# કઃ શરણ્યઃ શરીરિણામ્

જીવ સંસારમાં સર્વ રીતે નિરાધાર છે, કર્મ પરાધીન છે. પુણ્યના યોગથી પુણ્ય હોય એટલા પ્રમાણમાં એટલા કાળ પુરતો એટલી વ્યક્તિનો આધાર મળે છે અને તે કર્મ પુરું થતા, બદલાતો આત્મા પાછો નિરાધાર બને છે. **પુણ્યના આધાર વગર જીવ બાહ્યથી નિરાધાર છે. પુણ્ય હોવા છતાં પણ જીવ અંતરથી નિરાધાર છે કારણ કે ભાડુતી વસ્તુ જેવી પુણ્યની સ્થિતિ છે.** બધી જ સંસારની વાતો વ્યક્તિઓ પરિસ્થિતિઓમાં બધા સંસારી જીવને નિરાધારતા રહેલી છે. ફક્ત શ્રી જિનેશ્વરદેવનો ધર્મ જે હૃદયથી સમજે છે, હૃદયથી સ્વીકારે છે, હૃદયમાં રાખે છે તેઓ બાહ્યથી નિરાધાર હોય કે આધારવાળા હોય છતાં અંદરથી ધર્મજન્ય હુંફ-ધૈર્ય હોવાથી એ ગુણો અને ધર્મના મજબુત આલંબન-આધારવાળા હોય છે અને એ હૃદયમાં રહેલ ધર્મના પ્રભાવે ઉત્પન્ન થયેલ પુણ્યથી આત્મા બાહ્યથી પણ આલંબનયુક્ત બને છે. હૃદય ગત ધર્મ એ પુણ્ય દ્વારા બાહ્ય આલંબન આધાર પણ આપે છે. પરંતુ બાહ્ય આધાર સ્વરૂપથી જ અદૃઢ અનિત્ય છે તેથી પુણ્યથી મળેલા બાહ્ય આલંબનો પણ બદલાતા રહે છે. **હૃદયમાં જેને ગુણ અને ધર્મનું આલંબન નથી તેને દોષ દુર્ગુણો અને પાપ કર્મ રૂપ દુર્જનના આલંબન જેવી હુંફ હોય છે જે હૃદયથી તુટી પડેલ હોય છે. દુર્જનનું આલંબન અવિશ્વાસપાત્ર હોય છે તેમ પાપકર્મ કે તેથી યુક્ત વ્યક્તિનો આધાર પણ અવિશ્વાસપાત્ર હોય છે.** માટે જીવે સંસારમાં કોઇપણ વસ્તુની-વ્યક્તિની એની સાથેના સારા વ્યવહારની અને સહાયની અપેક્ષા રખાય નહિ, તે

અપેક્ષા જ દુ:ખનું કારણ છે. **પુણ્ય-પાપના આધારે જે-જેવું-જેટલું-જ્યાં મળે તે નભાવવું પડે છે. માટે આપણા તરીકે, હક્ક તરીકે, કાયમી તરીકે, અનુકૂળ તરીકે અપેક્ષા રાખવી નહિ. ધર્મ કરવા દ્વારા સંસારને છોડીને કે ઉદાસીનતાથી-વૈરાગ્યથી-વિવેક-ઔચિત્યથી સંસારને નભાવીને જેમ દુર્જન સાથેના સંગને કામ કાઢવા પુરતા નભાવીએ તેમ સંસારના સંગને કામ પૂરતા નભાવીને કર્મો ખપાવતા ૨-૫ ભવમાં મોક્ષે જવાથી જીવ સંપૂર્ણ સ્વાધીન બને છે.** સંસારમાં જીવ હૃદયમાં પ્રાપ્ત થએલા વિવેક અને ધર્મદ્વારા વ્યવહારથી અસ્વાધીન=પરાધીન છતાં નિશ્ચયથી હૃદયથી સ્વાધીન બને છે. આને ધર્મનું શરણ કહેવાય છે. જે નિરાધારને શરણ આપે છે.

જેને સંસારની એટલે જીવનની બધી બાહ્ય દીશાઓમાં નિરાધારતા ન દેખાય તેને ધર્મનું શરણ ન દેખાય તેનાથી ધર્મનું શરણ ન લેવાય. **બાહ્ય કોઇપણ ચીજની હુંફ ધર્મની હુંફ ઘટાડે છે, નાશ કરે છે. અમર કુમારને મા-બાપની હુંફ ગઇ તો નવકાર મંત્રની હુંફ આવી.** માટે જીવે કુટુંબ-ધન-માન-શરીર-અતિસ્નેહ વગેરે પર નિરાધારતા વિપરીતતાને ભાવિત કરવી જોઇએ. કુટુંબ વિરોધી બને, ટોણા મારે, આબરૂ કાઢે, અવસરે સેવા ન પણ કરે, અસમાધિ કરાવે, મારી નાખે, મરાવી નંખાવે, આ બધું શકય છે એવા સંસારના સ્વરૂપને ભાવિત કરવું. સંસારના કોઇપણ ક્ષેત્ર-વ્યકિત-વસ્તુ વગેરેની હુંફ-મમતા ન રાખવી, હોય તે ઘટાડતા જવું. જે શરીરપર, વ્યકિતપર, વસ્તુ ઉપર, સાંસારિક વ્યવહારોમાં માન-સત્તા ઐશ્વર્ય પર મમતા લાગણીવાળા બને છે તે જીવો રાગ-દ્વેષથી વ્યાકુળ બને છે, દુ:ખી થાય છે, પાપ બંધ કરી દુર્ગતિ તરફ ગમન કરનારા થાય છે માટે

સાંસારિક વસ્તુઓ ઉપરથી મમતા ઘટાડવી એ જીવને સુખ અને ધર્મનું કારણ બને છે.

નરકની અવસ્થાથી જીવ અત્યંત ભયભીત થાય છે. કેદખાનાથી પણ જીવ ઉદ્વિગ્ન હોય છે. તેમ મોક્ષે જવા ઇચ્છનાર ધર્મિ આત્મા સંસારને નારકના કારણ રૂપે જુવે છે અને એનાથી સદા ઉદ્વિગ્ન રહે છે. કારણ સંસારની સર્વ ચીજ-સર્વ વ્યક્તિ-સર્વ વ્યવહાર=રીતભાત સંસારી જીવનું સર્વ જીવન અનિત્ય-અશરણ-દુ:ખ-દુર્ગતિનું કારણ છે, કોઇ રક્ષક-શરણ નથી. આ પરિસ્થિતિ છે અને એ જીવને અનુભવાવી જોઇએ, લાગવી જોઇએ. જીવો જે પરસ્પર જોડાયા છે તે કર્મના યોગથી અને સ્વાર્થની લાગણીથી જોડાયેલા હોય છે. સહુ જીવો પોત પોતાના કર્મથી બીજા જોડે જોડાય છે અને કાળ પુરો થાય ત્યારે છુટા પડે છે. સાથે જોડાયેલા પણ સહુ પોત-પોતાના સારા-નરસા કર્મો ભોગવે છે. કર્મ બદલાતા સંયોગ-પરિસ્થિતિ-સામાના ભાવ-વ્યવહાર બદલાય છે. માટે જીવે કોઇ વસ્તુ-વ્યક્તિ કે વ્યવહારાદિના સંયોગ ઉપર ભરોસો-હુંફ રાખવી નહિ. અનિત્યતા અને અશરણતાનું ભાવન કરવું, એમાં મમતા રહીત-દ્વેષ રહિત બનવું, જરુરી સદ્‌પયોગ કરવો, આત્મ બળ તેમજ ધૈર્ય સંપન્ન બનવું, સંયોગ કે વ્યક્તિને ઓશિયાળા ન બનવું. જે વસ્તુની કોલીટીને, કૉંટીટીને, વ્યક્તિને પરાધીન બની નિરાધારતા કે પરવશતા અનુભવે અને આવડત-ઉત્સાહ પગ ઉપર ઊભા રહેવાની શક્તિ, નભાવવાની વિચારણા, સાત્વિકતા દ્રષ્ટિ ન હોય તે સુખી અવસ્થામાં પણ દુ:ખના કારણોથી ઘેરાએલા છે, દુ:ખી જેવા છે. અને દુ:ખી અવસ્થામાં તો મહા દુ:ખી છે. ધર્મી જીવો નિ:સ્વાર્થ પરોપકારી-સહાયક સહયોગી અન્યને

સારા માર્ગે જોડનાર હોય છે. ધર્મથી જ્ઞાન, વિવેક, ધૈર્ય અને આલોકની આવડત તેમજ પરલોકની પણ દ્રષ્ટિ આદિ બધું મળે છે. ધર્મ સર્વરીતે સર્વાંશે સર્વત્ર આલંબન રૂપ બને છે, આધાર બને છે. પુરક-હુંફ આપે છે. શક્તિ-આવડત હું-શિયારી આપે છે સાથે નમ્રતા-સરળતા-શાંતિ-પરોપકાર આદિ ગુણો પણ આપે છે. માટે જીવે આંતરિક શાંતિ મેળવવા બાહ્ય વસ્તુના ભરોસા રહિત બનવું, એની અપેક્ષા રહિત બનવું, જરુર પડે એને કામ ચલાઉ મેળવવાની, નભાવવાની, સંભાળવાની આવડતવાળા બનવું, પરંતુ એને અવસરે છોડતા પણ આવડવું જોઇએ. બાહ્ય વસ્તુઓ છૂટે, નાશ પામે તો પણ જીવ મુંઝાય નહિ. **દેશનો એલચી (પરદેશ પ્રધાન) પરદેશમાં રહે, ત્યાંના ભાષા-રિવાજ આદિ સ્વીકારે છતાં પોતાના દેશની નામના વધારે તેમ ધર્મી જીવ સંસારમાં રહે અને ધર્મના આચાર-વિચારો ફેલાવે.** ધર્મી જીવ સંસારમાં રહેવા છતાં સંસારની કોઇ વસ્તુ-કોઇ શક્તિ-કોઇ વ્યવહાર-કોઇ લાગણી-કોઇ વ્યક્તિને વિશેષ રૂપે ઇચ્છે નહિ. એની અરુચિ ન કરે, એની વિશેષ અપેક્ષા ન રાખે, એના જવાથી નિરાધારપણું ન અનુભવે, એનો સંયોગ વિશેષ આનંદ ન આપે, વિયોગ વિશેષ દુઃખ ન આપે એમાં લેવાઇ ન જાય, એનાથી અકળાઇ પણ ન જાય, સમતા-ધૈર્ય-સહિષ્ણુતા-વૈરાગ્ય વગેરે ગુણોથી જીવને ભાવિત બનાવતો હોય.

**જેમ ખોરાક જીવનનું સાધન છે સાધ્ય નથી. તેમ સંસારની બધી વસ્તુ-વ્યક્તિ-વ્યવહાર સામાન્ય જીવનના સાધન છે. વિશેષ જીવનના સાધન સંસારની દ્રષ્ટિએ પુણ્ય-પાપ, આવડત-અનાવડત હું-શિયારી-ડફોળાઇ, કાળજી-બેકાળજી છે.** આધ્યાત્મિક દ્રષ્ટિએ

વિવેક-જ્ઞાન-વૈરાગ્ય વગેરે આત્મગુણો વિશેષદઢતાયુક્ત હોય તે આત્મા ભરેલા કે ખાલી સંસારમાં વૈરાગ્ય યુક્તપણે શાંતિથી રહે અને અવસરે સંસાર છોડી પણ દે. સંસારરસિક જીવ સંસારમાં સુખમાં પણ ધર્મ ન કરે, કદાચ કરે તો પણ તે એકદમ મંદકક્ષાનો હોય. દુ:ખમાં પણ ધર્મ ન કરે કારણ એને સંસારની અનિત્યતા- અશરણતા દેખાતી- અનુભવાતી નથી. ધર્મી આત્મા-ધર્મરસિક આત્મા સુખમાં પણ ધર્મમાં કુદકા મારે=વિશેષ ધર્મ કરે. અને દુ:ખમાં પણ ભાવના વગેરેથી ધૈર્ય-સમતા વગેરેથી વિશેષ ધર્મ કરે. જેને સંસારમાં સર્વત્ર અનિત્યતા-અશરણતા ન દેખાય તેના હૃદયમાં ધર્મ ન આવે, જેને અનિત્યતા અશરણતા દેખાય તેના હૃદયમાં સંસાર ન રહે, નાશ પામે, ધર્મની મહત્તા, રસ ઊભા થાય. માટે ઘડપણમાં છોકરાની- ઘરવાળાની હુંફ અપેક્ષા ન રાખવી. શક્ય હોય તો સંયમની ભાવના કરી સંયમ લેવું, તે સિવાય ઔચિત્ય સર્વત્ર જાળવવું. શરીર સારું હોય તો તપ-ત્યાગ-વ્રત પચ્ચકખાણ વગેરે કરતા રહેવા, શરીર વાંકું થાય તો ત્યાગ-સહનશીલતા-જાપ-આત્મ-ભાવનામાં લીન થવું, દેહને ભવોભવના દુશ્મન રૂપે જોઇને એની મમતા ઘટાડવી, સત્વ અને પ્રસન્નતાથી સહન કરવું, શાંતિથી સહન કરવાની બુદ્ધિ કેળવવી એ પણ ભાવના-સ્વાધ્યાય છે. **દુન્યવી ચીજોને સારી અવસ્થામાં સદુપયોગ દ્વારા અને ખરાબ અવસ્થામાં મમત્વ-દીનતાના ત્યાગ દ્વારા અશરણ-અસહાયક રૂપે ઘુંટવી. જેથી લાભ-નુકશાન, પ્રાપ્તિ-વિયોગમાં સમાધિ સ્થિર બને.** એ જ રીતે લક્ષ્મીને-કુટુંબીને વિષે પણ અનુકૂળતાના કાળમાં સદ્‌વિનીયોગ અને ઉદાતીનતા તથા પ્રતિકૂળ કાળમાં ત્યાગથી આત્મા ભાવિત બનાવવો. સારા સંયોગોને પણ અનિત્ય સમજીને સદુપયોગ કરી લેવો. તેની હાજરીમાં આરાધનામાં વિશેષ બળ કેળવવું

આમ કરવાથી સાધના અને સમાધિ બન્નેમાં જીવ આગળ વધે છે.

સંસારને નારકની અવસ્થા જેવો જોવો. તેથી તેમાં જીવ ક્યાંય શાંતિ-સુખનો અનુભવ કે કલ્પના ન કરે. **જેમ નારકમાં કોઇ સ્વજન કે મિત્ર નથી તેમ સંસારમાં જીવને કોઇ સ્વજનો કે મિત્ર નથી. જે છે તે મોહ અને મમતા છે.** એ જ રીતે મોક્ષમાં પણ જીવને કોઇ સ્વજન અને પ્રિય હોતા નથી તેમ મોક્ષના કારણભૂત વૈરાગ્ય ધર્મમાં પણ કોઇ સ્વજન-મિત્ર હોતા નથી. સજ્જનને બધા જ સ્વજન બધાજ મિત્ર હોય છે. 'વસુધૈવ કુટુંબકં' તેમ ધર્મીને બધાજ ધર્મીઓ સ્વજન છે, મિત્ર છે. માટે-ધર્મ ધર્મી-ધર્મની પ્રવૃત્તિ-ધર્મનાસ્થાનો સિવાય ધર્મને યોગ્ય બનવા માટે બધાથી ચેત સાવચેત અને જરૂર પુરતો વ્યવહાર રાખવો. ધર્મના સાધનો કે ધર્મી જનો સાથે પણ ધર્મના વ્યવહારો કાળજી પૂર્વક રાખવા. સંસારના વ્યવહારો પ્રકિયા એમાં ન આવી જાય. કારણ બન્ને પરસ્પર વ્યવહાર કરનાર મૂળ તો અનાદિ કાળથી સંસાર સ્વરૂપથી ભાવિત છે એટલે સંસારનું સ્વરૂપ સંસારનો ભાવ ધર્મમાં ન પેસે તેની કાળજી રાખવી. સંસારી જીવનું સંસાર ભાવનાનું- વૃત્તિનું-વ્યવહારનું વલણ ધર્મમાં ન પેસવું જોઇને અને ધર્મનું વલણ, ભાવના, વ્યવહાર, વૃત્તિ સંસારમાં પ્રવેશ પમાડવા જોઇએ. આ રીતે જીવન વ્યવહાર આદરનાર આત્મા સંસારની વચ્ચે જીવતા છતાં સમાધિ અને સમતાભાવને દ્રઢ કરતો, અનાદિકાલીન કુસંસ્કારોને ઉખેડતો, રાગ-દ્વેષ-અજ્ઞાન આદિ ભાવોને દૂર કરતો પરંપરાએ સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે. સંસારમાં પણ સમતાની સુખડી ચાખતો રહે છે.

૧) જીવનમાં ભણ્યા વગર જીવ આરાધના કરી શકે નહીં, સન્માર્ગ ટકે નહીં.

૨) મુખ્યતયા વૈરાગ્ય-ભાવના-ઉપદેશરૂપ જ્ઞાન જરૂરી છે. જે મનને સદા સુધારે, સ્વસ્થ રાખે, કર્તવ્ય અકર્તવ્યને જણાવે.

૩) અને આચારનું જ્ઞાન જીવને શક્યતયા સુંદર આચારમાં પકડી રાખે, અસદ્ આચારમાં જવા ન દે, જતો હોય તેને અટકાવે.

૧. માટે આચાર ગ્રન્થોનું જ્ઞાન ન મેળવે, તેનું સંયમ ભાવસંયમ ન કહેવાય. જો જ્ઞાન ન હોવા ઉપરાંત સાથે જ્ઞાની ન હોય, જ્ઞાનીને બધું પૂછીને ન કરે તો પણ ભાવ સંયમ ન રહે.

૨. જ્ઞાન હોવા છતાં જો કાળજી રાખીને જ્ઞાનના અનુસારે ઉત્સર્ગ-માર્ગ વર્તવા પ્રયત્ન ન કરે તેને પણ ભાવ સંયમ ન હોય.


૩. આચારનું જ્ઞાન મેળવીને શક્ય પ્રયત્નથી ઉત્સર્ગ આચાર પાળવા. તેનું લક્ષ રાખીને પ્રવર્તવું-ઉત્સર્ગ આચાર પાળવાના સંયોગ ન હોય તો પણ બને તેટલા ઉત્સર્ગ નજીકના આચાર પાળવા.

૪. દરેક પ્રવૃત્તિમાં ઉત્સર્ગ આચારનું લક્ષ અને શક્ય એટલી તેની નિકટની પ્રવૃત્તિને ભાવસંયમ કહેવાય.

**આચાર પાલન એ વ્યવહાર માર્ગ છે. કષાય-વિષય નિરોધ, આચારની રુચિ, આજ્ઞાનો આદર, આત્મગુણો અને તેની તમન્ના-લક્ષ એ નિશ્ચય માર્ગ છે. માખીની પાંખ જેવો નિર્મળ વ્યવહાર માર્ગ અચરમાવર્તવાળાને પણ હોય છે. નિશ્ચય માર્ગ ચરમાવર્તવાળાને**

હોય છે. જેમ જેમ આસન્નભવ્યતા આવે તેમ નિશ્ચય માર્ગ નિર્મળ-નિર્મળતર, સ્પષ્ટ-સ્પષ્ટતમ બને છે.

માટે શાસ્ત્રજ્ઞાનમાં ઉંડાણથી આગળ વધવું, આચારમાં વિશેષ કટીબદ્ધ બનવું અને રહેવું, ચિત્ત પરિણતિ સદા ક્ષણે ક્ષણે પવિત્ર-શુદ્ધ, કષાય રહિત કે કષાય-હ્રાસયુક્ત બનાવવા તત્પરતા રાખવી. જેથી મોક્ષમાર્ગ આરાધાશે અને અલ્પકાળમાં મોક્ષ પ્રાપ્ત થશે.



## 'ઓળખ સમ્યક્ત્વની'

સમ્યક્ત્વ એટલે દેવ-ગુરુ-ધર્મની તાત્વિક ઓળખ અને હાર્દિક સ્વીકાર...

ધર્મ એટલે આશ્રવ-સંવર-બંધ-નિર્જરાની હેય-ઉપાદેયરૂપે ઓળખ.

**આશ્રવ : ૧) બાહ્ય અને ૨) અભ્યંતર**

૧) **બાહ્ય આશ્રવ** = ૧૮ પાપસ્થાનક અને એના સાધનો અને પ્રવૃત્તિ.

૨) **અભ્યંતર આશ્રવ**=વિષય-કષાયની સપ્રભેદ વૃત્તિ અને લાગણી.

આગંતુક પરિણામને **વૃત્તિ** કહેવાય. સ્થાયી પરિણામને **લાગણી** કહેવાય.

**સંવર : ૧) બાહ્ય સંવર ૨) અભ્યંતર સંવર.**

૧) **બાહ્ય સંવર** = ધર્મ સ્થાનો, ધર્મ ક્રિયાઓ, ધર્મ પ્રધાન વ્યક્તિઓનો સમાગમ.

૨) **અભ્યંતર સંવર** = વિષય કષાયની વૃત્તિ અને લાગણીનો હ્રાસ-નિગ્રહ કરવામાં તત્પરતા.

**મોક્ષ** એટલે બાહ્ય આશ્રવ રહિત પણું...બાહ્ય સંવર રહિતપણું... અભ્યંતર આશ્રવ રહિતપણું...અભ્યંતર સંવરજન્ય આત્મ ગુણોની પરાકાષ્ઠા.

સિદ્ધ પરમાત્મા સર્વ બાહ્ય આશ્રવ રહિત હોય...સર્વ અભ્યંતર આશ્રવ રહિત હોય...

કેવલજ્ઞાની પરમાત્મા યોગ સિવાયના સર્વ બાહ્ય આશ્રવ રહિત હોય...સર્વ આંતર આશ્રવ રહિત હોય.

**બાહ્ય-અભ્યન્તર આશ્રવ રહિત બની બાહ્ય-અભ્યંતર સંવરવાળા થવું તેને ધર્મ કહેવાય. તથા શુદ્ધ આત્મતત્ત્વ ભાવધર્મ છે.**

શુદ્ધ આત્મ તત્ત્વ એટલે બાહ્ય-આભ્યંતર આશ્રવ-સંવર રહિત, પુદ્ગલ સંપર્ક રહિત, સર્વ આત્મ ગુણ સંપન્ન આત્માનું સ્વરૂપ એ સિદ્ધપણું છે. કાર્ય રૂપ ભાવ ધર્મ છે...એના કારણરૂપ ભાવ ધર્મ એ ભાવ સંવર છે. અને ભાવ સંવરના કારણભૂત ધર્મ એ દ્રવ્ય સંવર છે.

કાર્યરૂપ ભાવ ધર્મનો નાશ થતો નથી...કારણ રૂપ ભાવ ધર્મનો અર્થાત્ ભાવસંવરનો ભાવ આશ્રવથી નાશ અને ઘટાડો થાય છે. તથા ભાવ આશ્રવના કારણ ભૂત દ્રવ્ય આશ્રવથી દ્રવ્ય સંવરનો નાશ અને ઘટાડો થાય છે. અને દ્રવ્ય આશ્રવ દ્વારા ભાવ આશ્રવની વૃદ્ધિથી ભાવ સંવરનો પણ ઘટાડો અને નાશ થાય છે. દ્રવ્ય આશ્રવની વૃદ્ધિથી દ્રવ્ય સંવરનો ઘટાડો અને એના દ્વારા ભાવ સંવરનો ઘટાડો અને નાશ થાય છે...એટલે કાર્યરૂપ ધર્મ સિદ્ધપણું છે. કારણભૂત ધર્મ અને સંવર અને દ્રવ્ય સંવર છે. ભાવ આશ્રવ એ અધર્મ છે. કારણ કે પુદ્ગલ પરિણતિ એ અધર્મ છે. તથા એનો પોષક દ્રવ્ય આશ્રવ છે એટલે એ પણ પાપ અને અધર્મ છે.

સમકિતીને આ ત્રણેયની તાત્ત્વિક ઓળખ અને ત્રણેયમાં તદનુરૂપ લાગણી હોય છે. એટલે કે શુદ્ધ સ્વરૂપમાં ઉપાદેયની લાગણી...ભાવ સંવરમાં પ્રયોજનભૂત સ્વરૂપ લાગણી...સંવરનો પરિણામ પણ દ્રવ્યાર્થિક નયથી પરમાર્થતઃ ત્યાજ્ય છે. તેમ છતાં શુદ્ધ વ્યવહારથી સંવર પરિણામ પ્રયોજનભૂત છે, કામચલાઉ ગ્રાહ્ય છે. સંયોગવશ આલંબનભૂત છે.

**ज्ञानादिभावयुक्तेषु शुभयोगेषु तद्गतम् ।**
**संवरत्वं समारोप्य स्मयन्ते व्यवहारिणः ।। अध्यात्मसार १८/१४३**
**अशुद्धनयतश्चैवं संवराश्रवसंकथा ।**
**संसारिणां च सिद्धानां न शुद्धनयतो भिदा ।। १८/१५४**

પુદ્‌ગલ પરિણતિ-પરપરિણતિ-દોષપરિણતિ એ આત્માનું વિકૃત સ્વરૂપ છે...એમાં અને ભાવ આશ્રવમાં અને એના કારણભૂત દ્રવ્ય આશ્રવમાં હેયની લાગણી....આને સમકિતનું લક્ષણ કહેવાય.

આમાં જ્ઞેય સહિત હેય-ઉપાદેયપણું સમજવું, બાકી બધામાં ખાલી જ્ઞેયપણું સમજવું. જ્ઞેયપણાની લાગણી એટલે જે હેય-ઉપાદેય ન હોય એમાં ફક્ત જ્ઞેયપણાની લાગણી. આ લાગણીને અજ્ઞાની માણસો જ્ઞાનીના વચનના વિશ્વાસથી જીવંત રાખે છે...અને જ્ઞાનીઓમાં સંપૂર્ણ=કેવલજ્ઞાનવાળામાં પોતાના જ્ઞાન બળથી આ લાગણી સ્વભાવથી જાગૃત હોય છે...અહીં લાગણીનો અર્થ મોહ નહિ પણ આત્મ સ્વભાવ કરવો. આ ધર્મતત્વ જાણવું.

**દેવતત્ત્વ**=શુદ્ધ આત્મ સ્વરૂપને સંપૂર્ણ પામેલા અથવા પ્રધાનતયા પામેલા...એનું સ્વરૂપ બતાવનારા અને એના ઉપાયો બતાવનારા, એના નાશનું સ્વરૂપ બતાવનારા અને એના ઉપાયો બતાવનારા...એ દેવ તત્ત્વ છે...દેવ તત્ત્વ પોતે સંપૂર્ણ અથવા સંપૂર્ણ પ્રાયઃ આત્મ સ્વરૂપ પામેલા હોવાથી (સયોગી કેવલીને પ્રાયઃ આત્મ સ્વરૂપ આવે માટે પ્રાયઃ મુક્યું છે) સંપૂર્ણ ધર્મમય છે. ધર્મનું સ્વરૂપ....ધર્મના ઉપાય અને ધર્મના સાધક-બાધક ઉપાયો અને અધર્મનું સ્વરૂપ બતાવનારા છે...માટે તેઓ નાયક-શાસક રૂપે દેવ તત્ત્વ છે. સર્વ દોષોથી રહિત અને સર્વગુણ સંપન્ન દેવતત્ત્વ છે.

ગુરુતત્ત્વ=દ્રવ્ય આશ્રવોને છોડેલા...દ્રવ્ય સંવરને આચરનારા... ભાવ આશ્રવને છોડવામાં તત્પર....ભાવ સંવરને આચરવામાં તત્પર અને દેવ-ગુરુ ધર્મના સ્વરૂપને બતાવનાર.

દેવ-ગુરુ-ધર્મની ઉપાસના=દેવ-ગુરુ-ધર્મ તત્ત્વને અનુસરવાની વૃત્તિ એટલે બાહ્યથી સહાયકપણું-પૂજક પણું, ગૌરવાપાદન, ગુણાનુવાદ, નિન્દા ત્યાગ, આ બાહ્યથી ઉપાસના અને અન્તરથી આદર-અસંભ્રમ ભાવ તથા અવજ્ઞા-તિરસ્કાર-અનાદરનો ત્યાગ.

**પ્રશ્ન** : આ ઉપાસના કેવી રીતે કરવાની ?

**ઉત્તર** : વિદ્યા સાધકની જેમ અપ્રમતપણે એટલે કે લાગણી અને કાળજીથી ઉપાસના કરવી.

**પ્રશ્ન** : ભાવ જૈન શાસન કોણ પામે ?

**ઉત્તર** : પ્રધાનતયા દ્રવ્ય જૈન શાસન પામેલા...આદર-ગૌરવપૂર્વક એમાં પ્રવૃત્તિ કરનારા ભાવ જૈન શાસન પામે.

**પ્રશ્ન** : દ્રવ્ય જૈન શાસન કોણ પામે ?

**ઉત્તર** : બીજાનામાં રહેલા આચારાદિ વ્યવહાર-જૈન શાસન ઉપર જેને આદરની લાગણી થાય એ ભવાંતરમાં દ્રવ્ય જૈન શાસન પામવાનું પુણ્ય ઉપાર્જન કરે.

**જૈનેતર દર્શનમાં રહેલા, અથવા સામાન્યથી સદાચારાદિમાં વર્તતા જીવો કોઇપણ જાતના કદાગ્રહ વગર સદ્ આચારના અનુરાગથી વિષય કષાયના નિગ્રહની સ્વાભાવિક લાગણીથી ભવાંતરમાં દ્રવ્ય જૈન શાસન પામે અને ભાવથી પણ જૈન શાસન પામવાને યોગ્ય બને...**

અહીં કોઇ કદાગ્રહ આડો આવે તો એ બન્ને પામી ન શકાય...માટે **જૈન શાસન પામવા માટે અને જૈન શાસનમાં રહેવા માટે પ્રજ્ઞાપનીયતા ગુણ અને વૈરાગ્ય ગુણ જરૂરી છે.** એટલે કે પ્રજ્ઞાપનીયતા અને વૈરાગ્યનો ગુણ એ જૈન શાસન પામવા માટે પ્રધાન ગુણ છે...એટલે એકલા વૈરાગ્યનો ગુણ ન ચાલે.

જૈન શાસનને દ્રવ્યથી પામેલાઓ જૈન શાસનના કોઇપણ અંગની અવજ્ઞા-અનાદર-તિરસ્કાર કરે તો જૈન શાસનની બહાર મુકાય...એટલે દ્રવ્ય જૈન શાસન ભવિષ્યમાં એને ન મળે.

જૈનેતરોમાં પોતાના પક્ષનો આંશિક રાગ હોય ત્યાં સુધી પરમાત્માનું શાસન પામવા-સમજવા છતાં ભાવથી પરમાત્માનું સમ્યક્ત્વ પ્રાપ્ત ન થાય. બાહ્યથી જૈનેતર દર્શનમાં હોવા છતાં જેને પોતાના ધર્મ કરતા, પોતાના દેવ-ગુરૂ કરતા પરમાત્માના શાસનનું અને ગુરૂનું સ્વરૂપ ઊંચું-સારૂં-વાસ્તવિક લાગે એવા આત્મામાં ભાવથી પરમાત્માનું શાસન છે. અને ભવાંતરમાં દ્રવ્યથી પણ શાસન આવે. પોતાનું શાસન-પોતાનો ધર્મ સામાન્યથી એ છોડી દે...કોઇક વિષમ પરિસ્થિતિમાં ન છોડે તો પણ એનું વલણ, એનો પક્ષપાત પરમાત્માના શાસનનો હોય...જેમકે અંબડ પરિવ્રાજક અને ઉત્સૂત્ર પ્રરૂપણા પૂર્વેના મરિચી. આવા આત્માઓ ભાવથી સમ્યકત્વ પામેલા હોય...દ્રવ્યથી પણ અમુક લાગણી અને શુદ્ધ પ્રરૂપણાવાળા હોય.

દા.ત. કોક મોટા જૈનેતર મંદિરનો પૂજારી હોય અને આજીવિકા આદિ કારણોસર એ નોકરી છોડી શકતો ન હોય ત્યારે પણ ઉપરોક્ત વાત ઘટે.

**ભાવ સમર્પણ એ છત્રીનો દાંડો છે...અને દ્રવ્ય સમર્પણ એ**

**સળીયા છે...સળીયા એકેય ન હોય તો છત્રી ન હોય એમ દ્રવ્ય સમર્પણ ન હોય તો ભાવ સમર્પણ પહોળું ન થાય...એટલે કે વ્યવહાર્ય ઉપયોગી ન થાય.**

ગૃહસ્થને ભાવ સાધુપણું અન્તર્મુહૂર્તથી વધારે રહી શકે નહિ...કેમકે અન્તર્મુહૂર્તમાં પોતાની અવસ્થાનું ભાન થાય છે...એવી જ રીતે તાપસો વગેરેને ધ્યાન વગેરેમાં ચઢેલાને ધ્યાન અન્તર્મુહૂર્તથી વધારે રહી શકતું નથી...માટે પોતાની અવસ્થાનું=તાપસાદિપણાનું ભાન થવાથી જૈન સાધુપણું મારી પાસે નથી એવું પણ ભાન સાથે થાય છે...તેથી બાવા-સંન્યાસીમાં સાધુપણું પ્રાયઃ હોતું નથી...ફક્ત ધ્યાનથી કેવલજ્ઞાન પામતા હોય એવાને અંતર્મુહૂર્ત કાળ માટે ચારિત્ર શક્ય છે...એ વાત જૂદી છે.

**પ્રશ્ન** : સમજો કે કોક જૈનેતર છે...એને આપણા અરિહંત પરમાત્મા જેવી જ એમના ભગવાનની ઓળખ છે...એમના ભગવાન હટાવી આપણા અરિહંત ગોઠવાય જાય એટલું જ બાકી રહ્યું હોય...તો એવા મીરા આદિને સમકિતી મનાય કે નહિ ?

**ઉત્તર** : માન્યતા-ઓળખ ભલે અરિહંત જેવી જ હોય પરન્તુ એમના ભગવાન ગોપીથી-પત્ની (રાધા) વગેરેથી વીંટળાયેલા સ્વરૂપ વાળા (કૃષ્ણ વગેરે) છે. અને આપણા અરિહંત પ્રભુ વીતરાગ સ્વરૂપ વાળા હોય છે એટલે એના લીધે એ કૃષ્ણ વગેરેના ભક્તોને પ્રેરણા શેની થાય ? આશ્રવની કે સંવરની ? આશ્રવની જ (પત્ની રાખવી વગેરેની જ પ્રેરણા મળે)...અને એ આશ્રવ એ ભાવ-આશ્રવને લાવે...માટે આશ્રવમાં હેયપણાની બુદ્ધિ આવી શકે નહિ. **માટે જેને આશ્રવમાં હેયની સજ્જડ બુદ્ધિ ન આવે એમનામાં સમકિત ન**

મનાય. માટે મીરા આદિમાં સમકિત મનાય નહિ...હા, સમકિત પ્રાપ્તિના આસન્ન લક્ષણ હોય...જેના પ્રભાવે આવતા ભવે ચોક્કસ સમકિતી બને...અથવા આ જ ભવમાં અજ્ઞાન ખસે-સાચા=આપણા પરમાત્મા મળે તો જ સમકિત પામે...એવું પણ બને કે આવતા ભવમાં કેવલી બનીને મોક્ષે પણ જાય પણ આ ભવે તો અસમકિતી જ કહેવાય.

**મોહનો પડદો ખસે તો અજ્ઞાનનો પડદો ખસેલો કામ લાગે...મોહનો પડદો ખસે તો અજ્ઞાનનો પડદો લાંબો ટકે નહિ. એટલે અજ્ઞાનનો પડદો ખસેડવા મહેનત પછી કરવી...પણ મોહનો પડદો ખસેડવા મહેનત પહેલા કરવી.**



# ક્રિયાયોગથી પ્રારંભ જ્ઞાન યોગથી પરાકાષ્ઠા

અધ્યાત્મિક ભિન્નભિન્નભૂમિકાએ રહેલ જીવોની ભૌતિક ઇષ્ટવસ્તુ પામ્યા પછીની મનોદશા-જુદી જુદી હોય છે.

૧) દેવગુરુની કૃપા માને, દેવ-ગુરુ તરફ વધારે ઝોકવાળો, સેવા-ઉપાસનાની ભાવનાવાળો, શ્રદ્ધાવાળો બને. મળેલ ચીજ કરતા દેવગુરુને, એમની સેવાને, એમની કૃપાને, આશિર્વાદને પ્રધાન માને, મળેલ ચીજ એમને અર્પણ કરે, એમના કહ્યા મુજબ ખર્ચે-વાપરે.

૨) મળેલ ચીજ દેવ-ગુરુ કે ધર્મને બાધક હોય તો એ ગમે તેવી સારી કિંમતી હોય તો પ્રધાનતા ન આપે એનાથી આનંદિત ન થાય, શક્ય બને તો એનો ત્યાગ કરે. એ શક્ય ન હોય તો ઉપેક્ષા-ઉદાસીનતા જેવું વલણ રાખે અને નભાવે.

પરદેશ રહેવા જવું, કાયમી રહેઠાણ કરવું ત્યાંની જીવન પદ્ધતિ અપનાવવી, કુલવિહીનને પરણી લાવવી, અનુચિત વ્યાપાર કરવા જવું, ધર્મ આરાધના રહિત સ્થળોએ વેપાર આદિ માટે જવું, ત્યાંના જેવું ધર્મરહિત જીવન જીવવું આ બધુ ધર્મરૂચિના અભાવનું સુચક છે. આ બધું કરનાર જો ભૌતિક ઇષ્ટ વસ્તુ પામે છે તો તે ઇષ્ટવસ્તુ પામ્યા બાદ પણ એ ધર્મને મહત્તા નથી આપતો, ધર્મમાં, દેવ-ગુરુ-ધર્મક્રિયામાં અને વિશેષ આનંદ નથી હોતો જેટલો ત્યાંની સુખ-સમૃદ્ધિ, જીવન વ્યવહાર-પદ્ધતિમાં મોટાઇ અને આનંદ હોય છે. એની ધર્મની રૂચિ-લાગણી નહિવત્ કે અસ્ત પામેલ હોય છે. આવા આત્માઓ અધ્યાત્મ અવસ્થા પામ્યા નથી અથવા પામીને હારી

ગયા છે. એ જીવો ધર્મના આચારોને ગૌણ સમજે છે, દેવ-ગુરૂને પણ ગૌણ સમજે છે માટે ધર્મિ આત્મા ધર્મબાધક સાંસારિક અનુકુળ સાધન સામગ્રી ન રાખે, મહત્વ ન આપે. ધર્મી આત્મા ધર્મવિરૂદ્ધ પ્રવૃત્તિ ન કરે અને જો કરે તો પ્રાય: ધીમે ધીમે ધર્મભ્રષ્ટ થાય-કાંદા-બટાકા ખાનારની જેમ પાંઉ-વાસી-કોથમીર (ફાગણ ચોમાસી પછી) ખાનારા, બજારના લોટ-નાસ્તા આદિ ચીજો વાપરનાર, જમણની રસોઇઓને પણ કેટરર્સને ઓર્ડર આપનાર, એવી રસોઇ જમનાર ધર્મથી નીચે ઉતરે છે ધર્મભ્રષ્ટ થાય છે.

૩. અનુકુળતાઓમાં જીવ ન ખેંચાય, શક્ય ત્યાગ કરે ત્યાગ ન થાય તો જીવ તેમાં ઉદાસીન બને. ધર્મી આત્મા જે અવસ્થામાં જીવતા હોય તેમાં તેમને વિશેષ પૈસા વગેરે મળે તો મોજ શોખની સામગ્રીનો વધારો ન કરે. પરંતુ ધન ગુપ્ત રાખે, સન્માર્ગે ખર્ચે, વિશેષ લોભથી વેપારમાં પણ ન જોડે. જીવન નિર્વાહ સુખે કરી શકનાર ધર્મિ ધન કે આબરૂ વધારવા અથવા મોજ શોખ વધારવા ધંધામાં વધારે ન ખેચાય જો ખેચાય. તો ધર્મની લાગણી ઓછી છે તેમ સમજાય છે.

૪) ત્યાગ ન થાય તો પણ ભૌતિક સુખ સામગ્રીનો ગુપ્ત રાખે કદાચ વ્યવહાર-વપરાશમાં હોય, પોતાને આધીન હોય તેવી ઇષ્ટ વસ્તુઓ મેળવવાથી અટકી ન શકાય ત્યાં રાગાંધ-મોહાંધ ન બને ઉદાસીનતાથી નભાવે. કાળક્ષેપ કરે. જીવનમાં અનુકુળ સામગ્રીનો ઉપયોગ-વ્યવહાર કરવા છતાં રાગ-દ્વેષ-મોહને પરવશ ન બને. જે રાગ-દ્વેષ-મોહનો નાશ ઇચ્છે તેનાથી મુક્તિને ઝંખે તે અધ્યાત્મિક હોય એને પરવશ પડનાર અધ્યાત્મનો નાશ કરે છે.

૫) સંયોગોની અનુકૂળતાવાળા ધન-ઐશ્વર્યથી યુક્ત ધર્મી આધ્યાત્મિક આત્માઓ ધર્મનું રક્ષણ કરે આ જીવનમાં આશ્રિતોમાં અને જ્યાં જ્યાં પોતાની વગ ચાલે ત્યાં ધર્મ-મર્યાદા-ગુણો વગેરેનું પણ પાલન કરે, કરાવે. સન્માર્ગે ધનશક્તિ, બુદ્ધિશક્તિ, લાગવગ, સત્તા, ઐશ્વર્ય-શક્તિ વાપરે, આરાધના વધારે. શક્તિની પ્રાપ્તિમાં-શક્તિના સદ્‌ઉપયોગમાં દેવગુરુનો ઉપકાર માને. તેમના મનમાં પ્રિય વ્યક્તિ ને વસ્તુની પ્રધાનતા ન હોતા દેવગુરુની પ્રધાનતા છે તે પણ અધ્યાત્મિક વલણના કારણે.

૬) ધન અને ખર્ચવાના અવસર કરતા પણ જેમના માટે ધનાદિનો ઉપયોગ કરવાનો છે, તે દેવ-ગુરુ-ધર્મ-સાધર્મિક વગેરેની મહત્તા વધારે સમજે છે. દાનની મહત્તા પાત્રના આધારે છે. ધનની મહત્તા ન આંકે તે પાત્રની મહત્તા કરી શકે. માટે ધર્મિઆત્માનો આનંદ-પાત્રની મહત્તામાં છે. જ્યારે સંસારી આત્માઓ વિષયો-વિષયોના સાધન રૂપ ધનને મહત્ત્વ આપે છે, એમાં આનંદ માને છે.

૭) વૈરાગી આધ્યાત્મિક આત્માઓને આત્મગુણોની પ્રાપ્તિ, દેવગુરુની ઉપાસના-સમર્પણ એ સાધ્ય છે જ્યારે તે માટેનો અવસર, વસ્તુ, શક્તિ વગેરે સાધન છે. ધર્મિ આત્માઓ સાધ્યને મહત્તા આપે છે. સંસારી આત્માઓને ધર્મની મહત્તા નથી તેથી સાધનો પણ સંસારના સાધનરૂપે મહત્વના છે.

સંસારી આત્માના સાધનોને ધર્મીઓ મહત્વ નથી આપતા. વાસ્તવમાં ગુણો, અધ્યાત્મિક શક્તિ અને એના સાધનો જ આધ્યાત્મિક આત્માને પ્રિય છે એટલે ભૌતિક વસ્તુઓ, શક્તિઓ નાશવંત અને સંસાર વૃદ્ધિના કારણ હોવાથી ઉપરની ભૂમિકાએ ચડેલા જ્ઞાનયોગી

આધ્યાત્મિકજીવોને પ્રિય નથી બની શકતા.

૮) વિશેષ વૈરાગ્યવાળા, આંતર દ્રષ્ટિની જાગૃતિ અને નિર્મળતા પામેલા જીવો સાધનાના સંયોગ કાળમાં સાધનામાં મસ્ત-તરબોળ બને છે અને સાધનોને અનુકુળ કાળ ન હોય, દેવલોક જેવા ભવ હોય કે નિકાચીત કર્મ હોય તો વૈરાગ્યમય નિર્મળ ભાવનામય અને ભૌતિક કાર્યમાં ઉદાસીનતામય કાળ પસાર કરે છે. ભૌતિક લાભમાં વિશેષ આનંદ નથી હોતો. અનુકૂળતાની સામગ્રી-સંયોગ કે વ્યક્તિ પ્રત્યે વિશેષ ઝુકાવ-ખેંચાણ કે તેની પ્રાપ્તિમાં વિશેષ પ્રસન્નતા નથી રહેતી. સંસારના પ્રત્યેક વ્યવહાર નભાવવા-સંભાળવા જેવા ઔપચારિક વર્તાવ-વ્યવહાર હોય છે. જ્ઞાનયોગી દૃઢી દ્રષ્ટિ પામેલા કે પામવા યોગ્ય જીવો આવા હોય છે. પરમાત્મા દેવલોકમાં અને છેલ્લા ભવમાં સંયમ ન લે ત્યાં સુધી આજ દ્રષ્ટિમાં, આ સ્થિતિમાં હોય છે.

સારાંશ-ભૌતિક અનુકૂળતામાં વૈરાગ્ય કેળવવો, એનો સન્માર્ગે ઉપયોગ કરવો, બને તો ભૌતિક સામગ્રીઓનો માલિકીયત સહિત સંપૂર્ણ ત્યાગ કરવો, ન બને તો કમ સે કમ પોતાના માટેનો વપરાશનો-ઉપયોગનો ત્યાગ કરવો. એની પ્રશંસા ન કરવી. એમાં આત્મા ન ઠરે તે ધ્યાન રાખવું. બીજાના હૃદયમાં પણ ધર્મની-દેવ-ગુરુની-આત્મા ગુણોની મહત્તા વસે, ભૌતિક શક્તિની મહત્તા ન વસે. તેવું આપણું વલણ-વર્તન રાખવું. આવું જીવન જીવતા વૈરાગ્યમાંથી વીતરાગતામાં, સંસારમાંથી સાધનામાં થઇ સિદ્ધિમાં જવાય છે.

# નવલું ચિંતન

પ્રશ્ન : પરમાત્મા મોટા કે ગુરુ ?

ઉત્તર : પરમાત્મા જ મોટા છે. ગુરુ તો એમની ચરણરજ સમાન છે. ભલે પરમાત્માના અભાવમાં ગુરુ પરમાત્મા તુલ્ય કહેવાતા હોય.

પ્રશ્ન : કેવળજ્ઞાન મોટું કે શ્રુતજ્ઞાન ?

ઉત્તર : કેવળજ્ઞાન જ મોટું છે, શ્રુતજ્ઞાન તો એનો અનંતમો ભાગ છે. એ ઘણું નાનું છે.

પ્રશ્ન : પરમાત્માની આજ્ઞા મોટી કે ગુરુની આજ્ઞા ?

ઉત્તર : આ અને આવા અનેક પ્રશ્નોના સમાધાન માટે મૂળથી વિચારીએ. વિશ્વમાં ઉત્પાદન ને વિતરણની વ્યવસ્થા નીચે મુજબ હોય છે.

૧. માલ ઉત્પાદક ફેકટરી.

૨. એજન્સી-ફેકટરીમાંથી માલને મુખ્ય ખરીદનારો.

૩. હોલસેલ વેપારી.

૪. રીટેલ વેપારી.

૫. માલનો ઉપયોગ કરનાર-કરાવનાર-કારીગર તથા ઘરાક આદિ...

બધીજ બાબતોમાં ઉપરના વગર નીચેના હોઇ શકતા નથી. જેમકે ૧ વગર ૨ નહીં ૨ વગર ૩ નથી, ૩ વગર ૪ નહી. અથવા પ્રથમના ૪ વગર ૫ નહી. છતાં લૌકિક બધા જ વ્યવહારોમાં પ્રથમના

૪ પરંપરાએ ઉપયોગી છે. એટલે કે પ્રથમના ૪ પાંચમાં વગર સાર્થક બની શકતા નથી. જગતના તમામ વ્યવહારમાં પાંચમાં નંબર વાળા બધાને બધી જ રીતે ઉપયોગી છે. પ્રથમના ચારનો માલ જ પાંચમાવાળા વાપરે છે. પણ વધ-ઘટ-મિશ્રણ આદિ સંસ્કારો આપીને વ્યક્તિ અનુસાર-માપ અનુસાર-કાળને અનુસાર-અવસ્થા અનુસાર એ માલમાંથી જ યોગ્ય ઘાટ ઘડીને-યોગ્ય માપ કરીને-યોગ્ય સાઇઝ બનાવીને-યોગ્ય મિશ્રણ કરીને-યોગ્ય પ્રમાણમાં ઉપયોગમાં લઇને સર્વત્ર સહાયક-ગુણકારી-ઉપયોગી બનાવે છે. માટે જગતમાં પાંચમા નંબરના વેપારી-કારીગર સર્વત્ર-સર્વને-સર્વદા સર્વ રીતે ઉપયોગી છે.

પહેલા ચાર નંબરના વેપારીને પણ પોતાના જીવન વ્યવહારમાં પાંચમા નંબરના કારીગર ઉપયોગી છે. એજ પ્રમાણે પરમાત્મા અર્થજ્ઞાન ઉત્પાદક ફેકટરી છે.

ગણધર દેવો સૂત્રની ઉત્પાદક ફેકટરીઓ છે.

અર્થની એજન્સી સમાન છે.

૩) મોટા ઊંડા વિશદ જ્ઞાનીઓ હોલ સેલ વેપારી છે.

૪) કાલક્રમે ઘટેલા જ્ઞાનના ધારક ગીતાર્થો રીટેલ વેપારી છે.

૫) આચાર્ય-પ્રવર્તક સ્થવિર-ગણાવચ્છેદક આદિ પાંચ વિશેષ અનુભવ-ગુણ-સૌભાગ્ય આદેયતા વગેરે પુણ્ય સંપન્ન, પ્રભાવક ગચ્છાધિપતિઓ સ્પર્ધક પતિઓએ પાંચમા નંબરના કારીગર-ડોક્ટર-જજ-સુથાર-લુહાર-કડીઓ વગેરેના સ્થાને છે. સૂત્રાર્થને આજ્ઞાને જીવન વ્યવહારમાં યોગ્ય રીતે-યોગ્ય પ્રમાણમાં-ઉપયોગ કરનાર-કરાવનાર ગુરુઓ, જ્ઞાન અને અનુભવથી યુક્ત બનેલા ગુરુઓના આદેશ પામેલા ગુરુઓ એ જીવન વ્યવહારમાં પ્રધાન બને છે. એટલે

કે તેમની આજ્ઞા પ્રધાન બને છે.

પ્રભુએ તીર્થ સ્થાપન બાદ તરત જ ગણધર દેવોને છદ્મસ્થનો જીવન વ્યવહાર સોંપ્યો છે. માટે એ રીતે ગુર્વાજ્ઞા પ્રભુની હાજરીમાં-હયાતીમાં પણ પ્રધાન હતી, વર્તમાનમાં મહાવિદેહ-ક્ષેત્રમાં પ્રધાન છે, પણ તે પાંચમા નંબરની. પ્રથમ નંબરના અનેકાનેક આજ્ઞાઓ રૂપી માલમાં ઘટાડો, પરસ્પર કટીંગોનું જોડાણ, ખાંચા ખુંચી નવું મિશ્રણ સીમેંટમાં રેતી-લાકડામાં મિજાગરા-ખીલી, દુધામાં પાણી-ઘી-સાકર આદિનું મીશ્રણ વગેરેની જેમ ગુરૂ કરે છે એક જદવા અનુપાન-ખોરાક-વ્યક્તિ-પરિસ્થિતિન ભેદથી અનેકરૂપે બને છે અને પરસ્પર દવાના સંયોગો પણ અપરિમિત બને છે. તે રીતે આ બધુ કાર્ય છે ગુરૂ આજ્ઞાનું. બધુ જ યોગ્યતારૂપે જિનાજ્ઞામાં રહ્યું હોવા છતાં વ્યવહારમાં વ્યક્ત પણે ગુરૂ દ્વારા તેનું પાલન કરાવાતું હોવાથી જિનાજ્ઞા મુખ્ય-મહત્વની-મોટી હોવા છતાં શાસનમાં સર્વત્ર વ્યવહાર જિનાજ્ઞા સંપન્ન-સુક્ષ્મનિપુણમતિવાળા ગુરુવર્યોની ગુર્વાજ્ઞા વ્યવહાર તરીકે સર્વત્ર-સર્વદા સર્વને પ્રધાન બને છે.



मिमांसा भावतो नित्यं, न मोहोऽस्यां यतो भवेत् ।
अतस्तत्व समावेशात्, सदैव हि हितोदय: ।। યોગદષ્ટિ.૧૬૨

આ છઠ્ઠી દ્રષ્ટિની ગાથા છે.

આ દ્રષ્ટિમાં નિત્ય વિચારણા હોવાથી, મોહ-અજ્ઞાન અને આવેશ આમાં થતો નથી. તેથી દરેક પ્રવૃત્તિ-વૃત્તિમાં તત્વયુક્તતા સમાવેશ હોવાથી હંમેશા આ દ્રષ્ટિમાં હિતોદય હોય છે.

આમાં છઠ્ઠી દ્રષ્ટિ નિત્યમિમાંસાવાળી બતાવી છે, એટલે નિત્ય સમ્યક્ વિચારણાવાળા આત્મા આ દ્રષ્ટિને યોગ્ય બને છે. માટે દરેક કાર્ય વાણી-વિચારણા મિમાંસાવાળી-તાત્વિક કરવા પ્રયત્ન કરશે.

આ વિચારણા કરનારને મોહોદય નથી થતો. આવેશ-અવિવેક અને અજ્ઞાન ત્રણે નાશ પામે છે, નાશ પામેલા જેવા હોય છે.

અને એથી એનો વૈરાગ્યથી-ગુણોથી-સમતાથી-સ્વસ્થતાથી-પ્રતિપક્ષી પણ નથી હોતો અતિચાર પણ નથી, અતિક્રમ વગેરે પણ નથી.

વિચારણા દ્વારા મોહ નાશ પામવાથી અને તત્ત્વયુક્ત થવાથી દરેક કાર્ય લાભકારી થાય છે.

પાંચમી દ્રષ્ટિ પછી આ વિચારણા કાયમી હોય છે. તેથી મોહરહિત અને હિતોદયના કારણભૂત-તત્ત્વયુક્ત હોય છે.

પ્રથમ ચાર દ્રષ્ટિમાં મિમાંસા આંશિક-ક્વચીત હોય, તેથી મોહ મંદ પણ હોય અને ક્યારેક આવેગવાળો પણ હોય, તત્ત્વ સભરતા હોય અને ક્યારેક આવેશ-ઉતાવળ-સંભ્રમમાં તત્વ સભરતા ન પણ હોય.

જાગ્રત સાવધાનીમાં હિતોદય હોય અને ક્યારેક પ્રતિપાત પણ હોય. અતત્વ સમાવેશ થાય ત્યારે પ્રથમ ચાર દ્રષ્ટિ પ્રતિપાતની યોગ્યતાવાળી છે, પણ પ્રતિપાત થાય જ તેવું નથી.

**પ્રતિપાત બે રીતે થાય છે. નિકાચિત કર્મોથી અને જાગૃતિના અભાવમાં પ્રમાદ અને અતિચારોથી.**

બન્ને રીતે પ્રથમ ચાર દ્રષ્ટિમાંથી પ્રતિપાત થઇ શકે છે અને પ્રતિપાત ન થાય તેવું પણ બને.

પાંચમી દ્રષ્ટિમાં નિકાચીત મિથ્યાત્વ હોતું નથી, સત્તામાં અપૂર્વકરણ સમકિત પ્રાપ્તિ પૂર્વે કરે છે. તેના અંતે નિકાચના મિથ્યાત્વ મોહનીયમાંથી સંપૂર્ણ સત્તામાંથી નષ્ટ થાય છે. એટલે કર્મોદય જન્ય પ્રતિપાત નથી. પણ મિમાંસાની તીવ્રતા ન હોય. બીજા પ્રમાદોના કારણે અનિકાચીત કર્મોદયથી પણ પ્રતિપાત થાય છે, માટે જાગ્રત અવસ્થામાં પ્રતિપાતનો ભય પણ હોય છે. છઠ્ઠી દ્રષ્ટિમાં સત્વ-જાગૃતિ મિમાંસાની તીવ્રતા થવાથી પ્રતિપાત થવાની શક્યતા જ નથી અને પ્રતિપાતનો ભય પણ નથી.

જેમ દરેક વાતમાં તીવ્રતા ન પામેલાને ભૂલ થવાનો, ઠગાવાનો ભય હોય છે, પણ આવડત-જાગૃતિ-દ્દષ્ટિ તીવ્ર થયેલાને ઠગાવાનું પણ નથી અને ભય પણ નથી હોતો. બેદરકારી ન હોવાથી સતત કાળજી હોવાથી.

૬-૭-૮મી દ્રષ્ટિ અપ્રતિપાતી અને નિરતિચાર છે. આ વાત ક્ષયોપશમિક ગુણોની અપેક્ષાએ છે. ૮મી દ્રષ્ટિ મોહનીય ક્ષયોપશમની કે વિશિષ્ટ મંદતાની અપેક્ષાએ છે. ૮મી ક્ષાયિક અથવા ક્ષાયિકભાવની આસન્નતાવાળાને હોય છે. ઉપશમવાળાને પાંચ દ્રષ્ટિ હોય છે.

કાલપૂર્ણાહૂતિથી સંકલેશજન્ય પ્રતિપાત હોય છે.

છઠ્ઠી દ્રષ્ટિ ઓપચારિક કહીએ તો વાત જુદી, બાકી વાસ્તવમાં જણાતી નથી અથવા ઉપશમભાવ અલ્પકાલીન હોવાથી અને પ્રતિપાત યુક્ત હોવાથી આ દ્રષ્ટિઓનો સમાવેશ ન કરવો. ક્ષાયોપશમિક ગુણો પ્રથમની ચાર દ્રષ્ટિ જેવા જે છે તે કર્મોદયથી એટલે નિકાચીત કર્મોથી જે પ્રતિપાતી હોય તે સમજવા. અને નિકાચીત કર્મો ન હોય છતાં જે પ્રમાદ-અનાદર વગેરેથી પ્રતિપાતી થાય તે પાંચમી દ્રષ્ટિ જેવા સમજવા. અને વ્યક્તિ જે ગુણો માટે સદા મીમાંસાપર છે, જાગ્રત છે, સાવધાન છે, તેના કર્મ અંતરાય નાશ પામે છે. તે, તે-તે ગુણ માટે સદા તત્વયુક્ત-કાળજી યુક્ત-પુરુષાર્થ યુક્ત હોય છે અને નિર્મળતા તે તે ગુણની વધતી જાય છે. આ હિતોદય છે. આવા આત્માઓ તે-તે ગુણની અપેક્ષાએ છઠ્ઠી દ્રષ્ટિ જેવા છે અથવા થાય છે અને નિરતિચાર અને અપ્રતિપાતી બને છે અથવા હોય છે. આમ વિચારતા જણાય છે. ૬-૭ દ્રષ્ટિવાળા અપ્રતિપાતી અને અતિચાર રહિત હોય તો શું તેઓ તદ્‌ભવ મોક્ષગામી હોય કે ભવાંતર મોક્ષગામી હોય ? એ વાતનો વિચાર કરીએ. તો બન્ને રીતે મોક્ષ સંભવે છે અને જે તદ્‌ભવ મોક્ષે જવાના છે એને પડવાનો સંભવ નથી. જે ભવાંતરે મોક્ષે જાય છે તેને પણ પ્રમાદજન્ય પ્રતિપાત નથી, ઉપશાંત મોહી આયુષ્ય ક્ષય વિના જ પડે છે તે અદ્ધા (કાળ) ક્ષયથી પડે છે, વિશેષ આભોગ સંક્લેશ તેમાં કારણ નથી. જે અનેક ભવો રખડે તેવા ચૌદપૂર્વધરો વગેરે પાંચમી દ્રષ્ટિમાં જાણવા. બીજી રીતે વિચાર કરીએ તો જ્યાં સુધી મિમાંસા છે, તત્વ સમાવેશ છે ત્યાં સુધી અતિચાર નથી, પ્રતિપાત નથી. મિમાંસા અને તત્વ સમાવેશ ગૌણ થાય-જાય ત્યારે છઠ્ઠીવાળા પાંચમીમાં આવે અને અતિચાર થાય, પ્રમાદ પણ થાય, પ્રતિપાત પણ

થાય. તેથી ૬-૭મી દ્રષ્ટિ પણ અપ્રમાદથી અપ્રતિપાતી છે, પ્રમાદથી પ્રતિપાતી છે. જેવી રીતે સાતમું ગુણસ્થાનક પ્રતિપાતી છે. પ્રમાદની ભૂમિકા આવે એટલે પડે પછી પ્રમાદ આવે. સાતમે અતિચાર ન હોય. આ રીતે ૬-૭ દ્રષ્ટિ સ્વરૂપથી અપ્રતિપાતી અને અતિચાર રહિત છે. પણ નીચે ઉતરી શકાય છે પ્રમાદ વગેરેને કારણે. માટે ભવિષ્યમાં પ્રતિપ્રાતી અને અતિચારવાળા પણ થાય છે. આ વાત દ્રષ્ટિના કાળમાં ન સમજવી.

આઠમી દ્રષ્ટિ ક્ષપકશ્રેણી અને ૧૩ મે ગુણસ્થાનકે હોય છે. ત્યાં **निराचारपदो ह्यस्यामतिचारवर्जितः** । ૧૭૯ ગાથામાં આચારપદ રહિત બતાવેલ છે માટે અતિચાર રહિત બતાવેલ છે. તો શું આચારસંપન્નતા આઠમી દ્રષ્ટિમાં નથી હોતી ? આઠમી દ્રષ્ટિમાં આચારજન્ય કર્મનો જય કરવાનો નથી, તેથી કાર્યકારણભાવરૂપે આચાર નથી. પરંતુ સ્વભાવરૂપે અને અનાચાર પ્રેરક-કારક કર્મો ન હોવાથી સ્વભાવરૂપ આચાર આઠમી દ્રષ્ટિમાં હોય છે અને અતિચારકારક કર્મો મોહનીય-અજ્ઞાન વગેરે ન હોવાથી અતિચાર પણ નથી. અહીં કર્મ નથી માટે અતિચાર નથી અને ૬-૭મી દ્રષ્ટિમાં મિમાંસા હોવાથી-જાગૃતિ હોવાથી અતિચાર નથી. આઠમી દ્રષ્ટિથી ક્યારે પણ ઉતરવાનું કે ભવાંતર કરવાનો નથી. આમ વિચારતા જણાય છે.



અનંતજ્ઞાની પરમાત્મા અને પરમાત્માનું શાસન બન્ને આપણી સમક્ષ છે. આપણને મળ્યા છે. પરંતુ બન્નેમાં મહાન-પ્રધાન કોણ ? પરમાત્મા પ્રધાન કહેવાય. જેમ વ્યવહારમાં રાજ્ય મુખ્ય કહેવાય, પણ રાજ્યના દરેક લોકો-અંગો કરતાં રાજાની મુખ્યતા વધારે કહેવાય. કારણ કે સત્ત્વશાળી-બુદ્ધિશાળી રાજા રાજ્યની રચના કરે છે, પ્રજાનું રક્ષણ કરે છે. શાસન સ્થાપે કોણ ? જગતના તમામ સત્ત્વ-બુદ્ધિ-પુણ્ય કરતાં જેનામાં વધારે સત્ત્વ-બુદ્ધિ-પુણ્ય હોય તે શાસન સ્થાપે. વ્યવહારની દ્રષ્ટિએ ચક્રવર્તિ ગમે તેટલો ઊંચો પુણ્યવાન લેખાતો હોય તો પણ ચક્રવર્તીની સેવા ૬૪ ઈન્દ્રોમાંથી એક પણ ઇન્દ્ર કરતા નથી, ચક્રવર્તીની માતાને દેખાયેલા ૧૪ સ્વપ્નો પણ ઝાંખા હોય છે. તેનું કારણ મનુષ્યલોકમાં પરમાત્મા સિવાય કોઇપણ મનુષ્ય સર્વસમૃદ્ધ અને સર્વોત્તમ, શ્રેષ્ઠ બની શકે તેમ નથી. ચક્રવર્તિ પણ ભગવાન-ગણધરો અને લબ્ધિધારીઓ કરતાં ઘણા-ઘણા નીચા હોય છે. ભગવાનનું બળ કોઇનાથીય ન હારે. ઇન્દ્રો ભગવાનના સેવક છે એનું કારણ ભગવાન સર્વગુણસંપન્ન અને સર્વપુણ્યસંપન્ન છે. માટે ભગવાન જેવું રૂપ બધા ઇન્દ્રો ભેગા થઇને પણ બનાવી શકતા નથી.

અરિહંતપદની ઉપાસના કરવી છે તે અરિહંત કેવા છે ? અદ્વિતીયગુણવાળા, અદ્વિતીયપુણ્યવાળા અને અદ્વિતીયસામર્થ્યવાળા છે. આપણા ભગવાન જેવા ભગવાન આ જગતમાં ક્યાંય થતાં નથી. ભગવાનના શાસનની આરાધના કરે એને જ ભગવાન બનવા મળે. પૂર્વભવમાં કોની ઉપાસના કરીએ તો ભગવાન થવાય ? લોક વ્યવહાર

એવો છે કે વીશસ્થાનકની ઉપાસના કરીએ તો ભગવાન થવાય. કારણ વીશસ્થાનકમાં શાસનનું બધુ જ આવી જાય છે. **વીશસ્થાનકની આરાધના એટલે શાસન પ્રત્યેની લાગણી ઊભી કરવી. જેના હૃદયમાં શાસન પ્રત્યેની લાગણી અસાધારણ, અવિહડ હોય તેને ભગવાનના શાસનના દરેક અંગોમાં લાગણી અદ્વિતીય-અનુપમ હોય અને એને જ ભગવાન થવા મળે.** ધર્મની મમતા જેના હૃદયમાં વધારે એને પુણ્ય વધારે મળે. ભગવાન પૂર્વભવની અંદર શાસન ઉપર અવિહડ રાગવાળા હતા, સંસારમાંથી નિસ્તાર કરનાર શાસન છે, આ સંસારમાં આલંબન રૂપ શાસન છે, દુ:ખમાં સમાધિ આપનાર ધર્મ છે તેથી જેના હૃદયમાં ધર્મ પ્રત્યેની લાગણી અદ્વિતિય-અપ્રતિમ છે, તેને ધર્મ મળે. શાસન મળે. આવો આત્મા સમજે તો એને તીર્થંકર નામકર્મ નિકાચિત થાય. જેમ જેમ આપણી લાગણી ઉચ્ચ બને તેમ તેમ પુણ્ય વધારે બંધાય.

અરિહંત પરમાત્મા ગર્ભમાં આવે ત્યારથી માંડીને પરમાત્માને કેવળજ્ઞાન થાય ત્યાં સુધી ઇન્દ્રો-દેવતાઓ સ્તવના-સ્તુતિ કરે છે. આ જગતમાં અરિહંત સિવાય કોઇનું લોહી દુધ જેવું હોઇ શકે નહિ. પરમાત્માનો શ્વાસોશ્વાસ કમળ જેવો સુગંધિત છે. આ શરીરમાં જે કાંઇ નિર્માણ થાય છે તે પુણ્ય-પાપના કારણે. દેવતાઓનું પણ શરીર ન હોય એવું શરીર અરિહંત પરમાત્માનું હોય છે. ભગવાનની સેવામાં ઇન્દ્રો અને દેવતાઓ હાજર હોય છે. ભગવાનને રોગ ન થાય. ભગવાન ગર્ભમાં આવે ત્યારથી વાતાવરણમાંથી રોગો નાશ પામે. ભગવાન જન્મે ત્યારથી નિર્વાણ પામે ત્યાં સુધી અને નિર્વાણ પામ્યા પછી તેમના રાખ-હાડકા-અને દાઢાઓ પણ શરીરના રોગો- માનસિક પીડા અને સંકલેશોને શાંત કરે છે. દેવલોકમાં દેવો ભગવાનની

દાઢાઓ કાયમ રાખે છે અને બે ઇન્દ્રો વચ્ચે જ્યારે કલેશ થાય ત્યારે એ ભગવાનની દાઢાઓના ન્હવણજળ છાંટવાથી રોગ-શોક-કલેશને શાંત કરે છે. મેરુપર્વત ઉપર અભિષેક ફક્ત પરમાત્માઓનો જ થાય. ઇન્દ્રોનો પણ મેરુપર્વત ઉપર અભિષેક થતો નથી. આટલો મોટો અભિષેક કોના પ્રભાવે ? પુણ્યના પ્રભાવે.

પ્રભુ વીરના જન્માભિષેક વખતે વિરાટ કલશાઓ અને પરમાત્માનાની કાયા જોઇ ઇન્દ્રને શંકા પડે છે. શંકા પડે એ સારુ કહેવાય કે ખોટું ? શંકા પડે એ ખોટું કહેવાય, મહાપુરુષોનું કાર્ય છે કે શંકાનું સમાધાન કરવું પણ કોઇને પીડા ન આપવી. પરમાત્માનું કર્તવ્ય હોય છે કે કોઇ ભૂલે ત્યારે યોગ્ય હોય એને બળ બતાવીને પણ એને સુધારવાનો પ્રયત્ન કરે.

મેરુપર્વતને અંગુઠો દબાવવાથી તે કંપાયમાન થયો એ પ્રભુની સંકલ્પશક્તિ. જે સંકલ્પ કરે તે સિદ્ધ થાય. બધા જ તીર્થંકરોમાં એવી શક્તિ હોય છે. કોઇપણ તીર્થંકર ઇન્દ્રોથી પણ હારે નહિ. ચ્યવન કલ્યાણકથી પરમાત્મા-**પરમઇષ્ટ** બને છે. પરમાત્મા તરીકે ઓળખ પ્રસિદ્ધિ થાય છે. જગતમાં પરમ સૌભાગ્યશાલી બને છે. પરમાત્મા સિવાય કોઇને આવું પરમ સૌભાગ્ય મળતું નથી. પરમાત્મા ગુણો અને પુણ્યની વિશિષ્ટતાથી ચ્યવનથી નિર્વાણ સુધી સર્વજીવોને પરમઇષ્ટ બને છે. તેથી ઇન્દ્રોના આસન ચલાયમાન થાય છે. ઇન્દ્ર સ્તવના ''નમુત્થુણં''થી કરે છે. માતા અત્યંત દેદિપ્યમાન ૧૪ સ્વપ્નો જુવે છે, ત્રણે લોકમાં પ્રકાશ થાય છે, નગરમાં રોગ ઉપદ્રવ વગેરે દૂર થાય છે અને નવા થતા નથી આવા પ્રચંડ પુણ્યના કારણે ચ્યવન કલ્યાણકમાં **પરમેષ્ઠિને નમઃ** પરમેષ્ઠિ-પદથી પ્રભુનું સ્મરણ થાય

છે. આ પરમ આદર-પ્રેમ-પાત્રપણું નિર્વાણ સુધી રહે છે. જીવ વ્યવહારમાં શરીરથી ઓળખાય છે અને શરીરની શરૂઆત ચ્યવનથી થાય છે અને શરીરની પૂર્ણાહૂતિ નિર્વાણ બાદ અગ્નિ સંસ્કારથી છે. પુણ્યનો ઉદય પણ એ અપેક્ષાએ ચ્યવનથી નિર્વાણ સુધી છે તેથી નિર્વાણ સુધી પરમ ઇષ્ટતાનો વ્યવહાર છે. પછી અરિહંતના બદલે સિદ્ધ પણાનો વ્યવહાર થાય છે. પરમાત્મા જ્યાં સુધી ગર્ભમાં છે ત્યાં સુધી પૂજા કરવા દેવો પૂજાની તીવ્ર ઇચ્છા હોવા છતા પૂજા કરી શકતા નથી. કારણ કે જન્મ પહેલા પૂજાને યોગ્ય શરીર લોક વ્યવહારમાં નથી. માટે અર્હતે જાપ જન્મથી થાય છે જન્મ પૂર્વે યોગ્યતા બધી જ છે પણ શરીર બહાર પ્રગટ નથી માટે એ જાપ થતા નથી. જન્મ પામતા તરતમાં દિક્કુમારીકાઓ પરમાત્માનું સૂતિકાર્ય કરે છે પૂજા કરે છે. આ ૫૬ દિકકુમારીઓથી પ્રભુ જ પૂજાય છે જગતમાં કોઇનું આ રીતે જન્મ કાર્ય થતું નથી. તે પછી ૬૪ ઇન્દ્રો અને કરોડો દેવતાઓ જન્મ કાર્ય કરે છે. તેવું જન્મ અભિષેકનું કાર્ય પરમાત્મા સિવાય કોઇનું થતું નથી. જન્મથી પરમાત્માના શરીરના બધા જ ગુણો, રૂપ, બલ, લાવણ્ય, શક્તિ, કાંતિ, બુદ્ધિ, ઓજસ વગેરે બીજા તમામ કરતા અત્યંત ચઢીયાતા હોય છે. દેવો પણ જેની હોડ કરી શકતા નથી. આવા ફક્ત પરમાત્મા જ પુણ્યશાળી છે માટે જગતના તમામ જીવોથી પરમાત્મા પૂજ્ય બન્યા છે. તેથી જન્મ કલ્યાણકમાં **અર્હતે નમઃ** નો જાપ કરાય છે. આ પૂજ્યપણું પણ જન્મથી નિર્વાણ સુધી રહે છે. પ્રભુએ ચરણ-સ્પર્શથી સંકલ્પથી મેરુપર્વત કંપાવ્યો જે રોકવા ઇન્દ્ર પણ સમર્થ નથી. પ્રભુ આવું કાર્ય બળ બતાવવા ક્યારે પણ કરે નહિ. ફક્ત ઇન્દ્રને જે શંકા થઇ તે શંકાના નિરાકરણ માટે, ઇન્દ્રને અનંત તીર્થંકર દેવોની આશાતનાથી બચાવવા

આ કાર્ય પ્રભુએ કર્યું. અનંત કાળે કયારેક આવું કાર્ય થાય. પ્રભુ જન્મ પછી સ્તનપાન કરતા નથી એમને કરવું પડતું નથી. ઇન્દ્ર અંગુઠામાં અમૃત સિંચન કરે છે. જગતમાં પરમાત્મા સિવાયના કોઇના અંગુઠામાં દેવો અમૃત રાખતા નથી. કોઇ પણ કાર્યમાં, બળમાં, રૂપમાં, વ્યવહારમાં પ્રભુ દેવો અને ઇન્દ્રોથી ઉતરતા નથી, પણ અત્યંત ચડીયાતા છે. માટે પણ ઇન્દ્રો પ્રભુની ચરણકિંકરની જેમ સેવા કરે છે. પ્રભુના આત્મગુણો અને પુણ્યોની પ્રબળતાથી અને પરમાત્માના આત્મગુણોની તીવ્ર ઇચ્છાથી દેવો અત્યંત આદર-ભક્તિ ભાવથી સેવા કરે છે. પ્રભુના જે કાર્યમાં સંસારી જીવો અનૌચિત્ય કરે જ્યાં વ્યવહારિક આડંબર રૂપે જરૂર હોય ત્યાં દેવો અવશ્ય હાજર થાય છે ભગવાન મહાવીર સ્વામિના પાઠશાળાના પ્રસંગમાં ઇન્દ્રનું આસન કંપાયમાન થયું અને આવ્યા. ઋષભદેવ પ્રભુમાં વંશ સ્થાપન-રાજ્ય સ્થાપન અને લગ્ન પ્રસંગમાં ઇન્દ્રોએ કાર્યો કર્યા. અયોધ્યા નગરી પણ બનાવી. બાકીના ભગવાનમાં લેખશાળામાં નથી લઇ જ વાતા. લગ્ન અને રાજ્ય સ્થાપન માણસો ઉલ્લાસથી કરે છે. ત્યાં ઇન્દ્રો આવતા નથી. વૈરાગીના લગ્ન પણ દેવોને ઉજવવાના હોતા નથી. પરમાત્મા મનુષ્ય છે અને એમની અંજન શલાકાના પ્રસંગમાં રાજ્ય અને લગ્ન પ્રસંગમાં જે સંઘ ઉજવે છે તે કર્તવ્ય રૂપે અને પોતાના ભોગ કર્મોના નાશ માટે, વાસનાના નાશ માટે ઉજવાય છે. જે પરમાત્માને નિકાચીત કર્મ હોય તે પોતાના કર્મના નાશ માટે આ પ્રવૃત્તિ સ્વીકારે છે, કરે છે. પરમાત્મા ક્યારેક પાર્શ્વનાથ પ્રભુની જેમ, નેમિનાથ પ્રભુની જેમ યુદ્ધમાં જવું પડે તો પણ ઇન્દ્રો માતલી સારથીને મોકલે જેથી પ્રભુને બાહ્યથી સર્વ રીતે પૂર્ણ સહાયક બને. જો કે પ્રભુ સ્વયં પોતાની સંકલ્પ શક્તિથી સંપન્ન છે છતાં સ્વામિને એ રીતે

શક્તિનો ઉપયોગ ન કરવો પડે માટે સેવક દેવો આ રીતે સહાયક થવા આવે છે આ પણ એક પૂજાનો પ્રકાર છે. ભરત મહારાજાને ૧૨ વર્ષ બાહુબલી સાથે લડવું પડ્યું. ભગવાનને ક્યાંય કશે ખોટી નથી થવું પડતું. આમ દીક્ષા સુધી પ્રભુને દેવો પ્રભુના બધા કાર્ય તત્કાલ સિદ્ધ કરે છે આ પ્રભુની પૂજા છે.

જ્યારે પ્રભુ દીક્ષા લે ત્યારે નાથ બને છે. ચ્યવનથી પ્રભુ નાથ છે નમુત્થુણંમાં ઇન્દ્રો નાથ તરીકે સ્તવના કરે છે અને પ્રભુ અંતત: વૈરાગ્યમય હોવાથી બાહ્ય-આંતર સ્વ-પરના નાથ-રક્ષક છે, રક્ષક જેવા છે છતાં ગૃહસ્થપણું વિષયયુક્તપણું એ આત્માનું રક્ષકપણું વ્યવહારથી પણ નથી માટે પ્રભુને પણ સંયમ સ્વીકારે ત્યારથી **નાથાય નમ:** એમ પ્રભુને નાથપણાનું સંબોધન છે. ભાવ સંયમ એ નાથપણું છે વ્યવહારમાં ભાવ સહિત દ્રવ્ય સંયમ પ્રાપ્ત થતા વ્યવહારથી નાથ-પણાનો વ્યવહાર થાય છે. પ્રભુને ભાવ અને દ્રવ્ય બન્ને સંયમ સાથે આવે છે એટલે પ્રભુ નાથ બને છે. અહિં પણ પૂર્વની ઇષ્ટ-અર્હ બન્ને વાતો પણ છે. આ ત્રીજી વિશેષતા, જે નાથ થાય તે ઇષ્ટ અને પૂજ્ય હોય. પરમાત્મા પ્રકૃષ્ટ નાથ છે. તેથી તેમનામાં ઇષ્ટતા અને પૂજ્યતા પ્રકૃષ્ટ હોય. આ પ્રભુની નાથતા, સંયમ યુક્તતા નિર્વાણ સુધી છે. પછી દ્રવ્યસંયમ નથી, ભાવસંયમ સાહજીક સ્વભાવ રૂપ છે. પરમાત્મા નાથ બન્યા=ભાવસંયમ યુક્ત બન્યા તેમ સાથે દ્રવ્ય સંયમ યુક્ત બન્યા. ત્યારથી દેવોએ પ્રભુના દ્રવ્ય સંયમને બાધીત પૂજાઓ છોડી દીધી-સમવસરણ-સિંહાસન-ભામંડળ-ચામર-સુવર્ણ કમળ વગેરે બધું હોવા છતાં હાર-મુગટ-વસ્ત્રો-વિલેપન-પુષ્પમાળા વગેરે કશું કરતા નથી. નાથ પણું વંદન યોગ્ય છે, શરણ યોગ્ય છે, બાહ્ય ગૌરવનાથ પ્રશંસા-સ્તવના-પૂજા કરવા રૂપ છે. નાથપણામાં અંગ પૂજા રૂપ ગૌરવ ન

કરાય. છદ્મસ્થપણામાં રહેલ સંયમમાં રહેલા પરમાત્મા પરમાત્માની મૂર્તિ કરતા પણ પ્રથમ ઉપાસ્ય છે એ ભાવ **ત્રિષષ્ટિ**માં બતાવ્યો છે ત્યાં દ્રવ્ય-પૂજા છોડીને પ્રદક્ષિણા-વંદન વગેરે ગૌરવ કર્યું. પરમાત્મા છદ્મસ્થ અવસ્થામાં ઉપસર્ગો વગેરે આવે તો તે નિરાકરણ કરવા સમર્થ હોવા છતાં નિરાકરણ કરતા નથી. શાંતિથી-ધૈર્યથી સહન કરે છે.

એ પછી પ્રભુને કેવળજ્ઞાન થાય ત્યારે **સર્વજ્ઞાય નમઃ** આ રીતે ઉપાસના કરાય છે સર્વજ્ઞપણામાં અનેક અતિશયો થાય છે પણ સર્વજ્ઞપણું એ મુખ્ય આત્મગુણ છે. શાસન સ્થાપન માટેનું મુખ્ય કારણ છે. આ સર્વજ્ઞપણું પણ આત્મામાં શાશ્વત રહે છે તેથી નિર્વાણ સુધી એ વિશેષણ પણ સંગત છે.

**પ્રશ્ન** : બીજા કેવળજ્ઞાનીઓ કરતાં સર્વજ્ઞ પ્રભુના કેવળજ્ઞાનમાં શું વિશેષતા છે ?

**ઉત્તર** : કેવળજ્ઞાનમાં કોઇ વિશેષતા નથી પણ અનેક વિશિષ્ટ પુણ્ય-યુક્ત પ્રભુ હોવાથી અનેક અતિશયયુક્તતાના કારણે તીર્થ સ્થાપન, અનેક જીવોનું આવવું, વાણીના અતિશયથી પોત-પોતાની ભાષામાં સમજવું. વગેરે થવાથી કેવળજ્ઞાનની પરોપકારમાં વિશેષ સાર્થકતા છે આ કેવળજ્ઞાન નિર્વાણ સુધી હોય છે પછી પણ છે. તે પછી નિર્વાણ વખતે પ્રભુ પારંગત થાય છે તેથી **પારંગતાય** નમઃ બોલાય છે.

પ્રભુ સંસારનો પાર પામ્યા, મોક્ષે ગયા. આ પારંગતપણું શાશ્વત છે. કેવળજ્ઞાનપણું પણ શાશ્વત છે, નાથપણું=ભાવ સંયમ પણું આત્મ રમણપણું કાયમ છે, સર્વગુણ સંપન્નપણું હોવાથી પૂજ્યપણું પણ કાયમ છે અને પરમ ઇષ્ટપણું પણ કાયમી છે છતાં આ બધો વ્યવહાર થતો નથી, આપેક્ષિક થાય છે તેથી આ પાંચે નિર્વાણ સુધી

સમજવા. અથવા નવું વિશેષણ આવે જુનું વિશેષણ ગૌણ સમજવું- તેથી ઉત્તર અવસ્થાનું વર્ણન કરાય છે. પુર્વ ગૌણ બને છે. પરમાત્માની ઉપાસના-ભક્તિ-આદર-જાપ-સ્મૃતિ એ પરમાત્માની આજ્ઞા પાલન માટે જીવને યોગ્ય બનાવી મોક્ષ સુધી પહોંચાડે છે માટે વૈરાગ્ય ન હોય, આચાર પાલનનો ઉલ્લાસ-શક્તિ ન હોય તેઓ વૈરાગ્ય-આચારની ઇચ્છા-ઝંખના રાખીને એ માટે પરમાત્મ ભક્તિ કરશે-આદર-જાપ-ધ્યાન કરશે તો પુણ્ય દ્વારા કર્મના ક્ષયોપશમ દ્વારા પણ પરમાત્માની આજ્ઞા આરાધવા યોગ્ય બનશે-વિચરતા ભગવાન પણ પ્રાપ્ત થશે. અને જીવ આરાધના દ્વારા મોક્ષે પહોંચશે. માટે કલ્યાણકોની ઉપાસના કરવા પ્રયત્ન કરવો. તપ થાય તો તપ પુર્વક જપ કરવો, તપ ન થાય તો બાકી બધી રીતે કલ્યાણકની ઉપાસના કરવી.



''સમયં ગોયમ મા પમાયએ''

તેનો અર્થ જ એ થાય છે કે એકેય ક્રિયામાં અનુપયોગ ન જોઈએ અનુપયોગ એટલે જ પ્રમાદ. દરેક ક્રિયામાં ઉપયોગ હોવો જ જોઈએ.

વિષય-કષાય અસાર છે આ વિચાર એ પાયો છે. એના વિના બનાવેલી ઈમારત (સંયમરૂપી) ટકી શકે નહીં.

મોક્ષે જવાની ગતિ વૈરાગ્ય વગર આવતી નથી, વેગ પકડતી નથી.

---

મંત્રજાપ કરવાથી જેમ સિદ્ધિ થાય છે તેમ તે મંત્રના રચયિતાના નામસ્મરણથી પણ મંત્રજાપની સિદ્ધિ થાય છે સંતિકરં ઉવસગ્ગહરંના જાપથી તો સિદ્ધિ થાય છે જ, પણ તેના રચયિતા મુનિસુંદરસૂરિ મહારાજા, ભદ્રબાહુસ્વામીનો જાપ કરવાથી પણ મંત્રજાપ સિદ્ધ થઈ શકે છે.

## પ.પૂ.ગચ્છાધિપતિ આ. શ્રી વિજયજયઘોષ સૂ.મ.નો
## સાહિત્ય વૈભવ

- ભાવનાનું ઉદ્યાન (ત્રીજી આવૃત્તિ) ........................ ૩૦.૦૦
- ચલો શાંતિ કે ઉપવનમેં (હિંદી) ........................ ૩૦.૦૦
- ચિત્ત સૌંદર્ય (બીજી આવૃત્તિ) ........................ ૮.૦૦
- દર્શનસુધા (બીજી આવૃત્તિ) ........................ ૨૮.૦૦
- કર્મકલંક કુ દૂર નિવારો ........................ ૧૧.૦૦
- પંચસૂત્ર સ્વાધ્યાય ........................ ૧૦.૦૦
- ચિંતન ચંદરવો (બીજી આવૃત્તિ) ........................ ૧૬.૦૦
- વહે મીઠી વાણી (ત્રીજી આવૃત્તિ) ........................ ૧૬.૦૦
- હીરો એક પાસા અનેક ........................ ૩૦.૦૦
- ગુરૂવંદન પચ્ચક્ખાણ ભાષ્યના રહસ્યો (ત્રીજી આવૃત્તિ) . ૨૫.૦૦
- એક ઉડ્ડયન મુક્તિ ભણી (બીજી આવૃત્તિ) ........................ ૧૬.૦૦
- પાને પાને વસંત ........................ ૨૦.૦૦
- અમૃતવાણી લો પીછાણી ........................ ૧૬.૦૦
- સાધનાથી સિદ્ધિ ભણી ........................ ૨૫.૦૦
- શ્રાવકજન તો તેને કહીએ ........................ ૧૨.૦૦
- વાચના વહેણ ........................ ૨૫.૦૦
- આગમ દરિયો રત્ને ભરિયો ........................ ૪૦.૦૦
- ગીતાર્થની વાણી અનુભવની ખાણી ........................ ૧૬.૦૦
- ચિંતન યાત્રાથી ચેતન યાત્રા ........................ ૩૦.૦૦
- ભીના હૈયાનો લીલો વૈભવ ........................ ૨૮.૦૦
- સફર : માનવથી મહામાનવની ........................ ૩૦.૦૦
- આતમ રૂપાળા ખેલ નિરાળા ........................ ૩૦.૦૦
- મનના સંશય ભાંજ્યા રે ........................ ૩૦.૦૦
- પાલવે બાંધ્યા રતન ........................ ૩૦.૦૦



RAJUL © 2514 9863, 2511 0056